વાર્તા માળા :—માળા ૧૨ મી.

ચાર વાર્તાઓ.

લખનાર:

માણેકજી એદલજી વાછા

તે 'માળી મહાની ચાને ૧૮૫૭ નો બળવો', 'ગોલ્ડન સ્ટાર', 'શીવાજી', 'પાંડુરંગ હરી', ફ્રેન્ડ ઓવ માટે ફીરતો', 'ગુજરાતી સાઇક્લોપીડયા' (ના એક), 'ઇન્ડીયન નાઇટ્સ', 'એદલકાકા', 'બાપુ બ્રાહ્મણ', 'ચાપુન', 'ચરમાલ સપત', 'રાખીનારા', મગરૂર મરીયા', 'સોરાબશાની સોરટી', વગેરેના કર્તા.

મુમ્બઇ:

શ્રી રીપન પ્રીંટીંગ પ્રેસ કંપની, લીમીટેડ.

કીંમત ૬ આના.

☞ વાર્તા માળા :—માળા ૧૨ મી.

ચાર વાર્તાઓ.

લખનાર:

માણેકજી એદલજી વાછા

તે 'માળી મહારી પાને ૧૮૫૭ નો બળવો', 'ગોલ્ડન રૂલ', 'શીવાજી', 'પાંડુરંગ હરી', કાઉન્ટ ઓવ મોંટે ક્રીસ્તો', 'ગુજરાતી સાઇક્લોપીડયા' (ના એક), 'ઇન્ડીયન નાઇટ્સ', 'એદલકાકા', 'બાપુ બ્રાહ્મણ', 'રાપુર', 'શરમાલ સપલ', 'રોખીનારા', મગરૂર મેરીયા', 'સોરાબશાની સોરટી', વગેરેના કર્તા.

મુમ્બઇ:

ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કંપની, લીમીટેડ.

કીંમત ૬ આના.

૫૬૮૯



ફકીર પોતાની બેટીને સમજાવતો બેઠો. (પાનું ૧૭ મું)

પ્રસ્તાવના.

પ્રીય વાંચનાર! આજે વાર્તા—માળામાંની આ બારમી માળા પણ ઘણાની મદદથી પુરી થઈ છે. હું જો ભુલતો નહી હોવું તો એ પણ 'ગોલ્ડન ગુલ' 'શીવાજી', વગેરે વાર્તાઓની પેઠે વાંચક વર્ગને ઘણી પસંદ પડી છે, જે મને ઘણી સંતોષ ઉપજાવનારી બીના છે. જુજ કીમ્મતમાં ગુજરાતી વાંચક વર્ગને રસીલી વાર્તાઓ પુરી પાડવાની મારી જે નેમ, તે નેમ મારા મીત્ર મી૦ બમનજી જમશેદજી મીસ્ત્રીની સલાહથી પુરી પાડવા શકતીવાન થયો છું, જે માટે મારા એ મીત્રનો આ ટંકે જાહેર ઉપકાર માનું છું.

આ વખતથી વાર્તાઓ સાથે તેને લગતાં ચીત્રો પણ એજ કીમ્મતમાં આપવા માંડયાં છે, જે સુધારો અલબતાં વાંચનારને આવકારદાયક થઈ પડવો જોઈએ.

'ગણપતરાવ'ની વાર્તા MRS. HENRY WOOD ની *SELF CO-NVICTED* પરથી ઘટતા ફેરફાર સાથે લખવામાં આવી છે, જ્યારે બાકીની વાર્તાઓ અસલ ફ્રેન્ચ અને જરમન ભાષામાં છપાઈ, તેના ઈંગ્રેજી તરજુમા પરથી લીધી છે.

તેરમી માળામાં **માળી મદારી** અને **૧૮૫૭ નો** બળવો નામની એક મોટી રસીલી વાર્તા સુંદર ચીત્રો સાથે ચાલુ કીધી છે, જે આગળ ચાલતાં ઘણી રસીક થઈ પડશે, એવી પુર આશા રાખવામાં આવે છે.

ઈ૦ સ૦ ૧૮૫૭ માં પ્રખ્યાત **નાના સાહેબે** હીન્દમાં જે મહાભારત બળવો ઉઠાવ્યો, તે વખતે જે નાસભાગ કરવામાં આવી તેનો કાંઈક ખ્યાલ એ વાર્તાપરથી જણાશે, એટલું જણાવી આ પ્રસ્તાવના ખતમ કય છીએ.

માણેકજી એદલજી વાછા.

વારતા માળાઃ—માળા ૧૨ મી.



ગણપતરાવ.

લખનાર :

માણેકજી એદલજી વાછા

તે 'ગોલ્ડન ગુલ', 'શીવાજી', 'પાંડુરંગ હરી', 'કાઉન્ટ ઓવ,
મોંટે ક્રીસ્તો', 'ગુજરાતી સાઇકલોપીડયાં' (ના એક),
'ઇન્ડીયન નાઇટ્સ', એદલકાકા', 'બાપુ બ્રાહ્મણ',
'શાપુર', 'શરમાલ સપન્ન', 'રોપ્પીનારા',
'મગરૂર મેરીયા', 'સોરાબશાની
સોરટી', વગેરેના

કર્તા.

પ૮૮૪

પ્રકરણ ૧ લું.

આનંદીના હાથના બે ઉમેદવારો છે.

વર્સાદના દીવસો હતા, અને દખનમાં તોફાની વાયુ ફુંકવો શરૂ થયો હતો. ખેડુતો ગરમીના દીવસોમાં ખેતી માટે જમીન ખેડી રાખીને હાથ જોડી હવે વરસાદની મેહેરબાની કેવી ઉતરશે તેની આતુરતાથી રાહ જોતા હતા. અનુભવે તેમને શીખવ્યું છે કે વરસાદ પર ભરોસો રાખવો ડહાપણ ભર્યું નથી.

તેવા એક તોફાની દીવસે ચંચલ મરાઠાઓનાં માનીતાં પ્રખ્યાત શેહેર પુનાથી થોડેક માઇલને તફાવતે આવેલાં એક મોટાં ગામમાં આપણી વાર્તાની શરૂઆત થાય છે.

વરસાદ ધોધમાર વરસતો હતો, પવન ફુંઉંઉં ફુફ્ઉંઉં અવાજ કરતો ફુંકતો હતો અને અવાર નવાર વીજલી પોતાની તેજ રોશણી ચમકાવતી હતી, તેવે વખતે રાવ સાહેબ વીનાયકરાવ વકીલના ઘરમાંના એક ઓરડામાં વીનાયકરાવની ધણીઆણી ગંગાબાઈ અને તેની બેટી આનંદીબાઈ બેઠેલાં હતાં. વીનાયકરાવનું કુટુમ્બ જરા સુધરેલું ગણાતું હતું, અને તેને લીધેજ કદાચ ઇંગ્રેજ સરકારે ટુંક મુદત માટે બે ત્રણ વખત ખાલી પડેલી મામલતદારની ખુરસી પર આપણા મી૦ વીનાયકરાવને બેસાડયો હતો. વળી આનંદીબાઇએ ઝનાના સ્કુલમાં થોડી ઘણી કેલવણી લીધી હતી, તોપણ તેણીને પોતાની માના હુકમની સામે થવાની ટેવ નહી હતી, જો કે કેલવણીથી તેમ કરવા તેણીનો જુસ્સો કોઇ કોઇ વેળા ઉશ્કેરાઇ આવતો હતો.

હવે બન્યું એમ કે ગણપતરાવ નામના એક જવાન સાથે લગન કરવા માટે આનંદીની ...શી હતી, જ્યારે તેણીને વામનરાવ પસંદ પડવા આડકતરી રીતે ફરમાવતી. તોપણ બંને કર ...કરીએ ત માટે ખુલ્લે ખુલ્લો પોતાનો મા દ જણાવ્યો નહી હતો.

વીચારે 'વીનાયક કયારે આવશે ?' ગંગાબાઇ

'બાપા કદાચ અદાલતમાં રોકાઈ ગયા હશે, અથવા તો કોઇ ક્લબને ત્યાં ગયા હશે.' આનંદીએ ઉતર વાલ્યો.

'સકુ કેમ છે ?' ગંગાબાઇએ પોતાને ત્યાંની નોકર સકુબાઇની ખબર પુછી, જેણીએ તે દહાડે દાદર પરથી ઉતરતાં પગ ભાંગ્યો હતો. 'રામો આજારી પડી બે દહાડા થયાં ઘરે જતો રહયો છે, અને હવે સકુ પગ ભાંગી બેઠી છે ? પણ સાંભળ ; કોઇના ઘોડાનાં પગલાંનો અવાજ સંભલાય છે. તોફાન એટલું જબરૂં છે કે ઘોડોજ છે કે કેમ, તે સંભલાતું નથી.'

'હું ધારૂં છું કે કોઇના ચાલવાનો અવાજ છે.' આનંદીએ ઉતર વાલ્યો.

'તારા કાન મારા કરતાં વધુ જવાન હોવાથી તું ખરી પણ હોય.'

'હું ઇચ્છું છું કે પેલો વામન આવતો નહી હોય.' આનંદી બોલી ઉઠી.

'આનંદી! આ તારી કેલવણી કે ? તારા પાડોશીને તું નાપસંદ કરવાની શું કરવા હક લે છે ? તે તવંગર છે, જવાન છે અને હયાંનું સઉથી સરસ ગણાતું મોટું ખેતર તેણે હમણાજ ખરીદયું છે, અને તે છતાં તું તેની તરફ હસે છે? વામનરાવમાં એવો તે શું ખામી તું જોય છે કે તું તેને પસંદ કરતી નથી.'

'હું, હું તેને ધીકકારવા માટે ચોકકસ બાબદ જાણતી નથી' આનંદીએ લટકો કરી કહયું 'પણ તેમ તેનામાં શું ખુબી છે તે હું જોઇ શકતી નથી.'

'ચાલ! મુગી રેહે! નાને મ્હોંડે મોટી ટકટક ના કર!' ગંગાબાઈએ દીકરીને ધમકાવી કાઢી 'જા અને જો કે બારણું કોણ અફાળે છે ?'

આનંદી એટલાનું બારણું ઉઘાડવા ગઇ, અને નકુચો ખસાડી નાખીને મેરે થઇ ગઇ : કારણ કે વરસાદ જોરમાં પડીને ઓટલા અને તેની દીવાળ તથા બારણા બારીને ભીંજવી નાખતો હતો. અવાર નવાર

ગણુપતરાવ તેમજ વામનરાવ ગંગાબાઇની ખબર પુછવાને મસે ત્યાં આવતા જતા હતા : માટે આ વખતે તેઓમાંનું કોઇ હશે એમ આનંદીએ ધાર્યું. તેમાં તે ખોટી નહી હતી : કારણ કે આવનાર શખ્સ કોઇજ નહી પણ ગણુપતરાવ પોતે હતો. આનંદીબાઇના ગાળ પર રતાસ ચઢયો, પણ ખડકીમાંનાં અંધારાંને લીધે કોઇને તે જણાયો નહી.

'કેમ, ગંગાબાઇનો મીજાજ આજે કેમ છે? હજુ મારી પર ગુસ્સેજ છે કે?' ગણુપતરાવે આવતાં વાર આનંદીબાઇને મીઠાસથી પુછયું.

અરે, ચુપ! ચુપ! દીવાનખાનામાં મારી મા એખલીજ છે. રખેને તેવણ સાંભળે!'

'તમે અંદર જાવો, હું બારણું બંધ કરૂં છું.' ગણુપતરાવે જણાવ્યું.

આનંદી દીવાનખાનામાં ગઇ, જ્યારે ગણુપતરાવ ભીંજવાયેલા દગલા પરથી વરસાદનું પાણી કાઢી નાખવા લાગ્યો.

'કોણ આવ્યું છે?' ગંગાબાઇએ આનંદીને પુછયું. 'વામનરાવ કે?

'ગણુપતરાવ આવ્યા છે.' આનંદીએ બીહીતાં બીહીતાં ઉતર વાળ્યો.

'અં!' ગંગાબાઇ બેદરકારીથી બોલ્યાં 'આનંદ! જા તો તારા બાપાના દગલાના બટન સીવી નાખ; બે ત્રણ નીકળી ગયાં છે. પેલી મેજ પર બટન પડયાં છે. બટી પણ સલગાવ; બટી વગર તું કેમ સીવશે?'

'ગંગાબાઈ! કેમ છો? ઠીક તો ખરાં!' ગણુપતરાવે પોતાની હમેશની રીત મુજબ હસ્તુ મ્હોં કરી દીવાનખાનામાં પેસ્તાંજ પુછયું 'બાહેર તોફાન જબરૂં છે! મને અહીં આવતાં ઘણી મેહેનત પડી!'

'તમે ઘરમાંજ રેહેત તો ભીંજાતે નહી.' ગંગાબાઇએ પોતાનાં હાથમાંનું સીવવાનું જારીજ રાખી ટીકા કીધી.

'મને હવે ઘર કરડવા આવે છે' ગણુપતરાવનો ઉતર હતો 'ગઇ દીવાલી પર મારી મા જીવતી હતી: એટલે ઘરમાં વાતચીત કરતાં વખત પસાર થઇ જતો હતો, પણ હવે તેમ નથી.'

'આનંદી, ઉપર જઇને જો કે સકુ ઉંઘાઇ યા નહી' ગંગાબાઇએ પોતાની દીકરી તરફ મ્હોં કરી જરા ગુસ્સાની ઢપે કહયું.

આનંદી ઉઠી અને પોતાની માનો હુકમ બજાવવા ગઇ.

'અને મારૂં ઘર એકાંત રેહેશે, સીવાય કે બીજાઓનો સારો રાહ અખત્યાર કરીને પરણું.'

'ગણુપતરાવ! એજ તમારે માટે સરસ રસ્તો છે.' ગંગાબાઇએ ઉતર વાળ્યો 'તમે કાં નહી તેમ કરતા?'

'હું તેમ હીમ્મત કરૂં ખરો. પણ મને જે બાયડી જોઇએ છે તે મેલવતાં મને કેટલીક અડચણ પડે એમ લાગે છે.'

'અલબતાં! ભલી બાયડી મેલવતાં અડચણ પડે તો ખરી; જ્યારે ખરાબ બાયડી તો દગલે દગલે મળે. બે યા ત્રણ જવાનો મારી આનંદીનો હાથ મેલવવા પાછળ મંડયા છે.' ગંગાબાઇએ પોતાનાં હાથમાંનું કામ થોડો વખત પડતું મેળી જણાવ્યું 'પણ હવે હું તેમનો તરતજ અટકાવ કરીશ. મેં એને એક જણ સાથે પરણાવવા કબુલ કીધું છે.'

'કબુલ કીધું!' ગણુપતે પુછયું.

'હા, વળી! આનંદીના બાપે વામનરાવને પસંદ કરી કબુલાત આપી છે; અને હું ધારૂં છું કે એ જોડું ઘણું સરસ થશે.'

'હીનપસતી ભરયું' ગણુપતરાવે ધીક્કારથી જણાવ્યું 'તમે તમારી દીકરી જેને વેચવા માંગો છો તેને તેણી ધીક્કારે છે.'

'તમે તે કેમ જાણ્યું?' ગંગાબાઇએ ઉશકેરાઇ જઇને જાણવા માંગ્યું.

'હું પોતે પણ એને ધીક્કારૂં છું' ગણુપતરાવે નરમ પડયા વગર બોલવું જારી રાખ્યું 'હું ઇચ્છું છું કે એ હજારો કોશ દુર હતે.'

જ્યાં સુધી આનંદીબાઇ માળા પરથી પાછી નીચે ઉતરી નહી ત્યાં સુધી આ ઢપે વાતચીત ચાલુ રહી. આનંદીબાઇ દીવાનખા-

નામાં દાખલ થઇ કે તરતજ ખડકીનું બારણું કોઇએ ખખડાવ્યું.

'મને ઉઘાડવા દેવો' ગણુપતરાવે ઉઠતાં કહ્યું અને બીજો શખ્સ દીવાનખાનામાં દાખલ થયો.

'વામનરાવ ! કેમ છો ? તમોને જોઇને હું ઘણી ખુશી છું' ગંગાબાઇએ ખુશાલીથી આવકાર દીધો 'આનંદી, ચાલ જા અને પાન સોપારીની તબક લઇ આવ. સકુએ પગ ભાંજ્યો છે અને તે ચાલી શકતી નથી' તેણીએ ખુલાસો કીધો 'વળી રામો પણ આજારી પડીને ઘરે રહયો છે. તેને ત્રણ દહાડા થયા, પણ હજુ આવ્યો નથી. આજે તોફાન જબરૂં છે.'

'હા!' વામનરાવે બેસતાં કહ્યું 'હમણાજ હું મેળામાંથી આવ્યો, અને આખે રસ્તે મને વરસાદ અને સખ્ત પવન નડયો.'

'ત્યારે તમે મેળામાં હતા ?'

'હા. અનાજનો મોટો જથ્થો મને વેચવાનો હતો. ત્યાં મેં રાવ સાહેબ વીનાયકને કાંઇ ખરીદી કરતાં જોયા હતા.'

'એવણ હવે જલદી આવે તો સારૂં' ગંગાબાઇએ જણાવ્યું 'આવી રાત્રીએ એવણે ઘરની બાહેર રેહેવું નહી જોઇતું હતું.'

'ત્યારે કાલે સહવારે મને ગાયગામમાં ખરીદી કરવા જવું છે, તે હું કેમ કરીશ ?'

'શું તમો આવા તોફાનમાં જશો ?'

'હા ! કુતરાં બીલાડાંનો પણ જો વરસાદ વરસે, તોપણ મને તો જવુંજ પડવાનું.' વામનરાવે ઉતર વાલ્યો 'આજે મેં સામાન વેચ્યો અને કાલે હું બીજો ખરીદ કરીશ.'

આનંદી હાથમાં ઠાસ લઇ દીવાનખાનામાં દાખલ થઇ, અને બંને હરીફોની વચ્ચે તે મુંકી.

'આનંદી! તારો બાપ હજુ કેમ નહી આંવ્યો ?' ગંગાબાઇ ફીકર કરતી બોલી 'રાત પણ પડી, અને હજુ કાંઇ ઠેકાણું મલે નહી.'

આનંદીએ એનો ઉતર વાલ્યો નહી, પણ ગણુપત અને વામન વચ્ચે તરતની શરૂ થયલી તકરાર સાંભળવા લાગી. તકરાર પરથી તેઓ બોલાચાલી પર આવ્યા, અને જયારે તેઓ બંને જવા ઉઠયા ત્યારે મીત્ર દાખલ થયેલા જણાયા નહી.

પ્રકરણ ૨ જું.

રાવ રાહેબ રાતના દશ વાગતે આવે છે.

હવે એવું બન્યું કે રાવ સાહેબ કોઇ કોઇ વખત જરા 'ટ' થઇને આવતા હતા. મેળા અને એવા બીજા પ્રસંગો પર ઇંગ્રેજી દારૂના ગ્લાસો મોંહાંમાં રેડવાની સુધરેલા ગણાતાંઓમાં જે બદી પેંવસ થઇ છે તેથી કોઇ અજાણ્યું નથી. માટે રાવ સાહેબ વીનાયકને તેમ કરતા જોઇ અજાયબ થવાનું કાંઇ કારણ નથી. તે રાત્રીએ દશ વાગતે આ મરાઠા વકીલ લડર પડર થતા પોતાનાં મકાનમાં દાખલ થયા. એની બે મહીના અગાડી વીનાયકે એ બદી છોડી દીધેલી જણાતી હતી, પણ આજે પાછા આગળ જેવાજ હાલે આવ્યા હતા. તેવણ કેવી રીતે સલામત ઘરે આવ્યા હશે, એ વીશે ગંગાબાઇ સમજી શકયાં નહી, અને વીનાયકને પોતાને પણ બીજે દીને એજ વીચાર આવ્યો.

સકુનાબાઇએ પગ ભાંજ્યો, તે માટેની ખબર તેણીને ત્યાં જણાવવા કોઇને ખ્યાલ ગયો નહી: તેથી બન્યું એમ કે સહવારના પોહોરમાં વીનાયકના ઘરની ગાયોને દોહોવવા કોઇ નોકર હતો નહી. ગાયોને દોહવવી તો જોઇએ: માટે છાકટ વીનાયકને માળા પર સુવડાવીને પછી ગંગાબાઇએ આનંદીને કહયું: 'કાલે સહવારે ગાયોને દોહોવવા તારે જવું પડશે.'

'ગાયોને દોહોવવા !' આનંદીએ ગભરાતથી પુછયું.

'ત્યારે બીજું કોણ એ કામ કરશે ? સકુના કે રામાના ઘરમાં આજે રાતના અને આવાં તોફાનમાં તારેથી યા મારેથી કાંઇ જવાય

નહી. અને ગાયોને તો સહવારના પોહોરમાં દોહોવવીજ જોઈએ. હું ધારૂં છું કે તું તેમ કરશે.'

'અરે, મા!'

'હું પુછું છું કે તું તેમ કરી શકશે?' ગંગાબાઈએ અધીરાઈથી જણાવ્યું.

'હું નાની હતી, ત્યાર પછીથી મેં એ કામ કીધું નથી; અને તે વખતે પણ ફકત રમત દાખલ દોહોવતી હતી.'

'ત્યારે હવે મડમની નીશાલમાં જઈ આવી, તેથી શું ગાયને દોહોવાય નહી કે? આવીજ તારી કેલવણી કે? દીકરી મારી! તુંજ વીચાર કર કે કોઈ નોકર હાલ મલે નહી: ત્યારે એ કામ તું નહી તો કોણ કરે? એ સાહેબોના પીઠાંઓનું નખોદ વળો!' ગંગાબાઈ વાત કરતાં ઉશકેરાઈ બોલ્યાં.

આનંદીબાઈએ જોયું કે તેની માનું કેહેવું ખરૂં હતું. અડી ભીડીને વખતે ઘરનું કામ તે નહી તો કોણ કરે? બાપ તો ઈશ્રેજી દારૂ પી માળા પર પડયો હતો. ઘરમાંનાં નોકરો કામ કરવાને અશકત થઈ પડેલાં હતાં. આવી તોફાની રાત્રીએ નોકરોને ઘરે જઈ સહવારના ગાયો દોહોવવા સારૂ કોઇને બોલાવાય એ પણ બની શકે એમ નહી હતું. માટે આનંદીએ પોતાની ફરજ ચુપચુપ સહવારે બજા લાવવા નકકી કીધું, અને સકાળે ઉઠાડવા માટે પોતાની માને જણાવ્યું.

રાવ સાહેબ વીનાયકનું કુટુમ્બ ઘણું આબરૂદાર અને માનવંત ગણાતું હતું. આનંદીએ એક ઝનાના મીશન સ્કુલમાં થોડી ઘણી કેલવણી લીધી હતી, છતાં ખરી વેહવારૂ કેલવણીનો મોટો ભાગ તેણી ઘરમાંથી શીખી હતી: આ પાછળી કેલવણીથીજ તેણી પોતાના ધર્મ પર એતેકાદ રાખનારી અને માબાપની ઇચ્છાને માન આપનારી થઈ હતી. ફકત એકજ બાબદમાં તે અને તેણીના માબાપ જુદાં પડતાં, અને તે તેણીને માટે પસંદ કીધેલા ભરથાર સંબંધી હતી. આપણે ઉપર જોઇ ગયાં તેમ આનંદીને ગણુપતરાવ પસંદ હતો, જયારે તેણીના મા બાપ તેણીને તવંગર વામનરાવ સાથે પરણાવવા માગતાં હતાં.

ગણુપતરાવ એન્જીન્યરીંગને લગતો અભયાસ લગભગ પુરો કરી રહયો હતો, અને બાપના લાગવગથી તેને સરકારી નોકરીમાં ડસી જવાને ઘણો સંભવ હતો. તેના બાપ સરકારી જાહેર ખાતાંમાં ઇજનેરની નોકરીએ રહેલો હતો, જેની સાથે વીનાયકરાવને સારી દોસ્તી હતી. ગણુપતરાવના બાપની એક નાની જાગીર હતી, અને તે સાથે નાની સરખી પુંજી પણ હતી.

બીજા હાથ પર વામનરાવ પાસે સારી જેવી દોલત હતી, અને વળી એક મોટાં સરસ ખેતરનો માલેક હતો.

ગણુપતરાવ અને વામનરાવ મીત્રો હતા, પણ ફકત આનંદીબાઇને લીધેજ તેમના વચ્ચેની મીત્રતામાં ખલલ થઈ હતી. આ દુશમનાઈ જયારે તેઓ બંને તેણીના ઘરમાં હોય ત્યારેજ દેખાડતા હતા, બાકી બાહેર જતાં પાછા મીત્રોનો ખ્યાલ બીજાંઓને આપતા હતા.

પ્રકરણ ૩ જું.

આનંદી દુધ દોહોવવા જાય છે, પણ એક ન ધારેલો બનાવ બને છે.

બીજે દીને પોહોર ફાટવાની અગાઉ આનંદી માથાં પર પીતલના લોટા ચઢાવી ગાયોને દોહોવવા નીકળી પડી. પુર્વ તરફથી આકાશ પર સેન્જ રોશણીના કીરણો નીકળવા શરૂ થયાં હતાં. વરસાદ મુદ્દલ નહી હતો અને પવન પણ જાણે થોડા કલાક અગાડીની અનંત મેહનતથી થાકી ગયલો જણાતો હતો: કારણ કે તેનું જોરા તદન નરમ પડી ગયું હતું. પણ ઠંડી કકડતી પડતી હતી, જાણે ઠંડીના દીવસોની સહવારનો ખ્યાલ આપતી હતી. તોપણ આસપાસના ખેતરો અને છુટાં છવાયાં નાના ઘરો અને ઝુપડાંઓનો દેખાવ આ વેળા ઘણોજ રમણ્ય લાગતો હતો. આનંદી ઝડપથી ગાયો બાંધવાના વાડા તરફ જવા લાગી. આ વાડો એક ખેતરમાં આવ્યો હતો, જયાં એક

નાની એકાંત ગળી વાટેથી જવાતું હતું. આ એકાંત ગળી એક મોટા જાહેર રસ્તા સાથે જોડાયલી હતી. આ વાડો વીનાયકના ઘરથી છેટે હતો.

આનંદી આ ખેતર પસાર કરી ગઈ, અને દુધ ભરવાની તાંબડીઓ જેવી તે ઝુપડાંમાં મુકતી હતી, તેટલાંજ ગાયો બાંધવાનાં ઝુપડાંની બીજી બાજુએ બાહેરથી કોઈ અજાણ્યો અવાજ આવતો સંભળાયો. તેણી તે તરફ કાન ધરી સાંભળવા લાગી.

હવે ઝપાઝપી થવાનો અવાજ સંભળાયો. કોઈ બીજાને મરણ તોલ મારતું હોય એમ તેણીએ ધાર્યું. એવામાં તેણીને એક અવાજ ઓળખાતો જણાયો, પણ બીજો તેણીએ કોઈ દહાડે સાંભળેલો નહીં એવો હતો. બે વખત 'ખુન !' કરી કોઈ ધુંધલાયલા અવાજે બોલ્યું, પણ એકાદ જાડી લાકડીથી મજબુત ફટકા પડવાનો અવાજ ચાલુજ રહયો. આખરે તે નરમ પડયો અને ઠંડા શોકના અવાજ સાથે કોઈ જમીન પર પડયું.

'તારો અહીંજ ઠાર છે, મુંગો મર !' પેલો અજાણ્યો અવાજ આનંદીને હવે સંભળાયો. અવાજ પરથી તેણીએ ધારયું કે તે શખ્સ મજબુત હોવો જોઈએ 'શું, હજુ ખરાડા મારે છે? પણ તુંને હવે મારા સપાટામાંથી છટકવા દેવાનો નથી. લે ! આ લે ! અને આ લે !' એટલું બોલી પેલા અજાણ્યાએ પોતાના હરીફને જોશથી વધુ ફટકા મારયા.

આનંદી આ સાંભળી ઠરઠર ધ્રુજવા લાગી. આવી એકાંત જગ્યાએ અને તે પણ ખુનીની ઘણી નજદીકમાં પોતાને જોઈને, તેણીના દીલમાં કંપારી છુટી. જે શખ્સનો અવાજ હવે સંભળાતો હતો તે દેખાતી રીતે જમીન દોસ્ત થયલા અને મરવાની અણી પર આવેલા પોતાના હમનખરદને ઘણાંજ નીરલજ શબ્દો બોલી ફટકા મારયો જતો હતો. આ અવાજ આનંદીને તદન અજાણ્યો લાગ્યો : કોઈના મુખથી તેણીએ આગલ સાંભળ્યો હોય એમ તેણીને લાગ્યું નહી.

સઘલું ચુપાચુપ થયું તેની અગાડી તો આનંદી પોતાની સઘલી હીમ્મત એકઠી કરી, ધડકતી છાતી સાથે અને અવાજ નહી કરવાની સંભાલ રાખી પોતાનાં ઘર તરફ જીવ લઈ દોડી. જેમ જેમ તેણી વાડાથી દુર ગઈ, તેમ તેમ તેણીના ઝડપમાં વધુ અને વધુ વધારો થતો ગયો. દોડવા કરતાં તેણી જાણે ઉડવા લાગી હતી, એમ કેહેવું ખોટું નહી ગણાશે. તેણી લાગલી પોતાના માબાપના ઓરડામાં ગઇ અને ત્યાં બેશુધ્ધ થઈ ભોંયે પડી.

પ્રકરણ ૪ થું.

ગણપતરાવ પર શક જાય છે.

થોડા વખત પછી જયારે સહવારનું અજવાળું પુરતી રીતે પડયું અને ત્યાર પછી સુરયનારાયણે પોતાના દરશન સરવને કીધાં કે લોકોનું એક ટોલું પેલા મરણ પામેલા શખ્સની લાસ આગળ એકઠું થયું.

મ્હોં અને શરીર પર લોહીના ડાઘા જણાતા હતા. માથું લગભગ છુંદાઈ ગયું હતું. મજબુત લાકડીના ફટકાઓથી તેમ કરવામાં આવ્યું હતુ, એ ખુલ્લું જણાતું હતું. મરનારનો ચેહેરો જો કે બેડોલ થયલો દીસતો હતો, છતાં ટોલાંમાંનાં ઘણાઓએ તેને આપણી વારતામાંના વામનરાવ દાખલ ઓલખી કાઢયો. તેનાં ગજવાં ઉલટાવી નાખેલાં હતાં, અને તેમાં મુકેલી ચીજો સઘલી કોઈએ કાઢી લીધી હતી. લોહીથી ખરડાયલી પેલી લાકડી લાસની નજદીક પડેલી હતી. એવું ધારવામાં આવતું હતું કે ગજવાંઓમાં પઈસાની મોટી રકમ હોવી જોઈએ, પણ તે સઘલી ખુનીએ કાઢી લીધી હતી.

અને હવે સવાલ ઉઠયો, જે સવાલે રફતે રફતે ઘણું ગંભીર રૂપ પકડયું.

'એ ખુન કોણે કીધું ?'; 'હા ! ખુની કોણ ?'

'વલી ગણપતરાવ ! ઈજનેર સાહેબનો છોકરો !' ટોલાંમાંનાં એક જણે જાણી

જોઇ કહયું. મેં હમણાંજ રાવ સાહેબની ગંગાબાઇના મ્હોંડેથી સાંભળ્યું છે. વામનરાવ અને ગણુપતરાવ બંને ગઇ રાતે છ સાત વાગતે રાવ સાહેબને ત્યાં ગયા હતા, અને ત્યાં એઓ વચ્ચે પંચાતી થઇ હતી. ગંગાબાઇ જાણે છે કે એ ગણુપતરાવ ખુની છે.'

'ગણુપતરાવ !' સઘલાંઓ અચંબો પામી બોલ્યાં.

'પરમેશ્વર મારો સાહેદી છે, અને તે સઘળું જાણે છે કે હું નીરપરાધી છું.' બીચારા ગણુપતરાવે જણાવ્યું. તે ત્યાં હાજર હતો.

'તમે બંને વચ્ચે લાંબો વખત થયાં ખટપટ ચાલ્યા કરતી હતી.' પેલા બોલનારે કહયું. આ શખ્સ ગણુપતરાવનો મીત્ર હતો, પણ તે છતાં આ વેળા પોતાના મીત્ર પર બોહોતાન મેળવા તઇયાર થયો હતો.

તે કેહેવા લાગ્યો કે 'ગંગાબાઇ કહે છે કે ગઇ સાંજે તમે અને વામનરાવ તેવણનું ઘર છોડી ગયા ત્યારે તમો વચ્ચે પંચાતી થયલી હતી, અને તમે ગંગાબાઇને જણાવ્યું હતું કે તમે વામનને ધીક્કારો છો અને તે હજારો કોશ દુર હતે, એમ તમે ઇચ્છયું.'

'એ સઘળું ખરૂં છે' ગણુપતરાવે ટોલાં પર નજર નાખી જણાવ્યું. ટોલાંમાંના કેટલાંકો હવે શકમંદ થયલાં જણાયાં 'વામનરાવ અને મારી વચ્ચે એક ચેક્કસ બાબદ સર વાંધો પડયો હતો, પણ અમો કાંઇ મરાયા નહી હતા; અને ફકત જરા ઉશ્કેરાઇને બોલતા હતા. તોપણ અમો ઘરમાંથી બાહેર નીકળ્યા ત્યાર પાછા અસલી મીતરો દાખલ સલાહ સંપજથી બીજી પરચુટણ વાતચીત કરતા પોત પોતાને ઘરે ગયા હતા. વામનરાવને ઘરે તેવણને પુગાડયા પછી મેં એવણને જે જોયા તે હમણા છે, અને તે પણ તેવણની ફકત લાસને.'

કેટલાંકોએ ગણુપતરાવનું બોલવું મુદલ માન્યું નહી, જ્યારે કેટલાંકો ધચુપચુ થયાં. કેટલાંકો પોતાનો શક ધીમા અવાજે પાસેનાને જણાવતાં હતાં. ગણુપતરાવે તે સાંભળ્યું, અને તે ઘણે ગુસ્સે થયો.

'મારા જેવો એવું કરપીણ કામ કેમ કરે? વળી આવા જીવહંત્યાનાં કામમાં હું કેમ સામેલ હોઇ શકું?' તેણે ધીક્કારથી જણાવ્યું 'તમે મારા ચેહેરા તરફ જુઓ, અને જોવો કે હું ગુનેહગાર છું?'

'રાવ સાહેબ, ચેહેરા પરથી કાંઇ જણાતું નથી.' અમીરૂદીન જમાદાર બોલ્યો, જે ત્યાં હવે આવી લાગ્યો હતો 'આવી બાબદમાં અમો તે પર ધ્યાન આપતા નથી. મારા ફરજ મુજબ તમોને કેદ કરવા પડે છે, તેથી હું દલગીર છું.

'મને કેદ!' ગણુપતરાવ ઉશકેરાઇ બોલ્યો.

'કાયદા પ્રમાણે મારે તો વરતવું જોઇએ. મારેથી તમોને છુટા મુકાય નહી.'

'તમે શું એમ ધારો છો કે હું નાસી જઇશ?' ગણુપતરાવે પુછયું.

'રાવ સાહેબ, એવા દાખલા બનેલા છે' જમાદારે જવાબ આપ્યો.

સામે થવાનો વીચાર આ વેળા ગણુપતરાવના મનમાં પેદસ થયો; પણ પછી દુર અંદેશી વાપરીને જમાદારને તાબે થવા બેહેતર વીચાર્યું. ગણુપતરાવે જોયું કે તેનું હઇયું સાફ છેઃ માટે તેને બીહવાનું કશું કારણ નહી હતું.

'હું હમણા તમોને તાબે થાવું છું.' તેણે જમાદારને જણાવ્યું. 'તમારી ફરજમાં ખલલ કરવા હું ઇચ્છતો નથી. તોપણ ખુલ્લું જણાવું છું કે હું તદન બેગુનાહ છું' ગણુપતરાવે આતુરતાથી કહયું 'તમારીજ પેઠે એ કરપીન કામ કોણે કીધું તે હું જાણતો નથી. હું ફરીથી કહું છું કે ગઇ રાતે વામનરાવને હું સહીસલામત તેને ઘરે પુગાડી આવ્યો હતો, અને વીનાયકરાવના ઘરમાંથી નીકલ્યા પછી અમોએ હસી બોલીને ખેતર સંબંધી વાત ચીત કીધી હતી."

જમાદારે ગણુપતરાવને સલામત ચોકીમાં પુરયા પછી તે હવે રાવ સાહેબ વીનાયકરાવના ઘર તરફ નવી જુની અને ખરી ખોટી ખબર સાંભળવાના ઇરાદાથી ગયો. ખુન અને

લુટફાટના બનાવો તે ગામમાં જવલેજ બનતા હતા, અને તેથી ત્યાં એવા બનાવ વખતે ફરાહેરાણી અને ચરચા પણ જબરી ચાલતી હતી. પોલીસના અમલદારો પોતે વટીક એવા બનાવ વખતે ઘણા ખબરદાર થઈ જતા હતા, અને ગુનેહગારને શોધી કાઢવા ખાઈ પી મંડયા રેહેતા.

વીનાયકરાવના દીવાનખાનામાં ઘણાં જણાં એકઠાં થયાં હતા, જેઓમાં દીસ્ત્રીક્ટ સુપરીન્ટેન્ડેન્ટ મી૦ દાદીબા પણ હતા. મી૦ દાદીબા પોતાના હાથ હેઠલના જુદાં જુદાં ગામોમાં પોતાની ફરજની રૂએ ફરતા, અને આ વખતે તેઓ ત્યાં આવી લાગ્યા હતા. તેવણને વીનાયકરાવજ નહી પણ ગામોમાંના મુખ્ય ગણાતાં આસામીઓ સાથે સારી દોસ્તી હતી: જેથી તેઓ તે ગામમાં આવતાંજ ઘણાઓની મુલાકાત લેતા હતા. દીવાનખાનામાં ભેગાં મળેલા લોકોમાં બીજા અગત્યના ગ્રહસ્થ રાવ સાહેબ હનમંતરાવ મેજીસ્ત્રેટ હતા. નામદાર સરકારે તેવણને રાવ સાહેબનો એલકાબ બક્ષયો હતો. હનમંતરાવ કાંઈ કામ સર પોતાના મીત્ર વીનાયકરાવને મળવા આવ્યા હતા, અને ત્યાં ખુનની ખબર સાંભળી દોડ્યો હતો.

જેવો અમીરૂદીન જમાદાર ત્યાં જઈ લાગ્યો કે સર્વેએ તેની તરફ મ્હો ફેરવ્યું. કેટલાકો બોલી ઉઠયાં, પણ તેમને મુગાં રેહેવા મોટેથી અરજ કરીને મી૦ દાદીબાએ જમાદારને પોતાની હુજુર આવવા ઈસારત કીધી. જમાદાર નમ્યો અને તેવણની નજદીક ગયો. રાવ સાહેબ હનમંતરાવ પણ નજદીકજ હતા.

'કેમ, અમીર ! શી ખબર ?'

'સાહેબ, તેને ચોકીમાં પુરયો છે.' અમીરૂદીન જમાદારે ઉતર વાલ્યો 'અને ત્યાં તે તદન સલામત છે; સાહેબ, આપણે તપાસ કયારે શરૂ કર્યે ?'

'કોણને કેદ કીધો ?' જઈફ મી૦ હનમંતરાવે પુછયું. અહી કેહેવું જોઈએ કે ખુનની જગ્યાએ લોકનું જે ટોલું ભેગું થયું હતું, તે હવે ગણપતરાવને જયાં પુરયો હતો, ત્યાં ગયું હતું, અને તેથી વીનાયકના ઘરમાં તેની ખબર હજુ આવી નહી હતી. હનમંતરાવે તેમજ મી૦ દાદીબાએ ગંગાબાઈના શકની બીના જાણી નહી હતી: તેથી જમાદારની વાતથી ગુંચવણમાં પડયા.

'સાહેબ, ખુનીને' જમાદારે સમજાવ્યું. 'અને જયારે મેં તેને કેદ કીધો ત્યારે તે જરાએ સામે થયો નહીં, પણ એટલુંજ બોલ્યો કે તે ગુનેહગાર નથી; અને સાહેબોની પેઠે ડોકું ઉંચે રાખીને મારી સાથે ચાવડીમાં આવ્યો, તે એટલુંજ બોલતો હતો કે મોડે વેહેલે સઘળું અજવાલામાં આવશે.'

'પણ તે ગુનેહગાર છે એમ કેમ જાણ્યું ? એનું નામ શું ?' મી૦ હનમંતરાવે પુછયું.

'ઇજનેર સાહેબનો છોકરો ગણપતરાવ.' જમાદારે ઉતર વાલ્યો.

'મી૦ ગણપતરાવ !' મી૦ હનમંતરાવે અજાયબી દેખાડી.

'હા, સાહેબ, તેજ ! હું તેને ચોકીમાં પુરી આવ્યો છું.'

'હા, એજ હોવો જોઈએ.' ગંગાબાઈએ હવે તાહુકો પુરયો 'એમાં શક છેજ નહી. કાલે સાંજે એ અને વામનરાવ અહીં બોલાચાલીપર આવી ગયા હતા: બીજું કોણ આ કામ કરે ?'

પણ અહીં તેણીને આનંદીબાઈએ બોલતાં અટકાવી.

'બાપા ! હનમંતરાવ શેઠ ! એમાં કાંઈ ભુલ છે. મા ! તમો આ કેમ સાંભળો છો ? શા માટે ખરી વાત જણાવતાં નથી ? મેં તમોને કહયું છે કે ખુની તદન અજાણ્યો હતો—મેં તમોને તે કહયું હતું: અને તે છતાં તમે બીચારા ગણપતરાવ પર શક લઈ જાવો છો ?'

સઘલાંઓએ ગુપચુપ સાંભળ્યા કીધું. મી૦ દાદીબા જો કે જમાદાર સાથે વાત ચીતમાં રોકાયલા જણાતા, તોપણ તેવણનાં કાન ઉઘાડા હતા. તેવણ ગુપચુપ સઘળી વાત સાંભળતા હતા.

પ્રકરણ ૫ મું.

આનંદી કકલે છે.

રાવ સાહેબ હનમંતરાવ ધ્યાન દઇ આનંદીનું બોલવું સાંભળતા ઉભા. તેવણે પોતાની નજર તેણી તરફ ફેરવી રાખી. આનંદીબાઇ ચાર પાંચ વરસની હતી, ત્યારથી હનમંતરાવ તેણીને ઓલખતા હતા. બીજા હાથ પર આનંદીને આ લગભગ જઇફ મેજીસ્ટ્રેટ પર પુરં વીસ્વાસ હતો.

સઘલાંઓનાં દેખતાં હનમંતરાવથી કાંઇ થઇ શકયું નહી. ફકત તેવણે ઇસારતથી તેણીને ચુપ રેહેવા સમજાવ્યું. અદાલતમાં જવાનો વખત હવે થવા આવ્યો હતો: માટે તેવણે ત્યાંથી વીદાયગીરી લીધી, પણ જતી વખતે આનંદીને ધીમેથી કેહેતા ગયા કે તેવણ સાંજે તેણીના બાપ આગળ ફેરો મારશે.

સાંજ પડી, અને કબુલાત મુજબ વીનાયકરાવને ત્યાં રાવ સાહેબ હનમંતરાવ ગયા. વીનાયકરાવ ઘરમાં નહી હતા: તેથી હનમંતરાવ વાતે બેઠા.

'હનમંતરાવ! પોલીસ મને માનતી નથી. મા પણ મારી ખરી વાતને તોડી પાડે છે!' આનંદીએ કહયું.

'ચપ, ટક ટક ના કર!' ગંગાબાઇએ ઠપકો આપ્યો.

'નહી, બેહેન, એવણને બોલવા દેવો. ખારી વાત શોધી કાઢવાથી ઇશ્વર ખુશી થશે. બોલો આનંદીબાઇ, શું કેહેતાં હતાં?' હનમંતરાવે પુછયું 'આપણે સઘળાં મીત્રો છઇએ: એટલે બીહવાનું કશું કારણ નથી.'

આનંદીએ સહવારના પોહોરમાં પોતે કેવી રીતે દુધ દોહોવવા ગઇ હતી, અને પછી ત્યાં શું સાંભળ્યું હતું તે સઘળું જણાવ્યું. ગંગાબાઇ આ વેળા ત્યાંથી કાંઇ કામે ચાલી ગયાં.

'અને મેં જે જણાવ્યું છે તે સઘળું ખરૂં છે. વામનરાવને કોઇ તરાહીત શખ્સે મારી નાંખ્યો છે.'

'ખચીત! આપણા વેહેવારમાં આવતા શખ્સોનો અવાજ આપણે દુરથી પણ ઓલખી શકીએ છીએ. તેમાં કડાચજ ભુલ થાય છે.' હનમંતરાવે મત આપ્યું.

'મેં જે અવાજ સાંભળ્યો તે કોઇ લુચ્ચા શખ્સનો હોય એમ જણાતો હતો. તે મારતો મારતો ભાંડ શબ્દો બોલતો હતો, જેવા શબ્દો ગણપતરાવ કદી બોલી શકેજ નહી. મારેથી તે બોલાય વટીક નહી.'

'અને તમે તે શખ્સના અવાજ પરથી તેને ઓલખી શકયાં નહી?'

'નહી. તે અવાજ તદન અજાણ્યો હતો: કારણ કે મેં તે પેહેલાંજ ત્યાં સાંભળ્યો હતો.'

જઇફ હનમંતરાવે આનંદી તરફ બારીક નજર રાખી પુછયું 'અને આ વાત જે મેં સાંભળી છે તે ખરી છે કે તમો અને ગણપતરાવ એક બીજાને ચાહતાં છો? અને તેથીજ વામનરાવ અને તેની વચ્ચે પંચાત થયા કરતી હતી?'

'હું જાણું છું કે તમે પણ મને માનતા નથી' આનંદીબાઇ રડી પડીને બોલી 'તમે કહો છો તે ખરૂં છે કે ગણપતરાવ અને હું એક બીજાને ચાહયે છીએ: પણ શું તમે એમ ધારો છો કે એક ખુનીને પણ હું ચાહું? જે માણસે આ મ્હા અપરાધ કીધો તે તદન અજાણ્યો હતો.' તેણીએ આતુરતાથી જણાવ્યું 'અને ગણપતરાવ કાંઇ તે જગ્યાએ હાજર હતાજ નહી.'

'આનંદીબાઇ! તમારાં મ્હોં પરથી જણાય છે કે તમે સાચે સાચી વાત બોલ્યાં છો' હનમંતરાવે કબુલ કીધું.

અને તેવણ તેણીને અટકાવે તે અગાડી તો આનંદી તેવણ આગળ ગુઢણે પડી કાલાવાલા કરવા લાગી: 'મને પરમેશ્વરને જવાબ દેવો છે: માટે હું ખોટું શા માટે બોલું. હનમંતરાવ શેઠ, તમે મને માનો છો?'

'હું માનું છું.' હનમંતરાવે જણાવ્યું 'અને જો કોઈ પણ નવી બાબદ અજવાળામાં આવે તોપણ મારૂં તો એવુંજ મત રેહેશે કે ગણુપતરાવ નીરદોશ છે, અને તેના પર ખોટો શક લઈ જવામાં આવ્યો છે.

'શું તમે એવણને છોડાવી નહી શકો?' આનંદીએ પુછ્યું 'તમારા હાથમાં સત્તા છે.'

'દીકરી! એમ કાંઈ બને નહી. કાયદા મુજબ મારે તો કામ લેવું જોઈએ. ગણુપતરાવ હાલ પોલીસના હવાલામાં છે, તોપણ આપણે આગળ શું બનાવ બને છે તે જોઈશું.'

આ વેળા ગંગાબાઈ પાછાં દીવાનખાનામાં દાખલ થયાં, અને તરતજ વીનાયકરાવ પણ આવ્યા. થોડીક જરૂર જોગી વાતચીત તેમની સાથે કરી હનમંતરાવ ત્યાંથી વીદાય થયા.

પ્રકરણ ૬ ઠું.

શરૂઆતની તપાસ ચાલે છે.

વધુ ખબર કાઢતાં પોલીસને જણાયું કે વામનરાવને ઉંઘમાંથી ઉઠાડવામાં આવ્યો હતો, અને તેને ઘેરની બાહેર કોઈએ બોલાવ્યો હતો. વામનરાવ બાહેર જવાના કપડાં પેહેરી ઘરમાંથી બાહેર નીકલ્યો કે અરધા કલાક પછી તેનું ખુન કરવામાં આવ્યું હતું. વામનરાવને આ રીતે ઘરમાંથી બોલાવવાની પોલીસને ખબર મરનારના ઘરમાંની રાંધવા સીધવાનું કામ કરનાર સ્ત્રીએ આપી હતી. પોલીસે તેણીની વાત માની. તેણીએ જણાવ્યું કે આગલી રાતના વરસાદ પવનના તોફાનને લીધે તેણીને પેહેલી રાતે ઉંઘ આવી નહી હતી, પણ મધરાતની પછીજ તેણી નીંદ્રાવાસ થવાને શકતીવાન થઈ હતી. રસ્તા પરથી તેણીના શેઠનું નામ પોકારાતું સાંભળીને તેણી ઝબકી ઉઠી. તેણીએ તે વેળા જે વાતચીત સાંભળી તે પરથી તેણીએ જાણ્યું કે મરનાર પોતાના ઓરડાની બારીએ ઉભો રહીને રસ્તા પર ઉભેલા શખ્સ સાથે વાત કરતો હતો. રસ્તા પર કોણ હતો તેને જોવાની તેણીએ સંભાળ લીધી નહી હતી. પણ થોડાજ વખત પછી તેણીનો શેઠ દાદર વાટેથી નીચે ઉતરયો અને પછી ઓટલાનું બારણું ઉઘાડી બાહેર ગયો.

'કોણ બોલાવવા આવ્યો હતો?' જમાદારે ઉલટ પાલટ તપાસ ચલાવી 'અને તે વામનરાવ પાસે શું માંગતો હતો?'

'હું કાંઈ જાણતી નથી. મને અવાજ તદન અજાણ્યો લાગ્યો. શું માંગતો હતો તે હું શું જાણું? કારણકે મેં તેમની વાતચીત ધ્યાન દઈ સાંભળી નહી હતી. ખરૂં પુછાવો તો અરધી ઉંઘમાં હું હતી'

. લાસપર પંચ ભરવામાં આવી, અને આપણે જે જાણી ગયા છીએ તે ત્યાં પાછું બોલવામાં આવ્યું. ગંગાબાઈએ ગણુપતરાવની સામે જુબાની આપી, જ્યારે આનંદીએ તરફેનમાં કહયું. કમનસીબ વામનરાવના ગજવાંમાંથી કાંઈ પણ ચીજ મળી નહી હતી: સીવાય એક રૂમાલ હતો, જે ગણુપતરાવના ગજવાંમાંથી મલયો હતો.

ગણુપતરાવે એનો નીચે મુજબ ખુલાસો કીધો:

તે રાત્રીએ ભુલમાં તે પોતાનો લાલ રંગનો રૂમાલ વીનાયકનાં દીવાનખાનાની ટેબલ પર મેળી ગયો હતો; અને પાછલથી તપાસ કરતાં તે ખરૂં માલમ પડયું હતું; અને જ્યારે તે અને મરનાર વીનાયકનાં ઘરમાંથી બાહેર નીકળ્યા કે ઠંડી હવા અને વરસાદને લીધે આંગમાં ગરમી લાવવા તેઓ બંને નજદીકનાં એક પીઠાંમાં ગયા, અને ત્યાં અકેક ગ્લાસ દારૂ પીધો. તલાસ કરતાં આ બીના પણ ખરી માલમ પડી ત્યાર પછી તેઓ બંને ખેતર અને અનાજ તથા તરકારીના ભાવો સંબંધી સલાહ સંપજથી વાતો કરતા પીઠાંમાંથી બાહેર નીકળ્યા. પણ રસ્તાપર એટલો તો સખ્ત પવન ફુંકતો હતો કે તેમની ટોપી ઉડી જવા લાગી. વામનરાવે પોતાની ટોપી પર રૂમાલ બાંધ્યો. ગણુપતરાવે તેમ કરવા માટે પોતાનાં ગજવાંમાંથી રૂમાલ કાઢવા હાથ નાખ્યો, અને ત્યારેજ તેણે જાણ્યું કે રૂમાલ તો તે ભુલથી વીનાયકના ઘરમાં મુકી આવ્યો હતો: માટે

તેણે બંને હાથોથી પોતાની ટોપી ધરી રાખી. 'પેહેલાં વામનરાવનું ઘર આવતું હોવાથી અમે બન્ને ત્યાં ગયા. વામનરાવ પોતાનાં ઘરમાં પેઠો, પણ તેની અગાડી ઓટલાપરથી તેણે પોતાનો રૂમાલ મને આપ્યો કે જેથી હું ટોપી પર બાંધું. મેં તે લીધો અને બાંધ્યો. ત્યાર પછી હું મારાં પોતીકાં ઘરમાં ગયો અને વામનરાવનો રૂમાલ મારાં ગજવામાં મેલ્યો. બીજે દહાડે તેને પાછો તે આપવા મેં વીચાર્યું હતું.'

આ રૂમાલ પંચની હજુર મુકવામાં આવ્યો. તે મોટો અને કુમાસદાર તથા સફેદ હતો અને તે પર મરાઠી અક્ષરે વામનરાવ કરી લખેલું હતું.

પોતે તદન બેગુનાહ હતો તે પુરવાર કરવા માટે ગણુપતરાવે જણાવ્યું. કે જે વખતે ખુન થયલું કેહેવાતું હતું, તે વેળા તો તે પોતાનાં ઘરમાં નીદ્રાવશ થયલો હતો. તેનાજ ઓરડામાં એક નોકર જે સુતો હતો, તેણે આ બોલવાને ટેકો આપ્યો.

આ નોકરે જણાવ્યું કે એક બેહુન ખુન થવાની ખબર લાગ્યો, ત્યાર પછીજ તેનો નાનો શેઠ (ગણુપતરાવ) ઉઠયો હતો, અને નીચે આવ્યો હતો. પણ જ્યારે તેને પુછવામાં આવ્યું કે તે જો ભરઉંઘમાં પડેલો હોય અને તે વેળા બધવો ગુપચુપ ઉઠીને બાહેર જઈ આવીને પાછો તેવીજ રીતે સુઈ જાય, એ બની શકે એમ હતું કે નહી, ત્યારે આ નોકરે ઉત્તર વાલ્યો કે 'કદાચ તેમ થાય' પણ તેજ વખતે વધાર્યું 'એ બની શકે નહીઃ કારણ કે મારી ઉંઘ સજાગરૂ છે, અને સેજ પણ ખખડાત થતાં હું જાગી ઉઠુંછું.' નોકરના આ શબ્દો હતા.

પણ પંચનો અભીપ્રાય શો હતો? 'કોઈ ન જણાયલા શખ્સ અથવા શખ્સોએ આ ખુન કીધું છે, અને તેટલા માટે તેઓ સામે જાણીબુજીને મનુષ્યહત્યા કરવાનો દોષ લાગુ પડે છે.'

પંચનો આ અભીપરાય હતો, અને પંચના મુખીએ તેથી જુદાં પરવાનું કશું કારણ નહી જોઈને ઉપર મુજબ ઠરાવ કહી સંભલાવ્યો, અને જણાવ્યું કે ગણુપતરાવને તપાસ માટે કેદ કરવા જેટલી જોઈતી જુબાની પડી નથી.

આ પ્રમાણે ગણુપતરાવને છોડી મુકવામાં આવ્યો, પણ કેટલાંકો તો તેને ખુનીજ ધારવા લાગ્યાં. જુરીનો અભીપરાય ગણુપતરાવની તરફેણનો હતો, પણ ગણુપતરાવનાં લગભગ સઘલા પાડોસીઓનું મત એવું હતું કે તે ખુનમાં તેનો થોડો ઘણો પણ હાથ હોવો જોઈએ. તે વખતથી લોક લાગણી બીચારા ગણુપતરાવની સામે થઈ અને દહાડે દહાડે વધવા લાગી. ગણુપતરાવ જાણે ખરેખર અપરાધીજ હોય તેમ લગભગ દરેક જણ તેની તરફ પીઠ ફેરવતું. એકાદ કુતરા કરતાં પણ વધુ ખરાબ રીતે તેની સાથે ચાલ ચલાવવામાં આવતી, અને લોકમત મુજબ તે કામમાં ગંગાબાઈ મુખ્ય ભાગ લેતી હતી.

પ્રકરણ ૭ મું.

ગણુપતરાવ ગામ છોડી જાય છે.

બીજા બે મહીના પસાર થયા. એટલા વખતમાં લોકોની ચાલથી ગણુપતરાવ કંટલાઈ ગયો, અને બીજે કોઈ જતો રેહેવા તેણે નક્કી વીચાર કીધો.

તે કોઈ કોઈ વખત સાંજને સમે છુપી રીતે આનંદીને મળતો હતો; તેણીને પણ તેણે પોતાનો વીચાર જણાવ્યો. પણ તેણીએ તેમ નહી કરવા સમજાવ્યો, અને ધીરજ રાખવા કહી.

'હું હવે વધુ વખત લોકની તાનાજાની સાંભળી શકતો નથી.' તેણે પોતાની પ્રીયાને જણાવ્યું 'જો અહીં વધુ દહાડા રહીશ તો હું ઘેલો થઈ જઈશ. મારી જીંદગી હાલ કેવી છે? લોક મને ધીક્કારે છે. હું તદન નીરદોષ છું, તે છતાં તેઓ મને શા સારૂ ધીક્કારે છે? નહી; મારે હવે અહીંથી ઉઠાંગરી કરવીજ જોઇએ. હું તો હવે જરૂર જવાનો.'

તેણીએ તેને આ ઠરાવ મુલતવી રાખવા પાછો સમજાવ્યો, અને બીજે દીને સાંજે તેનો જવાબ સાંભળવા પાછી આવવા કહીને પોતાના ઘર તરફ ચાલુ મુકયું.

હવે બીજી તરફ શું થયું તે જુઓ.

'આનંદી કયાં છે ?' ગંગાબાઈએ ઘરમાં સઘળે ફરી વળીને પુછયું 'વીનાયક, તમે કાંઇ જાણો છો, એ કયાં ગઈ તે ?'

'નહી, હું નથી જાણતો. હશે, ખેતર ખેતરમાં ફરતી હશે.'

ગંગાબાઈ હવે રાંધનશાળામાં ગયાં, જ્યાં રામો બેસીને એક ખેડુના છોકરા સાથે ગપ્પાં મારતો હતો.

'આનંદી કયાં છે; રામા તું જાણુ છે?' ગંગાબાઈએ પુછયું.

'નહી, બાઈ.' રામાએ ઉતર વાળ્યો.

'કોણ, આનંદીબાઇ ?' પેલા છોકરાએ કહયું 'તેવણ તો પેલાં ખેતરમાં પેલા ગણુપતરાવ સાથે ઉભાં ઉભાં વાત કરે છે.'

'તેં કેમ જાણ્યું ?' ગંગાબાઈએ ગુસ્સો કરી પુછયું.

'કારણ કે હું અહીં આવ્યો ત્યારે મેં એમને દીઠાં હતાં.' છોકરાનો ઉત્તર હતો.

'મારી છોકરી એની સાથે!' ગંગાબાઈ બબારયાં, જ્યારે રામો પેલા છોકરાને તેના અવીચારી વાકય માટે મેઠીપાક જમાડવા ધમકાવતો ઉઠયો, પણ પગ લપસી જવાથી તેણે ભોંયે માપી. આ જોઈ છોકરો ત્યાંથી વટી ગયો.

'મારી દીકરી તેની સાથે !' ગંગાબાઈએ ઘર ગજાવ્યું 'એ ખુની સાથે!'

ગંગાબાઈ ઝડપથી પોતાનાં ભરથાર આગળ ગયાં અને તેવણને સહરાવીને કહયું.

આથી જ્યારે આનંદી પાછી ઘરે આવી, ત્યારે પોતાનાં માબાપ તરફથી તેણીને કેવો સરોપાવ મળ્યો હશે તે તો વાંચનારેજ વીચારી લેવું.

જોકે વીનાયકનું કુટુમ્બ સુધરેલું ગણાતું હતું અને વીનાયક પોતે તેમ કેહેવાડવા ખંતી હતા, છતાં જ્યારે ખુદ પોતાના ઘર સંસારને લગતી કાંઇ બાબદ આવતી કે તેવણના સુધરેલા વીચારો પર સાફ પાણી ફરી જતું હતું. આ ખુબી યા ખામી, ગમે તે કહો, હીંદુસ્થાનનાં લગભગ સઘળાં 'સુધરેલાં'માં ખપતાં આસામીઓમાં જોવામાં આવે છે, પણ તે બીના 'સુધારા'ના પડઘમ વજાડનારાઓ બામબા દાબી રાખવા દહાપણ ભરયું વીચારે છે, અને તેથી સુધરેલા વીચારની વીરૂધની બીનાઓ ઝાઝી બાહેર આવવા પામતી નથી.

તુટેલાં જીગરે આનંદી પોતાના ઓરડામાં ગઈ. વીનાયક આજના જેટલા ગુસ્સે કોઈ દહાડે થયા નહી હતા, તેમાં આનંદી પર તો કદી નહી. આનંદી આથી ગભરાઈ અને પોતાના મા બાપના હુકમથી તેણીએ કબુલાત આપી કે તેણી ફરીથી ગણુપતરાવને જોશે નહી.

અહીં બાપડા ગણુપતને બીજો ફટકો હતો. બીજે દહાડે ગોઠવણ મુજબ તે પેલાં ખેતરમાં ગયો, પણ આનંદી આવીજ નહીં.

તેણે પોતાનો ઠરાવ કીધો.

હનમંતરાવને તે પોતાનો મીત્ર ગણતો હતો: તેથી તે તરતજ તેવણને ત્યાં ગયો અને બીજે દીને પોતે મુમ્બઇ ઉપડી જવાનો ઠરાવ પોતાનો કહી સંભળાવ્યો, અને જણાવ્યું કે આસરે એક પખવાડયું તે ત્યાં રહેશે અને જો મુમ્બઇમાં કાંઇ ચાકરી નહી મળશે તો એડન ઉપડી જવાનો તેનો વીચાર હતો. એવું કેહેવામાં આવે છે કે રાવસાહેબ હનમંતરાવે ત્યાંજ રેહેવા સમજાવ્યો, પણ ગણુપતે તેમ કરવા ના પાડયું. ગણુપતરાવનો બાપ તો સરકારી નોકરીમાં હતો, અને એ ધંધાની રૂએ પોતાથી વડા એન્જીનયર સાથે ગામે ગામ ફરતો રેહતો હતો. અને વાંચનાર! બીજે દીને ગણુપતરાવ નીરાશ થયલાં મનથી પોતાનું પ્યારૂં ગામ છોડી ગયો.

પણ હવે બીજી તરફ શું બન્યું તે જુઓ.



અને વીમાન પોતાનાં બંને ભોગો સાથે ઉંચે ને ઉંચે ચઢવા લાગ્યું.

પ્રકરણ ૮ મું.

આનંદી કાંઇક નવી ખબર સાંભળે છે.

આઠેક દહાડે આનંદી પોતાનાં મા બાપ સાથે પુને ગઇ. આ વેળા આગળના જેવી આનંદી નહી હતી. તેણીના દેખાવમાંજ નહી પણ સ્વભાવમાં વટીક મોટો ફેરફાર થઇ ગયો હતો. ઉદાસીએ તેણીના જીગરમાં ઘર કીધું હતું.

પુનામાં કાંઇ તેહેવારો શરૂ થયા હતાઃ અને તેથી ત્યાં ધમધુમનો દેખાવ નજર પડતો હતો. લકડી-પુલ આગળ મોટો મેળો પણ ભરાયલો હતો, અને શીવાજીની બાહાદુરીની પુજા કરનારા આ ચંચળ મરાઠા બચ્ચાઓ તેહેવારના દહાડા કેવી રમત ગમતમાં પણ સલાહ સંપજથી ગુજારે છે, તેનો ખ્યાલ નજરે જોયલાઓનેજ આવે. આવા વાર તેહેવારો પર મુખ્ય કરી કસરતની રમતો આ બહાદુર જાતને વધુ પસંદ છે, અને તેથી ઠેકાણે ઠેકાણે કુસ્તી, પટા, વગેરેની રમતો તાલીમબાજો રમતા નજરે પડે છે. પણ આ તાલીમબાજો કાંઇ ધારવામાં આવે છે તેમ તોફાની નથી: તેથી ઉલટું તેઓ કાયદાને ઘણું માન આપી ચાલનારા છે. પણ જ્યારે તેઓ પોતા પર મોટી ગેરઇનસાફી ગુજરતી જોય છે ત્યારેજ તેમનો જુસ્સો ઉશકરાઇ આવે છે, અને તેમાં કોઇ પણ અક્કલવંત માણસ તે માટે ઠપકો આપી શકશે નહી.

તેજ પ્રમાણે આજે—એટલે તે દહાડે—પણ કુસ્તીના એવા ઘણા અખાડા નજરે પડતા હતા.

આનંદી પોતાનાં મા બાપ ભેગી લકડી પુલ આગળ ભરાયલો મેળો જોવા ગઇ. મેળામાં વાનાયક અને ગંગાબાઇના કોઇ ઓલખીતાં મળ્યાં, જેમની સાથે તેઓ એક જગ્યાએ ઉભાં રહી વાતે વળગ્યાં, જ્યારે આનંદી બેદરકારપણે આસપાસ નજર નાખતી થોડે છેટે ઉભી રહી. તેવામા એક શખ્સને તેણીએ પોતા હજુર ચાલતો એકાએક ઉભો રહેલો જોયો. તેનો ચેહરો ઓલખીતો જણાયો, પણ તેણે પેહેરેલા પોશાકથી આનંદી જરા ગુચવણમાં પડી. આ શખ્સ કોઇજ નહી પણ અમીરૂદીન જમાદાર હતો, જેણે આ વેળા એકાદ મરાઠા ગ્રહસ્થનો પોશાક પેહેરેલો હતો.

'તમે મને નથી ઓલખતાં?' તેણે હસી પુછ્યું 'હું તમારાં ગામનો અમીરૂદીન જમાદાર!'

'તમે, તમે!'

'હા! ગુનેહગારને પકડવા અમે તરેહવાર પોશાકો પેહેરીયે છીએ' તેણે હસવેથી જણાવ્યું, પણ તે એવી ઢપે ઉભો રહયો કે કોઇ સમજી શકે નહી કે તે આનંદી સાથે વાતચીત કરતો હતો.

'હા, પોશાકથીજ હું મારાં બીલ્લુને પકડવા શકતીવાન થયો છું, અને હમણાજ હું તેને ફરાસખાનામાં સહી સલામત મેલી આવ્યો છું. બાઇ! આખરે મેં ખરા ખુનીને પકડયો છે. હું ધારૂં છું કે વામનરાવના ખુનની વેળાએ તમોએ જે વાત જણાવી હતી, તે ખરી પડેલી જણાશે.'

'શું થયું છે?' આનંદીએ પોતાની મા તરફ નજર નાખી આતુરતાથી પુછ્યું.

જમાદારે આ જોયું. તેને માલમ હતું કે લગ્ન બાબદ મા દીકરી વચ્ચે વાંધો હતો, અને તેથીજ કદાચ ગંગાબાઇએ પોતાની દીકરીની વાત ખોટી જણાવવા ફાંફાં માર્યાં હોય.

'હા, હું સમજયો!' જમાદાર બડબડયો. ત્યાર પછી તેણે કહ્યું 'વામનરાવના ખુનીને અમે મજબુત શક પરથી પકડયો છે. હું હવે ધારૂં છું કે ગણપતરાવ નીરદોષ છે. તમે અને તમારી માએ કદાચ અહીં પુનામાં બે ચાર દીવસમાં સાક્ષી આપવા તૈયાર રેહેવું જોઇશે. તમોને કાલે સાક્ષી સમન્સ પુગાડવામાં આવશે.

'અરે! આ કોણ?' ગંગાબાઇ પોતાના ધણી સાથે આનંદી આગળ જઇ લાગતાં બોલ્યાં. આનંદી વાતમાં એવી તો ગુંટાઇ હતી કે તેણીના માબાપ તેણીની તરફ હવે આવતાં

હતાં તે જોઈ શકી નહી. પણ જમાદારે તેમને આવતાં જોયાં, તોએ ખામખા તે પર આનંદાનું ધ્યાન ખેંચ્યું નહી.

‘હા, જમાદાર કે?’ ગંગાબાઈ હવે ચોંકીને બોલ્યાં ‘સમન કોણને?’

‘બાઈ! તમોને અને આનંદીબાઈને!’ જમાદારે ઉત્તર વાળ્યો.

‘શા માટે?’ વીનાયકે પુછયું.

‘કારણ કે, શેઠજી, વામનરાવના ખુનને સારૂ’ જમાદારે સમજાવ્યું ‘હું ધારૂં છું કે આખરે અમે ખરો ખુની શોધી કાઢવાને શકતીવાન થયા છીએ. હમણાજ હું તેને પકડીને ફરાસખાનામાં પુરી આવ્યો છું. બાપડા મણુપતરાવને સંડોવવામાં આપણે ઘણી મોટી ભુલ કીધી હતી, અને તે માટે હું ખરેખર દલગીર છું.’

જમાદારે કહ્યું તે ખરૂં હતું. એક શખ્સને પુનામાં પકડવામાં આવ્યો હતો અને તેને ચેકીમાં કેદ કીધો હતો. તેની પર વામનરાવનું ખુન કરવાનો વાંક મુકવામાં આવ્યો હતો.

પ્રકરણ ૯ મું.

ખરા ખુનીની તપાસ ચાલે છે.

ગંગાબાઈ તથા આનંદીબાઈને સાક્ષી સમન્સ મળ્યા. તે શરૂઆતની તપાસ સારૂ હાજર થવા માટે નહી, પણ સેસન્સ કોર્ટમાં હાજરી આપવા માટે હતા.

મેજીસ્ટ્રેટે શરૂઆતની તપાસ ચલાવી બંધવાને ચગુક દાવસમાં શરૂ થનારી સેસન્સમાં તપાસ માટે નોંધ્યો હતો. પોલીસે જે પુરાવો રજુ કીધો તે બંધવાને સેસન્સ કમીટ કરવા પુરતો મેજીસ્ટ્રેટે ધાર્યો, અને બાકી રહેલા સઘળા સાક્ષીઓને મોટી અદાલતમાં હાજર કરવા પોલીસે કબુલાત આપી. આ છેલ્લા સાક્ષીઓમાં ગંગાબાઈ અને તેની દીકરી આનંદી પણ હતી.

પુનામાં સેસન્સ કોર્ટ શરૂ થઈ, અને એક મુકદમા સાંભળીને તેમનો ફેસલો કર્યા પછી વામનરાવના ખુનનો મુકદમો હાથ ધરવામાં આવ્યો.

ખાસ જુરીને સોગંદ આપ્યા પછી મુકદમો ચલાવવામાં આવ્યો. જડ્જ ગંભીરાઈથી ન્યાયાસને બેઠો, અને આખી કોર્ટમાં ચુપકીડી ફેલાઈ ગઈ.

મેજીસ્ટ્રેટ આગળ જે પુરાવો તાજ તરફથી રજુ કરવામાં આવ્યો હતો, તેજ પુરાવો હયાં પાછો રજુ કરવામાં આવ્યો. બંધવા સામે મુખ્ય બાબદ જે ગઈ, તે વામનરાવની પોકીટ, તેમાનાં નોટરૂપી પૈસા, મરનારની વીંટી, રૂપાંની દાબડી, કંડોરો, વગેરે હતું. નોટો પરની હાથે લખેલી નીશાણી મરનારને આપનાર જુદા જુદા શખ્સોએ ઓળખી કાઢી. વીંટી બંધવાએ એક મારવાડીને ત્યાં ગીરવી મેલેલી જણાઈ, જેણે બંધવાને ઓળખ્યો. પાન સોપારી પર લગાડવાના ચુનાની એક નાની રૂપાંની દાબડી હતી, જે બંધવાએ એક બીજા મારવાડીને વેચી હતી તેણે પણ બંધવાને ઓળખ્યો. કંડોરો બંધવાએ એક સોનીને ગાળી કાઢવા આપ્યો હતો, અને તેને હુકમ કીધો હતો કે એક બીજો કંડોરો જુદા ઢબે તેને માટે બનાવવો. આ સોનીએ પણ બંધવાને ઓળખ્યો. વીંટી, દાબડી, કંડોરો વગેરે ચીજો વામનરાવને ત્યાં નોકરી કરનારીઓએ મરનારની ચીજો દાખલ ઓળખી.

બંધવાએ એ સઘળું પોતા સામે હોવાનું કબુલ કીધું, પણ તેના બેરીસ્ટરે બચાવ કીધો કે બંધવાના જણાવ્યા પ્રમાણે બંધવાને એ સઘળું એક ઝાડી આગળથી, મરનારની લાસ જે દહાડે જણાઈ તે દહાડે, મળ્યું હતું, અને તે ઝાડી જયાં મરનારની લાસ પડેલી હતી તેનેથી થોડેક દુર આવેલી હતી: માટે બંધવાએજ ખુન કીધું એ બરાબર પુરવાર થતું નથી; પણ બંધવો જે બીના જણાવતો હતો તે ખરી હોવી જોઈએ: આ પ્રમાણે બંધવાના હીમાયતીની વચમાળે તકરાર હતી.

આથી તાજ તરફથી આવેલા હીમાયતીએ બીજા વધુ સાક્ષીઓ બોલાવવા જણાવ્યું.

ગંગાબાઈની જુબાની ઝાઝી અને અગત્યની નહી હતી, ઉલટી તે બંધવાની તરફેણ જાય એવી હતી: તોપણ સરકાર તરફના હીમાયતીએ જણાવ્યું કે પોલીસ પોતા પાસેની સઘળી હકીકત કોરટ સનમુખ મુંકે છે; અને તેથીજ બંધવાની સામેના તેમજ તેની તરફેણના સઘળા સાક્ષીઓને તેઓ રજુ કરે છે.

છેલ્લી પણ ઘણી અગત્યની સાક્ષી આનંદીબાઈની હતી. મુકદમો ચાલતી વેળા તેણીને બીજા સાક્ષીઓ પેઠે ઓરડાની બાહેર રાખવામાં આવી હતી.

પ્રકરણ ૧૦મું.

આનંદી ખુનીને તેના સાદ પરથી પીછાણે છે.

તેણીનું નામ પોકારવામાં આવતાં તેણી નીચી નજરે કોર્ટમાં દાખલ થઈ. તેણીની આવવાની છટા અને અદબથી હાજર રહેલાંઓ પર સારી અસર થઈ.

તેણીએ પોતાની જુબાની જરા પણ લડડયા વગર અને સફાઈથી આપી. પોતે દુધ દોહોવવા કેવી રીતે ગઈ હતી, અને ઢોરો બાંધવાના વાડા આગળ જઈ પુગતાંજ તેણીએ મારામારી કરવાનો અને પછી કોઈને (વામનરાવને) માર મારવાનો અને ત્યાર પછી મરતી વેળાની ચીચારીનો અવાજ જે સાંભળ્યો હતો તે સઘળું તેણીએ બારીકીથી જણાવ્યું; ખુનીએ ઓચરેલા કેટળાક શબ્દો તે પાછી બોલી. પણ તેણીએ ખુનીને નજરે નજર જોયો નહી હતો: માટે બંધવાને છુટી જવાનો ઘણો સંભવ હતો.

'તમે ખુનીને આજ તુલીક દીઠો છે?'

'નહી. કારણ કે મેં ફકટ તેનો અવાજજ સાંભળયો હતો.' તાજ તરફના ધારા શાસ્ત્રીએ પુછેલા સવાલનો આનંદીએ ઉત્તર વાળ્યો.

'અવાજ કેવો હતો?'

'મેં તે દહાડેજ પેહેલવેહેલો તે સાંભળ્યો હતો. તે મને તદન અજાણ્યો લાગ્યો.'

'ઠીક.'

આનંદી થોડી વાર સાક્ષીના પીંજરામાં બેઠી થઈ. તેણીએ ધારીયું કે તેણીની જુબાની હવે તદન પુરી થઈ છે: માટે તેણીને બાહેર જવાનો હુકમ કરવામાં આવશે. પણ સેહેજ વાર રહી વાદીના હીમાયતીએ કહયું: 'બાનું તમે આસપાસ જુઓ; ખુનીને મલતો આવે એવો કોઈ શખ્સ અહીં છે?'

આનંદીએ કોરટના તે ઓરડામાં બધી તરફ નજર ફેરવી. પણ તેણીએ ખુન થતી વેળા યા ત્યાર પછી ખુનીને જોયલો નહી હતો: એટલે નીષ્ફળ થઈ.

જડજે ફરીથી જોવા કહયું. તેણીએ આ વેળા વધુ બારીકાઈથી આસપાસ નજર નાખી. પણ ખુનીને નહી પીછાણ્યાથી તેણીએ નીયાયાધીસ તરફ ફરીને ડોકું હીલવ્યું.

'સાહેબ!' તાજ તરફનો હીમાયતી બોલ્યો 'મારે બંધવાને પુછવું છે. તમે આ બાનુને પીછાણો છો?' તેણે બધવાને ખામખા આ સવાલ પુછયો.

પણ હજુ તો બંધવાનો હીમાયતી તે સવાલ સામે વાંધો લે. તેની અગાડી બંધવાએજ મોટેથી ઉતર વાળ્યો: 'તમે હજુ શું પુછો છો? જોતા નથી કે આ બાઈ મને પીછાણતી નથી?'

આ અવાજ સાંભળી આનંદી તરતજ ચોંકી. બંધવા તરફ તેણી પીઠ ફેરવી ઉભી હતી: માટે તેણીએ ફરી જઈને જે બાજુથી અવાજ આવ્યો તે બાજુએ કમકમીને નજર નાખી, અને આતુરતાથી કહયું: 'હમણા જે શખ્સ બોલ્યો, તે શખ્સે વામનરાવનું ખુન કીધું હતું. હું સાદ પરથી એને પીછાણું છું.'

બંધવો આ સાંભળી ફીકકો પડી ગયો. જડજે તેની તરફ કરડી નજરે જોયા કીધું, જ્યારે બંધવાના હીમાયતીના ગુસ્સાનો પાર રહયો નહી. તે બંધવા સામે ડોલા કકડાવવા લાગ્યો. બંધવાએ પોતાને મ્હોંડે સઘળો મુકદમો બગાડી નાખ્યો હતો.

'તમે પોતેજ તમારો મુકદમો ખરાબ કીધો છે' હીમાયતીએ બંધવાને સમજ પાડી.

બંધવાએ હવેજ પોતાની ભુલ જોઇ: પણ તે મોડી હતી, અને તેનું પરીણામ કડવું થશે તે તેણે જાણ્યું. તે આજેજ થઇ ગયલો જણાયો.

પ્રકરણ ૧૨ મું.

ખુનીને ફાંસીની સજા થાય છે, અને મરવા અગાડી તે પોતાનો અપરાધ કબુલ કરી જાય છે.

'તમે જણાવો છો કે હમણા જે સાદ તમે સાંભળ્યો તેજ સાદવાળા શખ્સે મરનારને મારી નાખ્યો હતો?' આનંદીને વધુ સવાલ પુછવામાં આવ્યો.

'હા, સાહેબ. આ સાદ એવો છે કે મરણ તુલીક હું તેને વીસરીશ નહી.'

'તમારી ખાતરી છે કે એ તેજ સાદ?'

'હા સાહેબ!'

'ભુલ તો નથી કરતાં?'

'નહી સાહેબ.' ત્યાર પછી તેણીએ વધાર્યું 'મેં તમોને આગલ નહી કહ્યું હતું આ સાદ મને તદન અજાણ્યો લાગ્યો અને તે સાદવાલો શખ્સ મને ઓલખીતો નહી જણાયો?'

'આ સાદ જે તમે ઓલખ્યો તે કયો શખ્સ બોલ્યો, તે તમે જાણો છો?'

'નહી સાહેબ.'

'કાંઇ નહી, એ બાબદ જવા દેવો. હવે આપણે બીજી બાબદ પર બોલીશું આ શખ્સ (બંધવાને દેખાડી) ને તમોએ આગલ કોઇ દહાડે જોયો હતો?'

'નહી.'

'બરાબર જુઓ!'

'નહી, મને ખ્યાલ આવતો નથી. એ તદન મને અજાણ્યો લાગે છે.'

'શું તમે એને ઓલખતાં નથી?' તાજના હીમાયતીએ જરા દમ કસ્યો.

આનંદીએ ધમરાઇને બંધવા તરફ બારીકાઇથી જોયું, અને પછી ડોકું હલાવીને બોલી: 'નહી, સાહેબ! આજે પેહલવેહલોજ મેં એને અહીં જોયો છે.'

'ત્યારે તમે જાણીને અજબ થશો કે' તાજના હીમાયતીએ ટીકા કીધી 'તમે હમણા ખુનીનો તરીકે જે સાદ પીછાણ્યો, તે બંધવાનો પોતાનો હતો.'

'શું—એ—એ—'

'તમે હવે અહીંથી જતાં રેહવો; પણ સબુર.'

ત્યાર પછી બંધવાનો હીમાયતી સાક્ષોની ઉલટ પાલટ તપાસ કરવા માંગતો હતો કે નહી, તે તાજના હીમાયતીએ પુછ્યું.

બંધવાના હીમાયતીએ આનંદીને થોડાક ઉલટ પાલટ સવાલો પુછ્યા: મુખ્ય કરી સાદ સંબંધી; પણ તેમાં સાક્ષી મુદલ તુટેલી જણાઇ નહી. એટલે તેણીને સાક્ષીના પીંજરામાંથી બાહેર જવા કહ્યું.

જડજે ત્યાર પછી જુરીના ગ્રહસ્થોને મુકદમામાં પડેલી જુબાનીનો સાર કહી સમ્મજાવ્યો, અને કાયદાની કેટલીક બારીકી વીશે તેમને સહમજ આપીને બંધવો નીરદોષ છે કે અપરાધી, તે માટે અભીપ્રાય આપવા ફરમાવ્યું.

જુરી ખાનગી ઓરડામાં વીચાર કરવા ગઇ, અને જડજ અંદરના ઓરડામાં ગયો.

થોડો વખત રહીને જુરીએ આવી પાછી પોતાની બેઠક લીધી, જ્યારે જડજ એક કાલી ટોપી પેહેરીને ન્યાયાસને બેઠો.

'ગીલ્ટી યા નોટ ગીલ્ટી?' જુરીને પુછવામાં આવ્યું.

'ગીલ્ટી!' જુરીનો અભીપરાય હતો.

જડજે પણ પોતાનું મળતાપણું બતાવ્યું અને કાયદામાં જે મોટામાં મોટી સજા—એટલે ફાંસી—ફરમાવેલી છે તે ફરમાવી.

પોતાના પેદા કરનારને જવાબ દેવા જવા અગાડી બંધવાએ પોતાના ગુનાહનો પુરો એકરાર કીધો.

ગણપતરાવે જે વાત જણાવી તે ખરી માલમ પડી. તેણે જે જણાવ્યું હતું કે ગંગાબાઇના ઘેરથી નીકળવા પછી તે અને મરનાર

એક પીઠાંમાં ગયા હતા. આ ઠેકાણે તે દીવસે જે વેચાણ કીધું અને બીજી સહવારે એ સઘળું નાણું પાછું બીજી ચીજોમાં રોકવા જવાનો હતો તે સઘળું ગણુપતરાવને મરનારે મીત્રાચારીના હકમાં કહયું હતું; વાંચનારને યાદ હશે કે મરનાર અને ગણુપતરાવ વચ્ચે ફકત આનંદી માટે વાંધો પડયો હતો અને તે વાંધો તેઓ હમેશાં ગંગાબાઈના ઘરમાંજ દરશાવતા; બાકી બાહેર નીકળતાં તેઓ બંને પાછા મીત્ર થઈ જતા હતા, અને આનંદીની વાત દાબી દેતા હતાઃ માટે પીઠાંમાં તેઓ ધંધા સંબંધી વાતચીત કરે એમાં નવાઈ જેવું કાંઈ નહી હતું. ઘણી વેળા તેઓ તેમ કરતા દેખાયા હતા, અને તે દીવસે પણ તેમજ કીધું હતું. પણ આ વેળાની વાતચીત વેળા બંધવો દરૂ પીવા માટે ત્યાં હાજર હતો, જેણે તેઓની વાતચીત સાંભળી. તેણે જણાવ્યું કે 'મરનાર બીજે દીને બીજા ગામમાં પૈસા લઈ ખરીદી કરવા જવાનો હતો એ વાત મેં પીઠાંમાંથીજ જાણી લીધી હતી.'

તેણે મરનારને લુટવા તે રાત્રીએ યુકતી રચી, પણ તેને કસો ઈલાજ સુજ નહી પડવાથી બીજી સહવારે પોહોર ફાટયા અગાડી કાંઈ પણ કરી વામનરાવને તેના ઘરમાંથી બાહેર લાવવો એવો તેણે ઠરાવ કીધો. તેણે એક તાલ લગાડી જોઈ અને તેમાં તે ફતેહમંદ ઉતરયો.

સહવારનાં બાહેર મોટી ખરાદીએ જવાને વામનરાવનો વખત બંધવાને માલમ હતો, પણ તે વખત કરતાં વધુ જલદીથી વામનરાવને બાહેર લાવવા માટે તેણે મરનારને હાંક મારી તેને ઉઠાડીને જણાવ્યું કે તેના વાડામાંથી એક ગાય નાસી ગઈ હતી અને તે પાસેના ખેતરમાં ફરતી ફરાને ત્યાં નાસ કરે છે. વામનરાવે જોયું કે ખરાદીએ જવાનો વખત પણ થવા આવેલોજ હતોઃ માટે તેણે કપડાં પેહેરી લીધાં અને કેટલુંક નાણું બંદીઆનના ગજવામાં મુંકીને અને કેટલુંક કમરે બાંધીને તે બાહેર નીકલ્યો.

મરનારને નીચે ઉતરતો જોઈ બંધવો છુપાઈ ગયો. વામનરાવ લાગલો પોતાના વાડામાં ગયો, પણ સઘળા ઢોરને સલામત જોઈ તેણે ધારયું હશે કે 'કોઈ બીજાની ગાય છુટી ગઈ હશે અને કોઈએ ભુલથી મને એ ખબર આપી હશે.'

તેથી તેણે હવે ધારેલે ઠેકાણે ખરીદી કરવા ચાલુ મુકયું. પણ તેણે વામનરાવનાં ગાય ઢોર બાંધવાનો વાડો પસાર કીધો નહી કે પુઠે લાગેલા બંધવાએ પછવાડેથી આવી મરનારનાં માથાંમાં જોરથી લાકડીના ફટકા મારવા શરૂ કીધા. ત્યાર પછી શું થયું તે વાંચનારે સમજી લેવું.

મુકદમો ચુકયાને થોડા દીવસ ગયા પછી ઠરાવેળે દીવસે બંધવાને પોતાનો પ્રાણ તે બારે હકતાબાને સ્વાધીન કરવા માટે નેમેલી જગ્યાએ લઈ જવામાં આવ્યો, અને ફાંસીની ડેરી ખસાડવા પછી થોડાંક તરફડયાં મારયા પછી તે મરણ પામેલો સરકારી ડોકટરે જાહેર કીધો.

પ્રકરણ છેલ્લું.

ગણુપતરાવની આખરે છેલ્લી સુખી ઘડી આવે છે.

હવે બીજી તરફ આપણે નજર ફેરવીએ. હનમંતરાવ મેજીસ્ટ્રેટને જેવી ખબર પડી કે વામનરાવના ખરા ખુનીને પુનામાં પકડીને ફરાસખાનામાં પુરવામાં આવ્યો છે, તેવાજ તેવણે તરતજ પોલીસમાં પરપુછ કરી તેવણની ખાતરી થતાંજ તેવણે તરતજ ગણુપતરાવ પર મુમબઈ તાર મોકળાવ્યો, અને તેને બાહેર ગામ ઉપડી જવાને બદલે પોતાને ગામ ઉતાવલે પાછો વલવા સલાહ આપી. તેવણે ત્યાર પછી પોતે તેહકીક કીધેલી સઘળી બાબદ એક ચીઠીમાં લખી ટપાલ મારફતે ગણુપતરાવ પર મોકલી. આ મુજબ ગણુપતરાવ જેને પોતાનો મુરબ્બી ગણતો હતો, તેણે (હનમંતરાવે) પોતાની ફરજ બજાવી હતી.

પણ ત્યારે ગંગાબાઇ? પોતે ધારીયું હતું તે કરતાં જુદોજ બનાવ બનેલો જોતાંજ તેણી વખતને નમી. તેણીએ છેલ્લી ઘડીએ પોતાની ભુલ જોઈ, અને નીરદોશ ગણુપતરાવને તેણીની જુબાનીથી કડાસ કેવી ખોટી રીતે

સીક્ષા થતે તે વીષે જ્યારે તેણીએ નીરાંતથી વીચાર કીધો ત્યારે પોતાની જીદ માટે ઘણી પસતાવા લાગી અને તેનો બંગ વાલવા માટે બનતું કરવા લાગી. તેણી ખુલ્લી રીતે હવે ગણુપતરાવની તરફદારી કરવા લાગી અને જે કોઇ પણ તેવણના ઘરમાં મલવા આવતું તેની આગલ આ જીદી પણ ભલી સ્ત્રી એજ વાત છેડતી અને પોતાની જીદ માટે પસ્તાવો દેખાડતી હતી.

વાંચનાર ! આ કેવો ફેરફાર ! ગણુપતરાવને મુમ્બઇમાં માલમ પણ નહી હશે કે જે વખતે તે પોતાનું ગામ નીરાશીથી છોડી ગયો તે વખતે લોકોની જે લાગણી તેની સામે હતી, તે હવે ઉલટાઇને તદન તેની તરફેણમાં થઇ હતી. તે જ્યારે પાછો વલ્યો ત્યારેજ તેણે એમ જોયું, અને તેથી ખુશાળીથી તેનું હૈયું તર થયું. પણ એ સઘળાંઓમાં આનંદી વધુ આનંદ થઇ, એ તો સઘળા ચેતી ગયા હશે.

ગંગાબાઇનું મત આ પ્રમાણે ફેરવાઇ ગયલું જોતાંજ દુન્યા બાંધેલ હનમંતરાવે તેનો પુરતો લાભ લેવા ઠરાવ્યું, જેનાં પરીણામમાં ગણુપતરાવ અને આનંદીના ઘણી ધામધુમ સાથે લગન થયાં; એ વખતે લોકોએ એટલા તો ઉમંગથી તેમાં ભાગ લીધો કે તે બનાવ આજની ઘડી સુધી તેઓ યાદ કરે છે, અને વાચનાર! તમો જો આ પરીણામ માટે ખુશી હોવો તો હનમંતરાવ પોતાનાં કુટુમ્બ તરફથી તમોને 'રામ રામ' કરે છે.

સમાપ્ત.

કેપ્ટન કન્ગાઉરડન.

કોચીન ચાયનામાં જે વેળાએ ફ્રેન્ચોએ પગ મેળવ્યો નહીં હતો, તે વેળાએ ત્યાંથી પાછો ફરતો મારો એક મીત્ર મારે ત્યાં જમવા આવ્યો. એ વખતે 'લ બોની મેર' નામનાં લડાયક બારકસનો કેપ્ટન કનગાઉરડન પણ પરોણા દાખલ હતો.

હમેસની પેઠે મારા આ મીત્રે વાતચીત ચલાવી. તેણે સીયામના લોકોની રીતભાતોનું વર્ણન કીધું અને પછી સીયામીસો કેવી કમકમાત ઉપજાવનારી શીક્ષા કરે છે તે વીશે કહયું.

સ્વભાવીક રીતે આ વખતે હાજર રહેલાઓ તે વીશે પોતે જે જાણતા તે જણાવતા, જ્યારે કેટલાકોએ તે વખતે જે સાંભળ્યું તે માટે ટીકા ચલાવી સંતોષ લીધો. આવી ગમાની વાતચીત વધુ આગળ નહીં લંબાવવા મેં ઇચ્છયું, પણ મારૂં કાંઇ વળ્યું નહીં. આથી મારા જેવા વીચારનો કોઇ ત્યાં હાજર હતો યા નહીં તે માટે મેં આસપાસ બારીકાઇથી નજર ફેંકી, તો મારી નજરે કેપ્ટન કન્ગાઉરડન પડયો. તે એક ખુણામાં ચુપચુપ બેસી બીડી પીતો અને ઘણાંજ ધ્યાનથી વાતચીત સાંભળતો હતો.

'કેપ્ટન! તમારૂં શું મત?' મેં પુછયું 'શીક્ષા કરવાની આ રીતો શું ઘણી કમકમાત ભરી નથી? ફાડી ખાનારાં જાનવરો કરતાં આવાં આદમીઓના સપાટામાં જવું ભય ભરયું નથી?'

'તમારૂં કેહેવું ખરૂં છે' તેણે ઉતર વાળ્યો 'કારણ કે એનો અનુભવ મેં જાતે મેળવ્યો છે.'

'આવા સીયામીસોના હાથમાં શું તમે સપડાયા હતા?'

'નહીં; મારા પોતીકા દુશમનોમાંનાં એકના હાથમાં; પણ જો કે તે આપણી જાતનો ગોરી ચામડીવાલો કીસ્ચીયન હતો, તોપણ હું અનુભવથી કહું છું કે એની આગલ સીયામીસો અને કોચીન ચાયનાનાં જંગલી લોકો હજાર દરજજે સારા.'

કેપ્ટનના આ બોલવાથી બીજાઓ ભેગો હું ઘણો અજાયબ થયો. કમકમાત ભરી વાત આગળ વધતી અટકાવવા હું ઘણો ખંતી થયો હતો, પણ કેપ્ટનના ઉપલા ટીકાથી હું તેવીજ વાત સાંભળવા હવે આતુર થયો અને બોલ્યો: 'અમોને તે વીશે જણાવો.'

"આહ!" તે બોલ્યો "ખલાસીની જીંદગી વીશે તમો શું જાણો? અચાનક રીતે અને ન ધારેલે ઠેકાણેથી તેની પર કેટલીક વખત આફત આવી પડે છે. મોબીલ ખાતે નવેમ્બર માસની એક ખુશનુમા સહવારે આઠ વાગતે એવુંજ કાંઇ બન્યું હતું.

બારામાં મારાં વહાણે લંગર નાખ્યું હતું. મારાં માણસોનાં મોટા ભાગને શેહેરમાં ફરવાની રજા આપી હું પણ ઘણો ખરો ફરવા નીકલતો હતો. બાકીના માણસો વહાણપર તકેદારી રાખવા રેહતાં હતાં.

આથી મોબીલ ખાતે ઉપલા દીવસે હું અને વડો માલમ મલી અમે બન્ને જણા વહાણ મંડાવનાર વેપારીને ત્યાં જવા નીકલ્યા.

શેહેરથી તેનું ઘર આસરે સવા માઇલ દુર હતું, અને અમોને ગીચ ઝાડોવાલા સાંકડા રસ્તા પરથી પસાર થવાનું હતું. રસ્તાનો આ-

મેરે ત્રીજે ભાગ પસાર કીધા પછી મારા સોબતી—તે મારા વહાણના વડા માલમ—ને એક રસીટ વહાણ પર મુકી આવ્યાની યાદ આવી. આ રીસીટ પેલા વહાણ મંગાવનારને હાથોહાથ સ્વાધીન કરવાની હતીઃ માટે મેં માલમને ઉતાવલથી લઇ આવવા જણાવ્યું, અને હું ધીમે કદમે આગળ વધવા લાગ્યો.

પણ હજુ તો થોડાં કદમ હું આગલ વધ્યો નહી તેટલાંજ મેં એક શખ્સને પાછો મારી પીઠ પાછળથી આવતો દીઠો. બંદર પરથી હું અને મારો સોબતી નીકલ્યા, તેટલા વખતમાં આ શખ્સને મેં આ સુધાં ત્રીજી વાર જોયો હતો. તે મારી અડોઅડ આવતો અને મને બરાબર જોઇ જાણે કાંઇ યાદ આવ્યું હોય તેમ ઢોંગ કરી પાછો અમારી આગળ ને આગળ જતો રેહતો, અને થોડા વખત પછી પાછો દેખાતો. મારે તમોને કેહેવૂં જોઇએ કે અમારો રસ્તો ઘણો વલાણવાલો હતો, યાને તે સીધો નહી હતોઃ તેથી આ શખ્સ જ્યારે પણ વલાણ આવતી ત્યારેજ પાછો જતો રેહતોઃ જેથી તે કયાં જાય છે, તે મને જણાતું નહી. મારા સોબતીએ આ શખ્સની હીલચાલ પર ધ્યાન આપેલું હોય કે નહી તે માટે હવે હું શકમંદ થયો.

મેં તમો માત્રોને જણાવ્યું તેમ મારા સોબતીથી છુટો પડયા પછી થોડાક પગલાં જેવો હું આગળ વધ્યો નહી કે પેલા શખ્સને આ વેળા મેં પછવાડેથી આવતો તેના પગલાં પરથી સાંભળ્યો. મેં બારી આંખે જોયું તો એજ શખ્સને મેં જોયો. આવી ઝાડીવાળી અને એકાંત જગ્યામાં અને આવા મુલકમાં ઘણી સંભાળથી આપણને ફરવું પડે છે તે તો તમો સાહેબોને રોશન હશે.

આ શખ્સના મ્હોં પરથી તે કાંઇ સારો માણસ મને દીસ્યો નહી. મેં તો આગળ વધવું ચાલુજ મુકયું, પણ તેજ વેળા મારી નાની બંદુક લેવા મેં મારો હાથ લંબાવ્યો, અને મારી પાસે છુપાવેલી કટારી હમેશની પેઠે ઠાવી હતી યા નહી તે મેં ઝડપથી જોઇ લીધું.

મારા વ્હાલા મીત્ર! પણ હજુ તો હું મારી નજર પાછી બીજી ગમ ફેરવું, તેટલાંજ એક બલદની પેઠે મને નીચે પછાડવામાં આવ્યો. તે લુચ્ચાએ મારાં ગલાંમાં દોરડાંનો ફાંસો છેટેથી નાખી મને જમીનદોસ્ત કીધો. મારૂં ગળું બચાવવા મેં મારા હાથ તે બાજુ ધરયા; પણ હજુ તો હું આંખ ઉઘાડું, તેટલાંજ તે મને ઝાડીઓથી ભરપુર એક બગીચામાં ખેંચી લઇ ગયો, અને તેના કમ્પાઉન્ડનું બારણું મજબુત બંધ કીધું. હું બેસુધ્ધ થઇ ગયો.

જયારે મેં મારી સુધ્ધી પાછી મેલવી ત્યારે મેં પોતાને એક ખુરસી પર બેઠેલો દીઠો. મારા હાથ તથા પગો છુટા હતા, અને ફુલોથી ભરપુર એક બાગમાંની ખુલ્લી જગ્યામાં હું હતો. મારી આસપાસ કેટલાક લુચ્ચા જેવા શખ્સો કુંડાળું વાલી ફરી વલેલા હતા, જેઓમાં મેં એક લાંબા ખલાસીને એ લુચ્ચાઓનો ઉપરી થયલો દીઠો. આ કંગાલને મેં તરતજ પીછાણ્યો. ઉપલા બનાવની ત્રણ વરસ અગાડી તે મારાં વ્હાણ પર નોકરીએ હતો, જે વેલાએ તેણે મારા હાથ હેઠલના ખલાસીઓને મારી સામે તોફાન મચાવવા ઉશકેરી મેલેલા હતા. પણ તેના આ કામ માટે મેં તેને લાયકની શીક્ષા કીધી હતીઃ પેહેલાં તેને કોઠલામાં નાખી પાણીમાં દુબાવીને પાછો ગરમીવાલા તુટક પર લઇ જવામાં આવતો, અને પાછો પાણીમાં અને પછી તુટક પર આ પ્રમાણે ત્રણ વખત કરવામાં આવતું.

આ શીક્ષા જયારે તેને કરવામાં આવતી, તે વેલાએ આ લુચ્ચો એક છોકરાની પેઠે ગુઠણ્યે પડી મારી માફ માગતો; પણ દાખલો બેસાડવા માટે મારો હુકમ મેં ફેરવવા સાફ ના પાડી હતી. જયારે ત્રીજી વખત તેને પાણીમાંથી બાહેર કાઢવામાં આવ્યો ત્યારે તે ધાસ્તી અને ગુસ્સાથી ઘેલો જેવો બની ગયલો હતો. ત્યાર પછી છેલ્લી વખત જયારે તેને ઘણી ગરમીવાલી જગ્યા પર લઇ જવામાં આવ્યો ત્યારે તે એવી તો રીતે ચીસ પાડવા લાગ્યો કે વહાણ પરના સઘલાં માણસો કમકમ્યા. કેટ-

બાદોને હું ઘણા સખ્ત છાતીના ધારતો હતો, તેઓ પણ ધ્રુજયા. પણ મારો હુકમ તોડવાની તેઓમાં હીમ્મત નહી હતી. તમો જાણોછો કે અમો કેપ્ટનો દરયામાં જયારે હોઇએ છીએ, ત્યારે શેહેનશાહ જેવી સતા અમારાં વહાણો પરના માણસો પર ચલાવ્યે છીએ. ઉપલા લાંબા શખ્સ પરની શીક્ષાનો જયારે છેડો આવ્યો, ત્યારે મેં કદી સાંભળેલી નહી એવી ધમકીઓ તે આપવા લાગ્યો ; પણ તમોએ ધારયું હશે તેમ મેં તે પર કશું મચક આપ્યું નહી. અને ફકત મેં મારાં ખભાં હીલવ્યાં, પણ એ છતાં બાકીની મુસાફરી દરમ્યાન મેં બારીક નજર એ લુચ્ચા પર રાખી મુકી હતી ; આ બાકી રહેલી મુસાફરી દરમ્યાન તે પોતાનું કામ બરાબર બજાવતો હતો : અને તેથી વધુ શીક્ષામાંથી તે છટકી ગયો હતો.

જયારે અમારી મુસાફરી પુરી થઇ અને બારકસે હાવરેના બંદરમાં લંગર નાખ્યું, ત્યારે એ લુચ્ચો પોતાના હાથમાં ટોપી પકડી માન ભરેલી રીતે મારી આગલ આવ્યો અને પોતાનો પગાર માંગ્યો ; પણ જયારે તેણે દસ્તાવેજ પર સહી કરીને પગારના પઇસા પોતાની પોકીટમા મુકયા કે તેણે તરતજ માથાં પર અપમાનના ઢંગે ટોપી મુકી અને મારો હાથ પકડીને બોલ્યો :—હવે જયારે તમારી સતા હેઠલથી નીકલી ગયોછું ત્યારે હવે મારી સલાહ પર તમોએ બરાબર ધ્યાન આપવું ; ફરાન્સની બાહેર તમોએ મને કદી મલવાની હીમ્મત કરવી નહી.

અહસ્યો ! આ તેના શબ્દો હતા. એટલું બોલી જે પ્રમાણે એક સરપ બારીલી નજર નાખે તે પ્રમાણે મારી ભણી જોઇને તે મારી આગલથી જતો રહયો.

આ ધમકીથી કાંઇ ઘણો હું બીધો નહી, છતાં આ ધમકી હમેશ યાદ રાખવાનો મેં ઠરાવ કીધો : કોણ જાણે, વખતે એ લુચ્ચો પોતાની ધમકી ન ધારેલા સંજોગો વચ્ચે અમલમાં પણ લાવે. પણ લાંબા વખત પછી આપણે લગભગ સઘળી બાબદો વીસરી જઇએ છીએ તેજ પ્રમાણે એ શખ્સને હું વીસરી ગયો.

પણ મોબીલ ખાતે લુચ્ચાઓની ટોલકીમાં એને જોતાંજ મને તેની ધમકી તરતજ પાછી યાદ આવી, છતાં તે મારી સાથે ઘણીજ કરૂર રીત વરતશે, એમ મેં ધારયું હતું નહી.

'કેપ્ટન મેરીયસ કનગાઉરડન' તે એક દઇત્યની પેઠે હસી બોલ્યો 'તમે મને ઓલખો છો ?'

'ચાલ, બસ કર' મેં ઉતર વાલ્યો 'જો તું મને મારી નાખવા માંગતો હોય તો તરતજ તેમ કર. પણ તું હીચકારો છે અને હું તુંને ધીકકારૂં છું. હું તારેથી કદી બીહવાનો નથી.'

એટલું બોલી તેઓની સામે જવાના ઇરાદાથી હું ઉઠયો, પણ તેમાં હું નીશફળ થયો. મેં હવેજ જોયું કે મારી કમ્મરની આસપાસ ચામડાંનો એક મસ મોટો કમરબંદ બાંધીને મને સીકડવામાં આવ્યો હતો, અને તે કમ્મરબંધ જાડા દોરડાંના એક છેડા સાથે મારી પીઠ આગલથી બાંધીને તેનો બીજો છેડો એક મોટાં બ્લુન સાથે બાંધ્યો હતો. હવાથી ભરેલું આ મોટું વીમાન ચાર જાડાં દોરડાંથી ચાર મસ મોટાં ઝાડ સાથે બાંધેલું હતું કે જેથી તે ઉડી જાય નહી.

'કંગાલો !' મેં બુમ પાડી 'તમે મને લટકાવવા તો નથી માંગતા ? પ્રપંચીઓને લટકાવી મારી નાખવામાં આવે છે, જયારે મેં તો ખુલ્લે ખુલ્લી રીતે આ દુન્યામાં સઘળું બજાવ્યું છે.

પેલો લાંબો લુચ્ચો આ સાંભળી એક કદમ આગળ વધ્યો અને મને કહ્યું:—

'કેપ્ટન કનગાઉરડન ! તમારી પરની જે સજા અમલમાં લાવવામાં આવશે તે મેં પોતે શોધી કાઢી છે, અને તે સજા આ પ્રૂથ્વી પર હું નહી ધારતો કે કોઇ જાણતું હોય. તમારા હુકમથી મને જે સજા કરવામાં આવી તે સજાથી હુ ત્રણ વરસ સુધી દુખી થયો. એ સજા તમે મને ગેરવાજબી રીતે કીધી હતીઃ કારણ કે હું નીરદોશ હતો. તમોને કેવી રીતે

મારી નાખવા, તેના વીચારમાં રાત અને દીવસ હું પસાર કરતો. તમોને એકાદ છરી યા બંદુકથી મારી નાખવાનું કામ સેહેલું હતું, પણ મારી ધારણા તમો ઘણીજ વેદના ખમી મરણ પામો, એવી સજા કરવાની હતી. તરેહવાર યુકતીઓ મેં યોજી, અને આખરે આજે જે સજા તમો પર અમલમાં લાવવામાં આવનાર છે, તે શોધી કાઢવામાં હું ફતેહમંદ નીવડ્યો છું. એ સજા આ રહી!' એટલું બોલી તેણે વીમાન તરફ આંગળી દેખાડી.

'મતલબ સમજાવવાની તારે તજદી લેવી નહી' મેં કહ્યું 'તું મારી પર ગુસ્સે થયો—અને આજે હું તારા સપાટામાં આવ્યો છું; મારો બચાવ કરવાને હું અશકત છું આહ! જો તું અને તારા કંગાલ સોબતીઓ ફકત પાંચ મીનીટ મારાં વહાણ પર હોય તો તમો સઘળાઓને દેખાડું!'

પણ મારા બોલવા પર તે મુદલ ધ્યાન આપતો જણાયો નહી. તે કાંઈ વીચાર કરતો હોય એમ મને માલમ પડયું.

'સાંભળો! મારા સોબતીઓથી બનેલી જુરીએ તમોને આ સજા કરવા ઠરાવ્યું છે, અને છેલ્લા ઠરાવની રૂએ શું શું કરવામાં આવશે તે તમોને અગાઉથી જણાવ્યે છીએ. ઝટપથી મરી જવાના વીચારે ધભરાવવું નહી. અમે તમોને ફાંસીએ લટકાવવાના છીએ એવો તમારો વીચાર ભુલ ભરેલો છે. છટ! એ તો છોકરાઓની રમત જેવું! તમારા શરીરના સાંધા એક પછી એક છુટા પાડવાનું, યા તમો મરણ પામો ત્યાં સુધી ફટકા મારવાનું, યા ચીનાઓ જે જાતની સજા કરે છે તેવી સજા કરવાનું કામ ઘણું સેહેલ છે; પણ મને સંતોષ મળે એવી એ સજાઓ નહી હોવાથી મેં નવી રીતની શીક્ષા શોધી કાઢી છે. તમારા શરીરમાંથી લોહીનું એક ટીપું ટપકાવ્યા વગર, યા તમારાં માથામાંના બાળને હાથ લગાડયા વના એક એવી સજા અમે કરશું કે જેથી તમો રૂઆં ઉભા થાય એવાં મોતે મરણ પામશો'

'વેદનાની હું કાંઈ દરકાર કરતો નથી.' મેં કહયું 'મને બીહવાડવા હજુ કોઈ પણ આદમી શકતીવાન થયું નથી; અને તે માન તું જેવો કંગાલ કદી પણ મેળવશે નહી.'

, પણ મીત્રો! આ પ્રમાણે હું બોલ્યો તો ખરો, તોપણ મારૂં હઈયું તેથી ઉલટુંજ જણાવતું હતું; મારી છાતી ધડકતી હતી. પણ મારો આ મીત્ર પોતાની બાજી માટે એટલો તો ચોક્કસ હતો કે મારા બોલવાથી તે હસ્યો. મારા ચેહરાપર થયલી ફીકાસની નીશાણી પણ એ લુચ્ચાએ જોઈ, અને મેં જોયું કે એ જોઈ તે સંતોષ પામ્યો હતો.

'તમે જે કહયું તે ખરૂં છે યા નહી તે આપણે થોડા વખતમાં જોઈશું.' તેણે હસી જણાવ્યું 'તમારાં અભીમાનને ઠેકાણે લાવવા માટે મરણ પેહેલાં તમો શી શી વેદના ખમશો તે હવે હું જણાવીશ. ભેંસના ચામડાના મજબુત પટાથી તમારી કમર બાંધેલી છે. એ પટો મજબુત દોરડાંના એક છેડાથી બાંધ્યો છે, જયારે બીજો છેડો વીમાન સાથે બાંધેલો છે. જયારે હું નીશાણ કરીશ ત્યારે વીમાનને જે ચાર દોરડાંથી ઝાડો સાથે બાંધ્યું છે તે ઝાડોથી અલગ કરવામાં આવશે અને વીમાન ઉડશે, જેની સાથે તમો પણ હવામાં લટકતા થશો. એ વીમાન તમોને લઈને હજારો વાર ઉંચે લઈ જશે. ઘણીજ ઉંચાઈએ જવા પછી હવાનાં દબાણથી બ્લુન ફાટી જશે અને પંદર યા વીશ હજાર ફીટની ઉંચાઈએથી તમો નીચે આવશો.

'જેવી હું નીશાણ કરીશ અને વીમાનને મારા સોબતીઓ ઝાડોથી છુટું કરશે કે તમારા પગ જમીનથી ઉંચ જશે, ત્યાર પછી અધર હવામાં તમારા હાથ અને પગ ધ્રુજશે અને તમારૂં શરીર રફતે રફતે વાદળાંઓથી પણ ઉંચે જતું થશે. ધાસ્તી, ઠંડી અને હવાનું દબાણ તમોને મુસ્કેલ્યતે સ્વાશ લેવા દેશે; અને તે વેળા તમો પોતે વેદનાની દરકાર કરશો અને મારી આ સજાથી બીહશો. કદાચ તમારાં આંગમાંથી પસીનાને બદલે લોહીની ધાર છુ-

ટવા માંડશો. મારા મેહેરબાન મીત્ર! તમે દરયા પર હાકમી ભોગવતા હતા, પણ હવે હવા તમો પર સાહેબી ચલાવશે. આહ! તમો બીહશો યા નહી તે વીશે તમેજ હવે વીચાર કરો ચાલો! હવે તમો હવાઈ મુસાફરી શરૂ કરશો! પણ તમો પર દયા કરી અમો તમોને થોડીક મીનીટ આ ધરતી પર ચલાવીશું કે છેલ્લાં છેલ્લાં તેની મજાહ ચાખી લેવો. આ ઝાડોને જોવો, આ ફુલોને નીહાલો અને આ ખુબસુરત દેશ પર નજર નાખો; તમારી હવાઇ મુસાફરીમાં એવું તમોને જણાશે નહી, અને તે વેળા તમો એને યાદ કરશો. થોડી મીનીટમાં તમો એ સઘળાંને છેલ્લી સલામ કરવાના!'

એક બે મીનીટ પછી પેલા કંગાલે નીશાણ કીધી: તરતજ તેના ચાર સોબતીઓ વીમાનને ઝાડ સાથે બાંધેલાં દોરડાંઓના વળ છોડવા લાગ્યા. સત્રલાઓએ હવે એક સરખો તફાવત રાખવા કોશેશ કીધી અને હલવે હલવે તેઓ એક બીજાની નજદીક આવવા લાગ્યા. એક આંચકાથી મેં મારૂં સમતોલપણું ગુમાવી નાખ્યું, પણ મને વીમાન સાથે બાંધેલો હોવાથી હું જમીનદોસ્ત થતાં બચ્યો.

ત્યાર પછી જે દેખાવ શરૂ થયો, તેનું વરણન કરવું અશકય છે; જે એ દેખાવ જોય તેના રૂએરૂઆં ઉભાં થાય, એટલુંજ હું કહીશ. બ્લુન હવે સેજ ઉંચે ચઢયું, પાછું નીચે આવ્યું; એક બાજુ તરફ ઘસડાયું, પછી બીજી તરફ, અને તેની સાથે હું પણ ટોકડાવા લાગ્યો. વીમાને મને ધરતીથી ઉંચો ધરતાંજ હું એક ઘેટાંની પેઠે લટકાયો; પણ પેલા રાક્ષસી ખવાસના શખ્સો મને થતી વેદના જોઇ હસતા હતા.

આ જોઇ મને વેહેમ ગયો કે મારી હીમ્મત તપાસવા કદાચ એઓએ આ યુકતી રચી હશે અને આ લાટકી મશકેરીથી ધરાઇ જતાંજ મને તેઓ પાછો છુટો મેળશે; પણ પેલા લાંબા લુચ્ચાના ચેહેરા પરની નીશાણી મને વધુ વાર ઠગ્યો નહી.

રાક્ષસની પેઠે દાંત દેખાડી તે મારો હાલ જોઇ ગમત મેળવવા લાગ્યો. જ્યારે આ દેખાવ જોઇ તે ધરાયો કે તેણે મોટેથી બુમ મારી જણાવ્યું: 'જરા સબુર!'

પેલાં ચાર માણસોએ આથી ઝાડો સાથે પાછાં દોરડાં બાંધ્યાં અને મારો પગ હું પાછો જમીન પર મેળવા શકતીવાન થયો. પેલાએ ત્યાર પછી પોતાની ટોલકીમાંના એકને કાંઇ કહયું, જે એક મોટી બાટલી, પકાવેલાં ગોસ્તનો એક મોટો ટુકડો અને એક મોટું પાંઉં એક જાળીવાળી કોઠલીમા નાખી લઇ આવ્યો. બે જણાઓએ મારા હાથ પકડયા, જ્યારે ત્રીજાએ મારી કમરે બાંધેલા પટા સાથે પેલી કોઠલી બાંધી.

'તમે કેટલો વખત સુધી જીવશો તે મને માલમ નહી હોવાથી' તેણે જણાવ્યું 'તમોને ભુખે અને તરસે મરતો મુકવા મેં દુરસ્ત ધાર્યું નથી; એ કોઠલીમાં ત્રણ દહાડા સુધી ચાલે એટલો ખોરાક મુકેલો છે. પણ આ બાટલી જોઇ તેમાં દારૂ છે એમ ધારી તમોએ ખુશી થવું નહી; દારૂ પાઇ તમારી ખમવાની શકતી સુન કરવી, એ મને પસંદ નહી હોવાથી એ બાટલીમાં પાણી ભરાને તેમાં થોડોક બગાડી મેં નમાવ્યો છે કે જેથી તમારી શકતી વધે અને તમો વધુ વખત જીવો. હવે બંદગી કરવા માટે તમોને પા કલાક આપવામાં આવે છે; એ વખત પછી તમોને કરવામાં આવેલી સજા પુરે પુરી અમલમાં મુકવામાં આવશે.'

અહસ્યો! એ પા કલાકમાં વેદનાનાં વીચારેજ મેં કેટલું ખમ્યુ તેનો તમોને ખ્યાલ પણ નહી હશે. કેહેવત છે કે ચીન્તા કરતાં ચીંતા ખરાબ; તેમજ તે વેળાએ થયું. આખરે તે બદમાસે પોતાનાં ઘડયાળમાં જોયું.

'એક દોરડું છોડી દો' તેણે મોટેથી હુકમ કીધો. પા એક મીનીટ થોભીને પછી તેણે પાછી બુમ મારી 'બીજું! બીજું!'

બ્લુનને ફકટ હવે એકજ દોરડાંથી હવામાં નાસી જતું અટકાવવામાં આવ્યું. તે હવે એમ તેમ હાલવા લાગ્યું, પણ પેલું મજબુત દોરડું પેલા જોરાવર શખ્સોએ બરાબર પકડી રાખ્યું હતું. ત્યાર પછી મારી વેદનાનો આ

ધરતી પરનો છેલ્લો દેખાવ જોઈ મજાહ મેળવવાના ઈરાદાથી મારો દુશમન પોતાના સોબતી સાથે મારી નજદીક આવ્યો, અને પેટ પર હાથ મુકી દમ બ દમ હસવા લાગ્યો. તે મારી એટલો તો નજદીક ઉભો હતો કે હું તેનું ગળું દાબી તેને ત્યાંનો ત્યાં ઠાર કરી શકું. પણ મને વીચાર ગયો કે કદાચ છેક છેલ્લી ઘડીએ મને છુટો મુકવાની એ કંગાલની ધારણા હશે; તેમ નહીં તો છેલ્લી ઘડીએ તેનામાં દયાની ચીંગારી પેદા થશે.

પણ નહી. તેણે સેન્નતનો હુકમ કીધો. ફતેહથી તેણે મારી ભણી જોયું, પેલાં દોરડાંને મુકી દેવા નીશાણુ કીધી અને શેતાનની પેઠે હસીને મને કહયું:—

'કેપ્ટન મેરીયસ કન્ગાઉરટન! તમોને આબાદ સફર ઈચ્છું છું! આપણે હવે છુટા પડયે છીએ!'

'હજુ નહી!' મેં તેનો હાથ ઝટપથી પકડી કહયું; અમો બન્ને જણા જમીન પરથી ઉંચકાવા લાગ્યા. મારા આ દુશમને મારા હાથમાંથી છુટી જવા ઘણુએ ફાંફાં માર્યાં, પણ તેની કોશેશમાં તે નીશફળ થયો. પણ અમો વધુ ઉંચે ચઢવા લાગ્યા કે તેણે પોતાની નજદીકના સોબતીનો હાથ પકડયો: આથી તે પણ અમારી સાથે ઘસડાવા લાગ્યો. મારી કમ્મરે પટો બાંધેલો હતો, તોપણ એ બે શખ્સોનો બાર મારી કમ્મરે ઉંચકવાથી શરીરના એ ભાગમાં મને ઘણો દુખારો થઇ આવ્યો; મારૂં માથું નીચે અને મારા પગો ઉચે થઈ ગયા. પણ આથી મારા બન્ને હાથોનો છુટથી ઉપયોગ કરવામાં મને સેહેલાઇ મળી અને મેં મારા એ દુશમનનો હાથ મજબુત પકડી રાખ્યો. તે કાંઈ પણ કરી શકયો નહી: કારણકે તેનો એક હાથ મેં પકડયો હતો, જ્યારે બીજા હાથે તેણે પોતાના મીત્રને પકડી રાખ્યો હતો.

'બચ્ચા મેરીયસ! હીમ્મત પકડ!' આ મામલો જોઇ હું મનમાં બોલ્યો 'જ્યાં સુધી તું એમ પકડી રાખશે ત્યાં સુધી બલુન ઘણું ઉંચે ઉડી શકશે નહી અને કદાચ તેટલા વખતમાં મદદ પણ આવી લાગે!'

તેજ વેળાએ બગીચાનો દરવાજો ભાંજવાનો મોટો અવાજ મેં સાંભળ્યો; સેજ પલમાં દરવાજાનાં લાકડાંનાં ફાટ્યે ફાટ્યાં ઉડી ગયલાંનો સાદ મેં સાંભળ્યો. મેં તે તરફ નજર કીધી તો મારા વ્હાણના વડા માલમની સરદારી હેઠલ આસરે દજનેક ખલાસીઓને હથીયારબંધ મારી તરફ ધસી આવતા દીઠા. પણ વીમાન વધુ ઉંચે ગયાથી મારા દુશમને ધરી રાખેલા મીત્રના પગ જમીનથી ઉંચકાવા લાગ્યા; આથી તેણે પોતાના એ મીત્રને બુમ મારી કહ્યું: 'મને તમોને હવે છોડી દેવો જોઇએ.'

તેણે ધાર્યું કે તેનો મીત્ર તેનો હાથ છોડી દેશે, પણ જ્યારે તેવી કાંઇ નીશાણુ જણાઇ નહી ત્યારે, તેણે ગુસ્સાથી કહ્યું: 'મને છોડી મુક, નહીતર તારો હાથ હું કાપી નાખીશ!' તેણે તેજ વેળા પોતાના મીત્રનો હાથ કાપી નાખવા પોતાના ગજવાંમાંથી બીજે હાથે છરી ખેંચી કાઢી અને પોતાના મીત્રનાં આંગળાઓ પર તે વડે ઘા કરવા લાગ્યો. મારા હડહડતા દુશમને આથી પોતાના એ મીત્રનો હાથ મુકી દીધો; અને દોઢ સો એક રતલ જેટલો વજન આથી કમી થવાથી વીમાન પોતાનાં બંને બોગો સાથે ઉંચે ને ઉચે ચઢવા લાગ્યું. (ચીત્ર માટે જુઓ પાનું તેરમું).

આ સઘળું એક સપાટે બન્યું. જ્યારે મારા ખલાસીઓ આવી લાગ્યા, તે વખતે બલુન જમીનથી પચાસ કરતાં વધુ ઉંચાઇએ ગયું નહી હતું. પણ બલુનથી ત્રીશ ફીટ નીચે એક દોરડાંથી હું લટકતો હતો અને મારો હરીફ મારાથી નીચે હતો: તેથી અમો જમીનથી કાંઇ ઘણી ઉંચાઈએ ગયા નહી હતા. તોપણ મદદની બાહેર હું હતો, અને હું ફકત એટલુંજ બોલી શકયો કે: 'છેલ્લી સલામ, મારા મીત્રો!'

વીમાને અમો બંને જણાને લઈ વધારે અને વધારે ઉંચાઇએ જવા પોતાની હવાઇ

મુસાફરી ચાલુ રાખી. નીચે મેં જોયું તો મારાં બહાદુર માણસો ગુસ્સાથી ઘેલા જેવા બની જે જગ્યાએ વીમાન બાંધેલું હતું તે જગ્યાએ ધસી ગયા અને પેલા લુચ્ચાઓની ટોળકી સાથે ઝપાઝપી ચલાવી. એ લુચ્ચાઓ પોતાના ઉપરીને મારી સાથે ઉંચે ચઢી જતો જોતા હતા.

ભય ઉપજાવે એવી મારી હાલત છતાં હું નીચે થતી ઝપાઝપી જોતો હતો. હવે તેઓ ધુમાડામાં વીંટળાઈ ગયલા મને દીસ્યા, અને તરતજ દજનેક બંદુકો ફુટવાના ધડાકાઓ મેં સાંભળ્યા. પણ એ ઉપરાંત મને બીજી બાબદો પર ધ્યાન પુગાડવાનું હતું. મારા હરીફને હજુ મેં પકડી રાખ્યો હતો. તે કંગાલ મોટે સાદે બરાડા મારવા લાગ્યોઃ કારણ કે તેની હાલત ગલમાં સપડાયલી માછલી માફક હતી. પણ તેથી કાંઈ તેનું વળ્યું નહી; બને ત્યાં તુલીક મેં તેને ધરી રાખવાનો ઠરાવ કીધો હતો.

'દયા! દયા!' તેણે પોકાર કીધો.

'દયા? મારો સોડેથી તું દયાની આશા હવે રાખે છે? લુચ્ચા!' મેં તેને જણાવ્યું 'આપણી આ હાલતનું મુળ તું કે હું? તારીજ આ શોધ ની? જ્યારે મારી મરજી થશે ત્યારે હું તુંને છોડી દઈશ, પણ હમણા તો નહીજ; એની મતલબ તું સમજ્યો કે?'

'મને બચાવો! હું તમોને બચાવીશ!' તેણે કરગરી કહ્યું 'મારા જખમી હાથથી મને પકડો અને મારો બીજો હાથ છોડી દેવો. મારી પાસે નાની બંદુક છે; હું તે બલુનમાં ફોડીશ. એથી બલુનમાં નાકું પડશે અને તેમાંની હવા તે રસ્તેથી નીકળી જવાથી આપણે પા કલાકમાં તો પાછા જમીન પર પુગીશું!'

'જમીનથી પાંચ સો ફીટ ઉંચે ગયા પછી તુંને જમીન યાદ આવી કે, લુચ્ચા? મને હવાઈ મુસાફરી કરવા તું આતુર બન્યો હતો, પણ એ હવાઇ મુસાફરીનો તુંને પોતાને પણ હવે પુરતો અનુભવ મળ્યો છે, નહી વારૂં?'

'અરે વાત ના કરો! આપણે વાતમાં ને વાતમાં ઉંચા જઈએ છીએ. મેં કહયું તે પ્રમાણે કરો; મારા હુલ્લડાઈ માટે મને માફ કરો!' તેણે કગળી પડી જણાવ્યું.

'વારૂં, ચાલ! તપાસજે હવે!' હું બોલ્યો અને તેજ ઘડીએ તેનો ડાબો હાથ પકડી લઈને બીજો છુટો મુકયો. તેણે પોતાની નાની બંદુક ગજવામાંથી બાહેર કાઢી અને વીમાન તરફ ફોડી.

પણ બલુન ઝોંકા ખાતું ઉપર ચઢતું હતું એ બીના અમો તદન વીસરીજ ગયા હતા. વીમાનની આ હાલચાલને લીધે ગોળી જીવ વીનાનાં આ હવાઈ પક્ષીને લાગ્યા વગર કેડે ગઈ; એ મસ મોટાં પક્ષીએ તો પોતાની મુસાફરી બેધડક ચાલુજ રાખી.

આ જોઈ મારા દુશમને પોતાની બંદુક નીચે નાખી દીધી, અને પોતાના છુટા હાથે મને વેલાસર પાછો પકડયો. હું વેલાસર શબ્દ બોલ્યો છું તેનું કારણ એ જે તેનો જે જખમી હાથ મેં પકડયો હતો, તેમાંથી નીકળતા લોહીને લીધે મારા હાથમાંથી તે સરવા માંડયો હતો.

'કેપ્ટન!' તેણે ધાસ્તીથી બુમ પાડી 'ખોદાને ખાતર તમે મને મુકી દેતા ના!'

'તુંને નહી છોડી દઉં?' મેં જણાવ્યું 'મારાં મરણ તુલીક તુંને એમ પકડી રાખું, એમ શું તું ધારે છે? મારા હાથમાં, મારા ખભામાં અને મારી પીઠે કેવો સખ્ત દુખારો ત્યારનો થાય છે તેનો તુંને ખ્યાલ પણ નહી હશે; અને મારા હાથ જો લોખંડ જેવા મજબુત નહી હતે તો અત્યાર આગમચ મેં તુંને છોડી દીધો હતે. દશ મીનીટ થઈ મારૂં મગજ ભમે છે અને મને ચક્કર આવે છેઃ માટે કેઈ પણ ઘડીએ તુંને છોડી દઈશ. તેં મારી સાથે ઘણી ના લાયક ચાલ ચલાવી છે, પણ કડાચ ઘટે તે કરતાં વધુ ખફા હું તારી પર થયો હોઇશ. તેં તારૂં વેર લીધું છે, અને હવે હું પણ તારોજ રાહ અખત્યાર કરૂં છું: આપણે બન્ને મરી જવાની અણી પર આવેલા છઈએ. હવે વધુ મારા હાથમાં જોર રહયું નથીઃ માટે કડાચ થોડીક સેકંડમાં હું તુંને છોડી દઈશ. તું તારાં કામ માટે પસતાય છે?'

'નહી!' તેણે ઉપર નીચેના તો દાંત એકેક સાથે અડકાવી કહ્યું.

'ત્યારે સાંભળ!' મેં ઉતર વાલ્યો 'મેં તુંને વ્હાણ પર જે શીક્ષા કીધી હતી, તે માટે હું હવે પસ્તાઉં છું; અને તેં મને જે દુઃખ દીધું, તે માટે હું તુંને માફ કરૂં છું.'

'કન્ગાફરડન!' તેણે મારી તરફ જોઇ જણાવ્યું 'હું પણ તમોને માફ કરૂં છું.—અને ખોદા તમોને બચાવે!'

મારા હાથમાં હવે ઘણી કળતર થવા લાગ્યાથી મેં તેનો હાથ છોડી દીધો. તેણે એક ચીચારી પાડી; અને મેં તેને સપાટા બંધ હવામાંથી નીચે પસાર થતો જોયો.

મારી આંખે હવે અંધારાં આવવા લાગ્યાં, અને મારા માથામાં લોહી ધાઇ આવ્યું હોય એમ મને જણાયું. મારૂં માથું નીચે અને પગ ઉંચે હોવાથી આ પ્રમાણે બનેલું મેં ધારયું. ઘણી મુસ્કીબતે માથું ઉંચે અને પગ નીચે કરવામાં હું ફતેહમંદ થયો, અને તે વેળા મને જે લાગણી થઇ તેનું વર્ણન કરવું અશકત છે.

તે વખતે કોણ જાણે શા સબબ સર હું હવામાં મોટા ઝોંકા ખાવા લાગ્યો. મારા દુશમને મુકી દીધા પછી એ પ્રમાણે બન્યું હતું. પવન વધ્યો હોય તેથી યા વજન ઓછો થયાને લીધે સતરથી વીશ વારના છેટાં સુધી ઝોંકા હું ખાવા લાગ્યો. આપણે જે પ્રમાણે ઇંઢોલા પર બેસી ઝોંકા ખાઇએ તે મીસાલ; જયારે પણ હું હેઠ વેર જતો કે દોરડું 'કટ' અવાજ કરતું, મારા બરડામાં દુઃખારાનો ઝટકો પસાર થતો, અને હું ધારતો કે 'દોરડું હમણા તુટી જશે!'

અને મારા મીત્રો! હું જાણતો નથી કે એ શા સબબથી થતું હતું. ઝોંકા ખાતી વેળાએ જેવો હું ઉંચે ચઢતો કે હું મારી આંખ બંધ કરતો અને બડબડતો: 'હવે સારૂં આવી રહ્યું!'


આ પ્રમાણે કેટલો વખત સુધી થયું, તે હું કહી શકતો નથી: કારણ કે થોડો વખત સુધી મેં મારી સુધ્ધી ગુમાવી નાખી હતી. સારે નસીબે આ થયું: કારણ કે નહી તો હું ઘેલો થઇ જતે.

બેસુધ્ધીમાંથી બેદાર થતાંજ જીવને ઘણો કરાર વલેલો મેં જોયો. બેદરકારીથી મારાં મ્હોંપર મારો મારો હાથ ફેરવીને પાછો ખેંચી લેતાં મને જણાયું કે તે લોહીથી ખરડાઇ ગયો હતો. આ લોહી મારાં મ્હોંમાંથી, નાકમાંથી અને કાનમાંથી હવાના દબાણને લીધે નીકળેલું હોવું જોઇએ. કદાચ આ લોહીના ઝરફ્યાથીજ હું હુશયાર થયો હોઇશ: કારણ કે મેં મારી તદન સુધ્ધી મેળવી હતી. જમીન મને મુદળ દેખાતી નહી હતી, પણ તેને બદલે વાદળાંઓ પર અધર તરતો મેં પોતાને દીઠો.

હવે શું કરવું, તેના વીચારમાં મેં થોડીક પળ ગુમાવી. પેહેલાં મેં જોયું કે કમરબંદ ઘણો સરી ગયો હતો, અને આ જોઇ મને એક નવો ઉપાય સુજયો. કદાચ એજ કમરબંદની મદદથી હું એક બેઠક જેવું કરી શકું. ઘણીક કોશેશ પછી હું તેમ કરવા શકતીવાન થયો અને અધર લટકતી આ નાની બેઠક પર હું બેસી શકયો. આ પ્રમાણે બેસવાથી મને સારી આસાયસ મળેલી જણાઇ. મારાંમાં વધુ હીમ્મત પણ આવી અને થોડોક વખત એ પ્રમાણે બેસી રહીને હું બડબડયો: 'બચ્ચા, મેરાયસ! હીમ્મત પકડ! હીમ્મતે મરદાં, મદદે ખુદા! કદાચ તું મોતનાં દાચાંમાંથી છટકી જવા પણ પામશે! લટકવાને બદલે હવે તુંને બેઠક મળી છે. તારૂં એક પણ હાડકું હજુ ભાંગ્યું નથી; તારા હાથોમાં એક મજબુત દોરડું છે, અને દોરડાથી એક ખલાસી ઘણા પરાક્રમો કરી શકે છે. તું પણ ખલાસી બચ્ચો છે, અને જોઉં છું કે એ દોરડાંને તું કેવી રીતે કામે લગાડે છે. ખોરાક પણ હાલ તરત પાસે છે—અને પણ હવે એ કોઠલી તો જરા તપાસી જઇએ.'



બુરખાવાળા બે શખ્સોએ પછવાડેથી આવીને મારા સોબતીનાં મ્હોંમાં ડુચો મારયો.



મારી કઢંગી બેઠક.



મારા દુશમનને હવામાંથી મેં આ પ્રમાણે ગબડાવ્યો.



નાજનીનોને લઈ હોડી આગળ વધી.

નવેમ્બર ૧૮૯૭] અલીફલૈલા—મા૦ ભો૦ વાગલ. [મુંબઈ : ગુજરાતી પ્રીં૦ પ્રેસ ક૦ લી૦, ફાઉન્ટેઈન.

મ્હોંમાં સારા જેવા નવાલા મારીને બાટલીમાંની પ્રવાહીએ મ્હોં ભીંજવ્યા પછી હું ઉમંગી બન્યો. મારી ઉપરના વીમાન તરફ નજર કરી હું બોલ્યો: 'આ પ્રમાણે દોરડાંને પકડીને તંગાઇ રેહેવાથી કાંઇ દીવસ ઉઘડવાનો નથી; મોડે વેહેલે દોરડું તુટી જવા વના રેહેવાનું નથી: માટે બ્લુનની ટેક નજદીક જવાની કોશેશ કરવી જોઇએ.'

ત્રણેક વખત મેં કોશેશ કીધી, પણ નીશફલતા સીવાય મને કાંઇ મળ્યું નહી. મેં જોયું કે હું ઘણો થાકી ગયલો હતો, અને તેથી કડામ થાકને લીધે મેં હાર ખાધી હશે.

થોડીક મીનીટ હું વીસામો લેતો બેઠો. ત્યાર પછી મેં પોતાને કહ્યું 'ચાલ, હવે! વીશ ફીટની ઉંચાઇનાં દોરડાં પર ચઢી જવા કુપ્ટન મેરીયસ કન્ગાઉરડન શક્તીવાન થયો નહી, એમ કોઇ બોલી શકશે નહી. પણ કેવી રીતે ઉપર ચઢું? ત્રીજો હાથ હોય તોજ એ કામ બને! તોપણ મારે બ્લુનની અડોઅડ જવું તો જોઇએ.'

વીચારમાં હું બેઠો. આખરે મારા દાંત મને યાદ આવી ગયા. મારાં મ્હોંમાંનાં આ દાંતો ગરજ સારી શકે.

હવે એક પણ પલ વધુ ગુમાવવી મેં નાદુરસ્ત ધારી અને હું ધામેથી આગળ વધ્યો. એક હાથ ઉંચે કરીને દોરડું પકડ્યું, ત્યાર પછી તાલીમબાજની પેઠે પકડીને મેં મારૂં શરીર ઉંચે કીધું અને પછી બીજો હાથ લંબાવ્યો; પણ મેં જોયું કે એમ કાંઇ ઉપર ચઢાવાશે નહી. આથી મેં દાંત વાટે દોરડું મજબુત પકડ્યું, અને મારા કમ્મરબંદથી બ્લુનના દોરડાંનો છેડો છુટો કરીને દોરડું સેરવી મેં પાછું બાંધ્યું: આથી પેહેલાં કરતાં એક વાર જેટલો હું વીમાનની નજદીક આવ્યો. ત્યાર પછી હું મારી બેઠક પર બેઠો અને મેં વીસામો લીધો. વળી પાછું મેં એજ મુઆફેક ચઢવા શરૂ કીધું. આ પ્રમાણે કરતાં ઘણી વારે વીમાનની આસપાસના દોરડાંઓનાં છેક નીચેના છેડાની નજદીક જઇ લાગ્યો. આખરે તેઓમાંનું એક દોરડું મેં પકડ્યું, અને થોડીક પલમાં હું બ્લુનના મુખની છેક નજદીક જઇ લાગ્યો.

દોરડાંઓથી વણેલી એકાદ જાળીમાં જાણે હું બેઠો, અને જીવવાની ઘણી આશા મને આવવા લાગી. બ્લુન જાણે છાપડાંની ગરજ સારતું હતું.

મારાં નખથી બ્લુનની સપાટી મેં ઓળખવી જોઇ તો હું ધારતો હતો તે કરતાં વધુ મજબુત બનાવટનું મને એ મુગું યંત્ર જણાયું. એ વીમાનના પડ પર સખ્ત વારનીશનું અસતર કીધેલું હતું; હલકી હવાથી આ વીમાન એટલું તો છલાછલ ભરેલું હતું કે તે નક્કર બની ગયું હતું.

'હવે આ મોટા ગોળાને નીચે લાવવાનું કામ બાકી રહ્યું! મેં મનસે વીચાર કીધો 'પણ કેવી રીતે ?'

વીચારમાં દશ મીનીટ પસાર થઇ. એટલા વખતમાં અનેક વખત પેલા મારા દુશમનના શબ્દો મને યાદ આવ્યા:—'મારી પાસે નાની બંદુક છે; હું તે બ્લુનમાં ફોડીશ. એથી બ્લુનમાં નાકું પડશે અને તેમાંની હવા તે રસ્તેથી નીકળી જવાથી આપણે પા કલાકમાં તો પાછા જમીન પર પુગીશું!'

એક ઘેલાં આદમીની પેઠે આ વાકયો હું ફરી ફરીથી બોલ્યો! આહ! ધરતી પરના ઝાડો, કુલો, ઘરો અને માણસો ફરીથી હું જોઉં! જમીન પર હું પાછો ચાલતો થાઉં! અરે, મારૂં વ્હાલું વહાણ! મારાં નીમખહલાલ માણસો તારી પર સ્વાર થઇ મારે વીશે હમણાં શું વીચારતાં હશે? પણ મારે આ હવાથી ભરપુર પહાડમાં કેમે કરી નાકું પાડવું જોઇએ. હવે શું કરૂં?'

મેં મારો જમણો હાથ મારાં એક ગજવાંમાં નાખ્યો અને તેમાંથી મારી કટારી રૂપી છરી ખેંચી કાઢી. મેં તે મક્કમ રીતે પકડી અને જોરથી ભોકી. પણ કમબખ્તી! દોરડાંઓના એક ગાંઠ પર મેં તે ભુલમાં ભોકી હતી—પણ છરી પોતાના દસ્તથી છુટી પડી ગઇ; દસ્ત મારા

હાથમાં રહી ગયો અને છરી નીચે પડી. બે ચાર પલ સુધી તો મને કસું સુજ પડ્યું નહી, અને નીરાશ થઈને જીંદગીનો એક દમ છેડો આણવા માટે વીમાનનો કબજો છોડી દેવા મેં ઇચ્છયું.

પણ સાંત થતાં મને પાછી હીમ્મત આવી, અને વીમાનમાં નાકું પાડવા સારૂ કઈ ચીજ કામે લગાડવી તે શોધવા માટે મેં આસપાસ નજર ફેરવી. મારી પાસેની બાટલી ભાંજી તેના ટુકડાથી બ્લુન ફાડવાનો રસ્તો મને સુજ પડયો, પણ એથી તો મારી તરસ છીપાવવાનો છેલ્લો ઉપાય જતો રેહે.

મારાં સઘળાં ગજવાંઓમાં મેં હાથ નાખી જોયો કે પડી ખડી કાંઇ ચીજ નીકળી આવે; પણ નહી. હવે મેં મારો હાથ મારા કમ્મરબંદની આસપાસ ફેરવ્યો તો એક અણ્યાની ચીજ મારા હાથને ભોંકાઇ; મારાં પાટલુનમાં ખોસેલું તે 'બકલ' હતું!

'હુરર રાહ!' મેં બુમ પાડી.

ઝડપથી મેં તે મારાં પાટલુનથી છુટું કીધું; મેં જોયું તો તેમાં લોખંડી ત્રણ તીણાં દાંતા હતા. આ બકલ પકડીને તેમાંનાં દાંતાથી વીમાન ફોડવાનું કામ શરૂ કીધું. બની શકયું એટલી ઉંચાઇએ હાથ કરી મેં તે ત્રણ દાંતા બ્લુનમાં ભોકયા. તરતજ તેમાંથી 'હીઇઇસ!' કરતો અવાજ બાહેર નીકલ્યો; રફતે રફતે અવાજ મોટો થયો અને હવે જાણે સીસોડી ફોડે તે માફક સાદ નીકલવા લાગ્યો. બ્લુન હવે ખાલી થવા લાગ્યું હતું! પણ તે નીચે ઉતરતું હતું યા નહી, તે હું તે ઘડી જાણી શકયો નહી: કારણ કે હું વાદળાંઓથી ઘણી ઉંચાઇએ હતો, અને વીમાન બીજી તરફ ઘસડાઇ જતું પણ મને દેખાયું નહી. તોપણ થોડીક પળ પછી હું ખાતરી ભરેલો થયો કે ઠંડી કમી થઇ હતી અને હું વધારે સારી રીતે શ્વાસ લેતો હતો.

પણ હવે મને નવી ચીંતા લાગી. જે કપડાથી બ્લુન બનાવેલું હતું, તે આસતે આસતે પેલાં નાકાંઓ આગળથી સીધું વધુ અને વધુ ચીરાઇ જતું હતું.

'જો એ પ્રમાણે ચીરાતું જશે તો ઉપરથી નીચે વેર બ્લુન ફાટી જશે અને તે વેળા મારી જીવવાની આશા ગુમ!'

સારે નસીબે જે બાજુએ દોરડાંઓ એક બીજાંને મળતાં હતાં તે બાજુએ આવતાંજ નાકું વધુ મોટું થતું અટકી પડયું. દોરડાંનાં ગાંઠે બ્લુનને વધુ ચીરાતું અટકાવ્યું હતું. આથી મને પાછી હીમ્મત આવી અને બે ઘડી મારા જીવને ધીરજ આવી.

મારા મીત્રો! હું તમોને ખાતરીથી જણાવું છું કે જો તે ઘડીએ હું આવી ભય ભરેલી સ્થીતીમાં નહી હતે તો તે વખતનો દેખાવ જોવાને મને ઉલટી ઘણી મજાહ પડતે. ખચીત! તે વખતનો કુદરતી દેખાવ ખોદાઇ હાથનો કાંઇ ઓર જાતનો ખ્યાલ આપતો હતો. સુરયની ચલકતી રૂપેરી રોશની સઘળી બાજુએ ફેલાઈ રહેલી મારી નજરે પડી. ત્રણસોથી ચારસો ફીટ નીચે જમીનને બદલે વાદળાંઓ સીવાય બીજું કાંઇ હતું નહી; કોઈ સફેદ અને કોઇ આતશી રંગના. થોડીક પલમાં બ્લુન સાથે હું વાદલાંઓના એ વાંચાતર દરયાવ નજદીક જઇ પુગ્યો. વધુ નીચે, અને પેહેલા સફેદ, પછી ભુરૂં અને છેલ્લાં કાળા રંગના ધુમસની અંદર હું વીંટલાઇ ગયો; ત્યાર પછી એક ટોપના જેવા પણ ઘોઘરો સાદ સાંભળ્યો. અને પવનનો એક જોરાવર સપાટો મારા શરીરને અડક્યો. ત્યાર બાદ વીજળીના ભયાનક ચમકારાઓ પડયા અને સખ્ત તુફાને બરફનાં નાના કરાં અને વરસાદ સાથે દેખાવ દીધો. હું તદન ભીંજાઇ ગયો હતો. વીજળીના ચમકારાઓ એક બીનમાથી પસાર થતા હોવાથી દીવસની પેઠે અજવાળું થઇ રહ્યું હતું અને તેને લીધે હું દરેક ચીજ જોઇ શકતો હતો.

દેખાવ તો ઘણો સરસ થઇ રહયો હતો, પણ તેની સાથે મારી બીહીક વધતી જતી હતી.

અને તોપણ જ્યારે એ દેખાવ પાછો યાદ કરૂં છું ત્યારે એવો દેખાવ ફરીથી જોવાની મને હોંસ આવે છે અને ઇચ્છું છું કે ફરીથી જઇને જોઉં, પણ બ્લુનના એક દોરડાં પર તીંગાઇને તો જરૂરજ નહીં. ખોદા પનાહમાં રાખે!

આસરે પા કલાક સુધી મારી કઢંગી બેઠક પર બેસીને કોઇ દહાડે નહીં જોયલું એવું આ તોફાન મેં જોયું (ચીત્ર માટે જુઓ પાનું ઓગણત્રીશમું). ત્યાર પછી તે સમી જતું મને લાગ્યું. ગરમ પવનના એક જબરા સપાટાએ બ્લુનને ધ્રુજાવ્યું અને ચક્કરની પેઠે ગોળ ફેરવ્યું; ધુમસ રફતે રફતે પાતલો થતો ગયો, અને આખરે મારી નીચે મેં લીલાં અને પીલાં ટપકાંવાલી એક એવી મોટી જબરી ચીજ જોઇ કે જેનો છેડો હોય એમ મને જણાયું નહીં. આ વીસ્તાર વીનાની ચીજ તે આપણે વચ્ચે છીએ તે ધરતી હતી!"

કેપ્ટન કન્ગાઉરડન અહીં થોભ્યો. ખુશાલીથી તેની જબાં સેજ પણ ઉપડી નહીં, પણ તેને બદલે તેની આંખ્યો ખુશાલીના આંસુથી તર થયલી અમારા કેટલાક મીત્રોએ જોઇ. વાજબી ખુશાલીનો આ ઉભરો જોઇ અમો સઘળાઓ પર ઘણીજ અસર થઇ અને અમારા કેટલાકોની આંખ્યોમાં પણ પાણી ભરાઇ આવ્યાં. મેં મારા એ મીત્રનો હાથ પકડ્યો અને શેકહેન્ડ કીધા.

"મેહેરબાની! મેહેરબાની થઇ!" કેપ્ટને કહ્યું "તમે મને ચાહો છો એ હું જાણતો હતોજ. તમો ધારો છો કે મારાં દુઃખનો છેડો આવ્યો છે. આહ! પણ સાંભળો!"

જમીનને જોતાંજ મેં જાણે મારી સમજ શકતી ગુમાવી મુકી. હું બુમો પાડવા લાગ્યો, હું રડ્યો, હું ભકતી કરવા લાગ્યો, 'લ મારસેલ' નું ગીત મેં ગાયું, અને પછી જાણે હું જમીન પર નાચતો હોઉં તેમ પગો હીલવ્યા. અફસોસ! મારા ભલા મીત્ર? મારી એ ખુશાલી લાંબો વખત ટકી નહીં!

આતશી ગરમીવાલો સખ્ત પવન હવે નીકળ્યો: તે પરથી મેં ધાર્યું કે તે બ્લુનને ક્યાંનું ક્યાં ઘસડી લઇ જશે યા તો તેના ફાડીને ટુકડે ટુકડા કરી નાખશે, અને તેની સાથેજ મારી હઇઆતીનો પણ છેડો આવશે. સુર્યને આ વખતે પોતાના પશ્ચીમ તરફના બુરજમાં આરામઘાહે જવા માટે આસરે કલાકેકનો વીલંબ હતો. મેં આ રોશનીના શાહપર નજર કીધી તો મને માલમ પડ્યું કે બ્લુન એક બાજુએ ઘસડાતું હતું. મારૂં ધ્યાન તે પર રોકાયલું હતું તે વખતે 'સ્લીશ ? સ્લીશ!' અવાજ મને બે વખત સંભલાયો. મેં વીમાન ભણી નજર કીધી તો મારાં 'બકલ' થી પાડેલાં નાના નાકાં હવે આસરે અરધો વાર જેટલાં લાંબાં થયાં હતાં. આવાં બે નાકાં મેં જોયાં. મને વળી લાગ્યું કે આ અવાજ પછી વીમાન મને લઇને અતી ઉતાવળથી નીચે બેધડક ઉતરતું હતું. એની સામે કાંઇ પણ ઉપાય હતોજ નહીં; નસીબ પરજ હવે મેં આધાર બાંધ્યો. આદમની અક્કલ એની આગળ નાચાર હતી. હું ખરાં અંતઃકરણથી તે બારે હકતાલાની બંદગી કરવા લાગ્યો.

વીમાન અને હું બન્ને ચકરી ખાતાં બેધડક નીચે ઉતરતાં હતાં. મારી નીચેની જગ્યાએ હવે રંગ બદલ્યો: એક ભાગ પીલો થયલો અને બીજો બ્લુ રંગના જેવો દીસ્યો; કોઇ કોઇ ઠેકાણે એ બન્ને રંગો ભેલસેલ થયલા હતા. મેં અટકલ કીધી કે બ્લુ ભાગ જે દેખાતો હતો તે સમુદર હોવો જોઇએ અને બીજા રંગનો ભાગ તે જમીન હશે. વળી પાછો વીમાને 'સ્લીશ!' અવાજ કીધો; ત્યાર પછી તરતજ એવા બીજા બે અવાજ વારાફરતી સમજાયા?

આ અવાજ સાંભલતાંજ બીહીકથી મને ધ્રુજરાં છુટતાં; પણ કસો ચારો હતો નહીં: તેથી ઉંચે નજર કરી વીમાનને મેં એટલુંજ કહ્યું: 'તારે ગમે તો તું ફાટી જા! હું હવે વધુ કાંઇ કરી શકતો નથી!'

એ છતાં મેં આશા રાખી. 'ખોદા મેહેરબાન તો ગધા પેહેલવાન!' કાંઇક દઇવયોગે હું બચી પણ જઇ શકું!

જે ઝડપે અમો નીચે ઉતરતાં હતાં, તે ઝડપ જો ચાલુ રહે તો મને જમીન પર પગ મુકવાને કાંઇ લાંબો વખત વેર હોભવું પડવાનું નહી હતું: કારણ કે અત્યારથીજ નીચેથી આવતા પવનના સુસવાટા મારાં કપડાંના છેડાંઓને ઉંચે ઉંચકતા હતા.

નીચે નજર નાખતાં હર પળે જમીન પરની મોટી ચીજો વધુ અને વધુ ખુલાસાથી દેખાતી જતી. આહ! હવે એક પહાડ! એક જંગલ! એક ખડક! એક વેરાન મેદાન! એક સરોવર!

સરોવર વધુ અને વધુ પોહોલો થતો જતો જણાયો; હવે તેના કીનારા પર ઝાડોની હાર પણ દેખાવા લાગી; હવે તે ઘણા મોટાં દીસવા લાગ્યાં.

ખ્લુન તે બાજુ ઉતરી જતું હતું.

પક્ષીઓનું એક ટોલું એ સરોવરનાં પાણી પરથી પસાર થઇ ગયું. ધરતી પરથી અવાજો આવવા લાગ્યા; તે જંગલી જાનવરોના હતા.

પવનની દીસા બદલાવાથી વીમાને હવે સેજ જુદી રાહ પકડી. પણ એ યંત્ર એટલું તો ઝડપથી હવે નીચે ઉતરતું હતું કે ઘણી મુસીબતે હું શ્વાસ લઇ શકતો હતો.

નીચે, નીચે, અને નીચે અમો સપાટાબંધ ઉતરી જતા હતા. પાણીથી આશરે ફીટની ઉંચાઇએ હવે અમો જઈ લાગ્યા. પવન હવે વધ્યો: તેથી અમો વધુ ઝડપથી ઉડયા; પણ વીમાનમાંની હવા સડસડાત બાહેર નીકળી જતી હતી અને તેની સાથે ખ્લુન વધુ ફાટતું હતું. નીચે! નીચે! અને નીચે! અમો હવે પાણીની સપાટીથી દશ વાર ઉંચે હતા!

બીજા ત્રીશ ફીટ અને કીનારા પર અમો જઈ પુગવાના હતા; વીશ ફીટ વધારે અને હું પાણીમાં પડયો!

પણ પવનનો એક મોટો સપાટો તે પલે આવ્યો, અને વીમાનને થોડાક ફીટ પાછું ઉંચે કીધું; એક બીજો સપાટો, અને હું બચી જવા પામ્યો!

પવનના સપાટા હવે સેજ નરમ પડયા; અને ખ્લુને હલવે હલવે નીચે ઉતરવાનું કામ શરૂ કીધું. પણ પવન તેને અને તેની સાથે મને બીજી બાજુ ઘસડી લઇ જતો; કહો કે તેમ કરી મને તે બચાવતો હતો.

આખરે કીનારાથી બે પગલાં દુર હું પાણીમાં પડયો. મારાં ખભાં વેર પાણી ફરી વળ્યું, પણ મેં જોયું કે પાણીમાં ડુબેલા એક ખડક પર હું ઉભો હતો.

સેજ મુસીબતે મેં મારા કમ્મરબંધથી વીમાન સાથનું દોરડું છુટું કીધું અને કીનારા પરના ઉભા પથ્થરોને સંભાળથી પકડતો હું ઉપર જમીન પર આવ્યો. હું બચી ગયો હતો! કહો કે મારો નવો જન્મ થયો હતો! આખરે હું આ ધરતી પર પાછો પગ મુકવા શકતીવાન થયો હતો!"

'અને પછી?' મેં મારા આ મીત્રને પુછયું.

"પછી? વાહ, એ બી ખાસ્સો સવાલ! અને પછી? લેવો ત્યારે!" કેપ્ટને પોતાનાં ગજવાંમાંથી એક નાનું ચીત્ર કાઢી જણાવ્યું "મારા દુશમનને મેં હવામાંથી કેમ ગબડાવ્યો, તેનું આ ચીત્ર છે. (ચીત્ર માટે જુઓ પાનું ઓગણત્રીશમું). એ ચીત્ર પરથી તમો જોશો કે મને કેવી રીતે બાંધીને ખ્લુન સાથે લટકાવ્યો હતો. આ ચીત્ર હમણાની છેલ્લી સફર દરમ્યાન એ બનાવ યાદ કરીને મેં ઉપજાવી કાઢયું છે. ફુરસદ મલતાં એ બરાબર ચીત્રીને એકાદ ચીતારાને બીજું મોટા કદનું કરવા માટે સ્વાધીન કરવાનો હું ઇરાદો રાખું છું જેથી મારાં બાલકો હમેશ જોઇ યાદ રાખે કે 'પપા કેવી રીતે હવાઇ મુસાફરી કરી આવ્યા હતા! અને દુશમન કેવી રીતે જેર થયો હતો!' બીજું તમો મીત્રો વધુ શું માંગો છો? હું તો ધારતો હતો કે હેવાલ પુરો થતાંજ તમો ભોજણની માગણી કરશો."

'બસ્ચીત! હમણા ખાઉં ગંગાઉં છું.' મેં કહયું 'પણ તમારો સોબતી—વડો માલમ કેવી રીતે પેલી જગ્યા પર મદદ લઇ આવી પુગ્યો, તે તમે હજુ જણાવ્યું નથી!'

'હા, બેશક! એ જાણવાનો તમોને પુરતો હક છે. જો કે મને હમણા જબરી ભુખ લાગી છે, મુજ ખાધરાને માફ કરજો, હં!, તોપણ થોડાક બબ્દોમાં તમારી એ જીજ્ઞાસા હું તરપ્ત કરીશ. હું તમો સાહેબોને આગળ કહી ગયો તેમ કાંઈ વીસરી ગયલી ચીજ લાવવા મારો સોબતી વ્હાણ પર જવા પાછો વળ્યો અને હું ધીમે કદમે આગલ વધવા લાગ્યો. પણ તેણે પાછળથી મને જણાવેલી બીના પરથી જણાય છે કે તે મારેથી છુટો પડીને પાછો જતો હતો, તે વેળા એક વલાણુ આગળ આવતાંજ બુરખાવાલા બે શખસોએ પછવારેથી આવીને મારા આ સોબતીનાં મ્હોંમાં ડુચો મારયો (ચીત્ર માટે જુઓ અઠાવીશમું પાનું), અને તેને મારી પીટીજ એક પાસેના કમ્પાઉન્ડમાં ઘસડી લઈ ગયા; કદાચ એ લુચ્ચાઓએ એમ ધારયું હોય કે તેમનો પ્રપંચ ચેતી જઈને મારો એ સોબતી મદદ મેળવવા માટે વ્હાણ પર પાછો ફરતો હશે. ગમે તે હો, પણ તેઓએ તેને એક બંધ્યાર ઓરડામાં પુરયો અને બાહેરથી અડગરો દઈ ઉતાવળે જતા રહયા. કદાચ તેઓ, જે વેળા હું બેશુધ થઈ પડગો હતો તે વેળા, પોતાના સોબતીઓને મદદ કરવા મારી આગળ આવ્યા હોય.

એ લુચ્ચાઓએ મારા આ સોબતીને બંધ તો કીધો, પણ તે ઓરડામાંની બારી ઉઘાડે નહી તેની સંભાળ તેઓએ લીધી નહી; કદાચ ઉતાવળને લીધે તેઓએ તે પર કશુ મચક આપ્યું નહી હોય. તેઓ તો મનેજ મારી નાખવા ઇચ્છતા હતા, અને તેઓની ટોલકીમાંના એકે ઝપાઝપી પછી મરતી વેલાએ કબુલ કીધું કે વગ માલમને ત્યાર પછી છુટો મુકી દેવાનો તેમનો વીચાર હતો. પણ તેઓને માલમ નહીં હતું કે જે વેલા હું બેસુધ હતો અને જે વેલા મને બ્રુન સાથે બાંધી લટકાવવાની આ લુચ્ચાઓ ગોઠવણ કરવા પડયા હતા, તે વેળાએ રાતે મારો સોબતી બારી વાટેથી નાસી ગયો હતો, અને સેંજ વાર ઝાડીઓમાં છુપાઇ તેમની હીલચાલ તપાસતો હતો: કારણ કે છુટયા પછી મારા એ સોબતીનો પેહેલો વીચાર મારી સલામતી માટે હતો. થોડેક છેટે કાંઇક ગડબડ થતી સાંભલી છુપાતો તે તરફ ગયો; અને તે વખતેજ તેણે ત્યં મુકેલી બટીની રોશનીથી મને બેશુધ થયલો દીઠો અને પેલા લુચ્ચાઓની ગોઠવણ વીશે ભાંગી તુટી ખબર સાંભળી. હવે કરવું કેમ? પોતે એખલો, જ્યારે અમારા દુશમનોની સંખ્યા મોટી હતી. એ લુચ્ચાઓમાં પેલા લાંબા કંગાલને તેણે તરત પીછાણ્યો. વળી અમે પર મુલુકમાં હતા. વ્હાણ પરના માણસોને ગામમાં ફરવા હરવાની રજા બક્ષેલી હોવાથી તેઓમાંના કેટલાક છેક મોડી રાતે અને કેટલાક બીજી સહવારે પાછા ફરે, એમ હતું. વળી અંધારી રાતે ત્યાંથી પાછા ફરવામાં ઘણો જોખમ હતો: માટે સહવારનાં ઝઝકલું થતાંજ તેણે વ્હાણ તરફ કદમ ફેરવ્યાં; ખલાસીઓમાંથી તેણે મજબુત બાંધાના દજનેક જણાને પસંદ કીધા અને તેમને હથ્યારબંધ કરી બ્રુન બાંધેલી જગ્યા પર ચઢાઈ લઈ ગયો. વ્હાણ પરના બાકીના માણસોને પણ હથ્યારબંધ થઈ તૈયાર રેહેવા તેણે હુકમ કીધો હતો.

અને મીત્રો! ત્યાર પછી શું થયું તે વીશે તો તમે સારી પેઠે માહીતગર છો."

'પણ તમે પેલા ખડક પરથી પાછા મોબીલ કેવી રીતે ગયા?' એક જણે પુછયું.

'કેવી રીત? એ કેવો સવાલ?' કેપ્ટને કહયું 'જંગલમાં ભુલો પડેલો શખ્સ કેવી રીત જંગલની બાહેર નીકળેછે? લાંબી મુસાફરીએ આવતાં જતાં મુફસેસો કેવી રીત રસ્તો પુછતાં પોતાના ધારેલાં મુકામે પુગે છે? અને એની સાબેતી દાખલ હું અહીં તમો મીત્રોની હજુરમાં હાલ કેવી રીતે આવ્યો છું?'

સમાપ્ત.

ફાતમા.

પ્રકરણ ૧ લું.

રંગમાં ભંગ.

પોતાની બેહેન ફાતમા કરતાં મુસ્તાફા બે વરસ વધુ ઉમ્મરનો હતો. ભાઇ બેહેન દાખલ એક બીજા પર તેઓનો અખુટ વ્હાલ હતો, અને બંને પોતાના ઘડપણમાં આવેલા આજતરી બાપના સુખને માટે બનતું કરતાં. તેમનો પીતા જો કે તવંગર હતો, અને જો કે તેને આ બંને દીકરાંઓનું સુખ હતું, તોપણ કુદરતે તેની પર પણ પોતાનો હાથ લંબાવી તેને લગભગ સદાનો દરદી બનાવી તેના સુખમાં ખલલ કીધી હતી. પ્રખ્યાત સાહેર ફીરદુસી કહી ગયો છે તે ખરૂં હોવું જોઇએ કે આ ધરતી પર કોઇ એવો મનુષ્ય નહી હશે જે તે દુઃખ અને જંજાળથી તદન નીરાળો હોય.

ફાતમાની સત્તરમી વરસગાંઠને દીને તેણીના વ્હાલા ભાઇએ તેણીની અતલગની સખીઓને એક નાની જેવી મેજબાની આપી હતી. બાગમાં પકવાન પીરસવામાં આવ્યું અને સાંજના મુસ્તાફાએ દરખાસ્ત કીધી કે તેઓએ સમુદ્રમાં સેહેલ કરવા હોડીમાં બેસી ઉતરી પડવું. આ દરખાસ્ત ફાતમાને તેમજ તેણીની સખીઓને પસંદ પડી, અને તેઓએ તેમ કરવા ઠરાવ્યું. આ હોડી મુસ્તાફાએ તે દીવસ માટે ભાડે લીધેલી હતી અને તેને વાવટા અને કાગળના થોડાંક ફાનસોથી સીનગારેલી હતી. સાંજ ખુશનુમા હતી અને તે વખતે દરીયામાંથી શેહેરનો દેખાવ ઘણો દીલખુશ લાગવો જોઇએ એમ સર્વેએ ધાર્યું: આથી મુસ્તાફાની દરખાસ્ત ખુશાલીથી પસાર કરવામાં આવી.

હોડી દરયામાં સેહેર કરતી ચાલી. હોડીમાં ફાતમાની સહીઓ અને મરદમાં મુસ્તાફા તથા બે ત્રણ ખલાસીઓ સીવાય બીજું કોઈ હતું નહી. ફાતમાની જુવાન સોબતણો આ મજાહથી એટલી તો ખુશીમાં આવી ગઇ કે તેઓએ કીનારાથી ઘણે દુર આવેલા એક ખડક સુધી જવા ઇચ્છા દેખાડી. મુસ્તાફાએ આ અરજ ઘણી નાખુશીથી સ્વીકારી : કારણ કે થોડાજ દીવસ પર એક શકમંદ બારકસ ત્યાં દેખાવ દઇ કેહે જતું રહેલું યા છુપાઇ રહેલું હતું એવી ખબરમાં અફવા ફેલાઇ રહી હતી, જે અફવા મુસ્તાફાના સાંભળવામાં પણ આવી હતી.

શેહેરની છેટે દરયામાં એક મોટો ઉંચો ખડક આવેલો હતો, જે ખડક પરથી સુર્ય અસ્ત પામવાનો દેખાવ જોવા એ સુંદરીઓ હોંસીલી થઇ.

એક જણે પોતાના હાથમાં વાજીંત્ર લીધું અને તેના નાજુક હલક ભેગી હોડી ધીમે ધીમે આ નાજુક બુલબુલોને પોતાના સર પર ઉઠાવી આગળ વધવા લાગી. (ગીત માટે જુઓ પાનું ઓગણત્રીશમું).

હોડી હવે તે ખડકની ઘણી નજદીક જઇ લાગી, પણ તેજ વખતે તે પરના ઉતારૂઓની નજર પોતા તરફ સડસડાત આવતાં એક વ્હાણ પર પડી. આ વ્હાણમાનાં માણસો હથ્યારબંધ હતા.

આ જોતાંજ મુસ્તાફાના મનમાં દગદગો પેઠો અને તેણે ખલાસીઓને બનતી ઉતાવળે પાછા કીનારા તરફ લઇ જવા હુકમ કીધો. થોડી વારમાં તેની ચીંતા વધી: કારણકે તેણે ખુલ્લું જોયું કે પેલું વ્હાણ તેમની અને કીનારાની વચ્ચે ઝડપથી રસ્તો કાપી આવતું હતું. ભયમાં આવી પડેલી જોઇને સઘળી છોકરીઓએ ચીચારીઓ પાડીને હોડીના એક ભાગ તરફ ભરાવા દોડી. આ કુમાયકાઓને આ અવીચારી કામ કરતાં મુસ્તાફા અટકાવે, તેટલાં તો હોડીએ પોતાનું સમતોળપણું એક તરફના

મારથી ખોઇ દીધું અને તે વાંકી વળી. તેજ ઘડીએ પેલું વ્હાણુ પણ તેમની લગોલગ જઇ લાગ્યું.

આ બનાવ બનતો હતો તે વેળાએ કીનારા પરનાં માણસો પેલાં વ્હાણની વીચીતર હીલચાલથી શકમંદ થયાં અને મજાહ કરવા ઉતરી પડેલી પેલી નાજનીનોની મદદે જવા કેટલીક હોડીઓ ઉપડી ગઇ. જે વેળાએ સુંદરીઓ દરયામાં તરફડયાં મારતી હતી તેજ વેળાએ એમાંની બે હોડીઓ વેળાસર જઇ પુગી અને તેમને મોતના પંજામાંથી છોડવવા તે પરનાં બાહાદુરો શકતીવાન થયા. પણ તેજ વેળાના ધભરાટમાં પેલું શકમંદ વ્હાણ ચુપચુપ ત્યાંથી સટી ગયું. બચાવ કરવાને શકતીવાન થયલી બંને હોડીઓ જ્યાં સુધી એક બીજાંની નજદીકમાં જઇ લાગી નહી, ત્યાં સુધી પેલી ડુબેલી હોડીમાના સઘળા આસામીઓ સલામત હતાં યા નહી તે જાણવું બેશક અશકય હતું.

જ્યારે મદદે આવનારી આ હોડીઓ ઘણી નજદીક આવી અને મજાહ મારવા ઉતરી પડેલાં આસામીઓની સંખ્યા ગણવામાં આવી ત્યારે અફસોશ! ત્યારેજ ફાતમા અને તેણીની એક સખી ગુમ થયલી જણાઇ. તેજ વેળા તેઓની નજરે એક હોડીમાં ઝનુની દેખાવનો એક અજાણ્યો શખ્સ બેઠેલો જણાયો. મુસ્તાફાની ધમકીથી આ શખ્સે કબુલ કીધું કે તે પેલાં શકમંદ વ્હાણને લગતો હતો, જે બારકસ હવે ઉપડી ગયું હતું. નાસભાગમાં તેના સોબતીઓ તેને પોતાના વ્હાણમાં પાછો લેવાનું ભુલી ગયા હતા. હોડીમાં તે કેવી રીતે આવ્યો એવો સવાલ જ્યારે પુછવામાં આવ્યો ત્યારે તેણે જણાવ્યું કે અબલાઓને ડુબતી બચાવી લેવાનાં કામ પછવાડે મંડતાં એમ બન્યું હતું: એમાંની બે જણીને બચાવી પેલાં વ્હાણ પર લઇ જવામાં તેણે મદદ કીધી હતી.

પ્રકરણ ૨ જું.

પીતાજીનો શ્રાપ.

ફાતમા અને મુસ્તાફાના જઇફ પીતાની દલગીરી અપુટ હતી. પણ મુસ્તાફા કાંઇ આ અકસ્માતથી પીડા ગમગીન થયો નહી હતો; કારણ કે તેણે પોતાની વ્હાલી બેહેન ગુમાવી એટલુંજ નહી પણ પોતાની ધારેલી મોહોરદારની પણ તેણે તદન આશા છોડી દીધી હતી. આ બંને જણાં કયાં ગયાં તે જણાતું નહી હતું. મુસ્તાફા જેને ચાહતો હતો તેની સાથે નેકા કરવા માટે તેણીના માબાપની તેણે રજા મેળવી હતી, પણ તેણે અત્યાર તુરીક પોતાના બાપને તે વીશે જાણીતો કીધો નહી હતો. તેણી ગરીબ માબાપને ત્યાં અવતરેલી હતી, જ્યારે મુસ્તાફાનું કુટુંબ ઉંચા વરગનું ગણાતું હતું: આથી પોતાની ધારેલી મોહોરદાર સાથે નેકા કરવા તેનો પીતા મંજુરપત આપે, એ ઘણું શક ભરેલું હતું. મુસ્તાફા એ જાણતો હતો, અને તથીજ તેણે પોતાના પીતાને એ બીનાથી વાકેફ કીધો નહી હતો. દલગીરીનો પહેલો ઝટકો પસાર થતાંજ મુસ્તાફાનો બાપ, જે સ્વભાવે ઘણો કરડો હતો, તેણે પોતાના દીકરાને પોતા હજુર બોલાવ્યો અને કહયું:—

'તારી બેવકુફીથી મારી જઇફીનું સુખ અને મારી આંખની ખુશાલી જતી રહી છે. અહીંથી જતો રહે. જ્યાં સુધી તું મારી ફાતમા દીકરીને પાછો લઇ આવરો નહી ત્યાં સુધી તું મારી નજરે કદી પડતો ના, અને જ્યાં સુધી તું મારાં એ આંખના રતનને પાછું લાવરો નહી ત્યાં સુધી એક પીતાનો શ્રાપ તારી પર રહેશે.'

આટલી બધી સખ્તાઇની મુસ્તાફાએ આશા રાખી નહી હતી. તેણે તે અગાડી મનમાં ઠરાવ કીધો હતો કે પોતાની બેહેન અને પોતાની ભવીશની ગુમ થયલી મોહોરદારની શોધમાં જવું, અને તે માટે પોતાના બાપના આસીરવાદ મેળવવા જવાની અણી પર હતો પણ તેટલાંજ ઉલટી રીતે તો તે શ્રાપ લઇ આવ્યો હતો! નીરાશી અને શોકમાં તે ગીરફતાર તો થયલોજ હતો, પણ આ નધારેલા ફટકાથી તેને અંચીતી ઘણી હીમ્મત આવી અને પોતે ધારેલાં કામ પછવાડે ખાઇ પીને મંડયો.

શકમંદ વ્હાણ પરના પેલો શખ્સ (જે હમણા બંધીવાન થયો હતો તે) આગળ

વારંવાર જઈ તેની સાથે તેણે દોસ્તી બાંડી હતી. તેણે તે પરથી જાણ્યું કે પેલું વ્હાણ બસોરા ખાતે જવાનું હતું, જ્યાં આગળ ગુલામોનો ઘણો મોટો વેપાર ચાલતો હતો. આ બંધીવાને જણાવ્યું કે પેલી બે નાજનીનોને ઘણું ખરૂં ત્યાંજ તે સબબ સર લઈ જવામાં આવેલી હોવી જોઇએ.

ઘરે પાછો ફરતાં બાપનો ગુસ્સો ઘણો નરમ પડેલો મુસ્તાફાએ દીઠો, એટલુંજ નહી પણ મુસ્તાફાના ઠરાવને મજબુતી આપવા અને તેની મુસાફરીમાં સેહેલાઈ કરવા સારૂ તેણે નાણાની એક સારી રકમ પણ મુસ્તાફાને આપી.

પોતાની ધારેલી મારેરદાર ફિરઈદા (જે ફાતમા સાથે ગુમ થઈ હતી તે) નાં માબાપને દલગીરીથી માગી લેઈને ફાતમા અને ફિરઈદાની શોધમાં બસોરા (બસરા) જવા મુસ્તાફાએ ચાલુ મુક્યું.

આ મુસાફરી તેને જમીન મારગે કરવાની હતી: કારણ કે પોતે જે નગરમાં રેહેતો હતો ત્યાંથી સીધું બસોરા જવા કોઈ પણ વ્હાણ હાલ તરત ઉપડી જવાનું નહી હતું. તેથી પેલા દરયાઈ લુટારૂઓ બસોરાના મોટા વારસીક મેળામાં પોતાનાં નાજુક બંધીવાનોને વેચે તેની અગાડી મુસ્તાફાએ ત્યાં જવું જરૂરનું હતું. સારે નસીબે તેનો ઘોડો તેજ હતો અને વળી તેણે પોતા સાથે સેજ સામાન લીધો હતો: માટે ગુલામોનું મોટું બજાર ધરાવનાર એ બસોરા શેહેર સાત દીવસમાં પુગવાની તેણે ગણતરી કીધી હતી. ગુલામોના વેચાણનો વારસીક મોટો દીવસ ઘણોજ નજદીક હતો. જો મુસ્તાફા સાતમાં દીવસે ત્યાં જઈ નહી પુગે તો તેની મેહેનત નીશફળ ઉતરે. પણ આ મુસાફરી દરમ્યાન પણ તેનું કીસ્મત તેની આડે આવ્યું.

ત્રણ દહાડા સુધી તો તેણે કાંઈ પણ અડચણ વગર મુસાફરી કીધી, પણ ચોથે દાને ઘોડેસ્વાર અને હથીઆરબંધ થયલા ત્રણ શખ્સોએ તેને આગલ વધતો અટકાવ્યો. મુસ્તાફાએ ધાર્યું કે તેઓ તેની જીંદગી લેવાને આતુર બન્યા નહી હતા, પણ તેનો ઘોડો અને પઈસાની કોથલી લેવાની તેમની મતલબ હતી: આથી તેણે એ બંને ચીજો આનાકાની વગર તેમને સ્વાધીન કરવા મરજી દેખાડી. તેઓએ તેની પાસેની સોનાની કોથલી લીધી અને પછી નીચે ઉતરીને તેઓએ મુસ્તાફાના પગ તેના ઘોડા સાથે મજબુત સીકડ્યા (ચીત્ર માટે જુઓ પાનુ ૮૪ મુ), અને એક પણ શબ્દ બોલવા વગર તેઓ પાછા પોતપોતાના અસ્પ પર સ્વાર થયા અને અતી ઝડપથી મુસ્તાફાને બંધીવાન પેહેવસ્તમાં રાખી લઈ જવા લાગ્યા.

મુસ્તાફા નાઉમેદ થયો: તેના પીતાનો શ્રાપ અત્યારથીજ જાણે તેને નડવા લાગ્યો. તેના પઈસા અને તેનો ઘોડો જ્યારે તેની પાસેથી જતા રહ્યા હતા, ત્યારે હવે તે ફાતમા અને તેણીની સખી ફિરઈદાનો છુટકારો કેવી રીતે કરી શકે?

હથીઆરબંધ ઘોડેસ્વારો ચુપચુપ એક કલાક સુધી તેની સાથે આગળ વધ્યા ગયા; ત્યાર પછી તેઓ એક સાંકડી ખીણ તરફ વળ્યા, જે ખીણના મુખ આગળ ઘણા મોટા અને ઉંચાં ઝાડો ઉગેલાં હોવાથી ખીણ ઢંકાઇ ગઈ હતી. એક નાનો પણ સ્વચ્છ ઝરો ઉતાવળથી પોતાનું નીરમળ પાણી ત્યાં ખાલી કરતો હતો, જેના રાહની આસપાસ નરમ લીલું ઘાસ ઉછરી નીકળેલું હોવાથી બે ઘડી ત્યાં વીસામો લેવા કોઈનું પણ મન લલચાય. ત્યાં પંદરથી વીશ તંબુઓ ઉભા કીધેલા મુસ્તાફાની નજરે પડ્યા, જેમની આસપાસ ઘણાંક ઉંટો અને બુલંદ તોખમનાં ઘોડાઓ ચરતા હતા જ્યારે એક તંબુમાંથી સીતારનો આનંદમય અવાજ અને બે શખ્સોનો બોલવાનો અવાજ આવતો હતો.

પ્રકરણ ૩ જું.

અમબી નવાબ બરૂચકે!

છાવણી નાખી પડેલી આવી મોજીલી ટોલકી તેના શરીરને હેરાન કરે, એમ મુસ્તાફાએ ધારયું નહી: તેથી જ્યારે તેના બાંધેલા

પગ છુટા કરીને તેમની પાછળ આવવા તેના પોહોરેગીરોએ તેને જણાવ્યું ત્યારે તેને બીક લાગી નહી.

તેને એક તંબુમાં લઇ જવામાં આવ્યો, જે બીજા તંબુઓ કરતાં મોટો હતો અને વધારે સારી રીતે આરાસ્તે પણ કીધેલો હતો. સુંદર ગાલીચાઓ પાંથરીને તે પર મખમલી તકીઆઓ મુકેલા હતા, જેની પર સોનેરી ભરતકામ કીધેલું હતું. કોઇ જોનારને તવંગરીનો તે ખ્યાલ આપતો હતો, પણ જાણકાર તો મનમાં ચેતી જતો કે એ સઘળું ફતેહમંદ ચોરી અને લુટના પ્રતાપથી હતું.

વધારે શોભીતી એક ગાદી પર બદસુરત દેખાવનો એક જઇફ શખ્સ અઢેલાઇ બેઠો હતો. તેની આંખોનો દેખાવ અને ચેહેરા પરની નીશાણીઓ ખંધાઇની ગવાહી પુરતાં હતાં અને છળ કપટમાં તે પુરો પુરવાણ હોય એમ જોનારને તરત લાગતું હતું. જો કે આ મરદ તે ટોલકીમાં કાંઇ અગત્યનો આસામી હોય એમ દીસતું હતું, તોપણ તે તંબુમાંના રાચરચીલાંનો ધણી એ હતો નહી એમ મુસ્તાફાએ ધારયું અને ત્યાર પછી પોહોરેગીરોના બોલવા પરથી એ તરક ખરી પડી.

‘સરદાર કયાં છે?’ એક ઠીંગણા પણ તેજી આંખ ધરાવનાર એક પકડનારે પુછ્યું.

‘શીકારે ગયા છે’ પેલા બદસુરત દેખાવના બુઢાએ ઉત્તર વાળ્યો ‘અને પોતાની ગેરહાજરીમાં મને તેવણ સરદારી લેવા જણાવી ગયા છે.’

‘ત્યારે તો તેવણે દહાપણ વાપરયું નથી’ એક ચોરે વીચાર જણાવ્યો ‘કારણકે આ કુતરો મરણ પામે યા દંડ આપે તે આપણને તરતજ જાણવું હતું; પણ સરદાર નહી હોવાથી એ હુકમ બીજાથી અપાય નહી: આપણે ખોટી રહીશું.’

આ સાંભળી પેલો બદસુરત વીચાર જણાવનાર પેલા શખ્સને ફટકો મારવાના ઇરાદાથી ઉઠયો: કારણ કે તેણે ધારયું કે તેના મરતબાને આ શબ્દોથી હીણું લાગ્યું હતું. તોપણ તે બુઢાથી પોતાની મુરાદ બર આવી નહી અને ગુસ્સે થઇ હવે ગાળો ભાંડવા લાગ્યો, જે અવાજથી આખી જગ્યા ગાજી રહી.

તેજ વખતે તંબુનો પરદો ખસાડવામાં આવ્યો અને એક લાંબો અને ઉમરાવી દેખાવનો એક ખુબસુરત જવાન દાખલ થયો. ઝવેરાતથી મઢેલી તેની સોડેની કટારી અને ખંજર સીવાય તેણે તદન સાદો પોશાક પેહેરેલો હતો, પણ તેની ચાલચલણ અને તેના દેખાવ પરથી કોઇ પણ તેને માન આપે.

‘મારા તંબુમાં એ બધું રમખાન કોણે ઉઠાવ્યું છે?’ તેણે જાણવા માગ્યું.

ન ધારેલી રીતે આ શખ્સના આવી પુગ્યાથી તંબુમાંના સઘળાઓ અજાયબ થયા અને ચુપ રહ્યા. આખરે મુસ્તાફાને જે ચોર પેલા તંબુમાં લઇ ગયો હતો, તેણે સઘળી બાબદ સમજાવી. આ બીના સાંભળી સરદાર ગુસ્સે થયલો જણાયો અને પેલા બુઢા તરફ મોં કરી ઘોણા કકડાવી પુછ્યું:

‘હસન, મારી ગેરહાજરીમાં મારી જગ્યા લેવા મેં તુંને કયારે કહયું હતું?’

આ સવાલ સાંભળી પેલો બટકો બુઢો બીકથી મોમ સરીખો બની ગયો અને તંબુમાંથી નીકળી ગયો.

ત્યાર પછી ત્રણ ચોર પોહોરેગીરોએ મુસ્તાફાને પોતાના સરદારની હજુરમાં ઉભો કીધો. સરદાર આ વેળા સઉથી વધુ ભપકાદાર તકીઆ પર અઢેલાયો.

‘તમારા હુકમ મુજબ અમો આ શખ્સને પકડી લાવ્યા છીએ’ એક ચોરે કહયું ‘શો હુકમ, સરદાર?’

સરદાર આ સાંભળી બારીકાઇથી મુસ્તાફાને જોવા લાગ્યો અને પછી તેને કહયું: ‘બસા હુલેક! તારૂં હઇયું તુંને કેહે છે કે તું હાલ ઓરબસાન હજુર ઉભો છે.’

પ્રકરણ ૪ થું.

ઓરબસાન અને મુસ્તાફા.

સરદારના આવી રીતે બોલવાથી મુસ્તાફા તરત ચેતી ગયો કે કાંઇ ભુલ થયલી છે: તેથી ગુડાણ્યે પડીને બોલ્યો: સરદાર ઓરબસાન! તમો મોટી ભુલ કરો છો. હું તો એક કમનસીબ અજાણ્યો મુસાફર છું, અને મારૂં નામ કાંઇ બસા સુલેક નથી.'

આ સાંભળી ત્યાં હાજર રહેલા સર્વ જણાને અચંબો લાગ્યો, પણ સરદારે કહ્યું: 'આવો ઢોંગ કરવાથી કાંઇ તારૂં વલવાનું નથી: કારણકે તુંને ઓળખનારાં અહીં હાજર છે.'

ત્યાર પછી તેણે ચોરો તરફ ફરીને હુકમ કીધો: 'ડોસીમાને બોલાવો!'

તેજ વખત પછી એક બુઢી અબલા દાખલ થઇ, જેણીને પુછવામા આવ્યું કે બંધીવાનને તે ઓલખતી હતી યા નહી.

'હા, નામવર!' તેણીએ ઉત્તર વાલ્યો 'અલ્લાહ અકબરના કસમ ખાઇ જણાવું છું કે આ શખ્સ બસા સુલેક છે; એ સીવાય બીજું કોઇ નથી.' (ચીત્ર ૪૪ માં પાનું ૫૨).

'લુચ્ચા! તારી ઠગબાજીથી તું મારા હાથમાંથી છટકવાનો નથી, તે હવે તેં જોયું?' સરદારે મુસ્તાફાને ગુસ્સાથી કહ્યું 'તુંને ખરા ખર પીછાણનારાં અહીં હાજર છે. મારી શમસેર તારાં નીચ લોહીમાં હું ખરડીશ નહી, પણ તુંને મારા ઘોડાની પુછડી સાથે બાંધી લટકાવીને અમો સહવારથી બપોર સુધી શીકારે જવા જંગલમાં ભટકીશું!'

મુસ્તાફા નાચાર હતો.

'મારા પીદરનો શ્રાપ જ્યાં જાઉં છું ત્યાં મને નડે છે' તે આંખમાં આંસુ લાવી બોલ્યો 'અને તે શ્રાપે હવે હું આવાં કમકમાત ભર્યા મોતે મરણ પામવાની અણીએ આવ્યો છું. યા ફાતમા! યા એરઇશ! તમો ત્યારે મને મળશોજ નહી કે?'

'તારા ઢોંગ અહીં ચાલવાના નથી' બંને હાથ પીઠ પછવાડે બાંધતાં એક ચોરે મુસ્તાફાને કહ્યું. ત્યાર પછી કેટલાક ચોરો તેને તંબુમાંથી બાહેર લઇ ચાલ્યા.

પણ તેજ વેળા તેમને બીજા ત્રણ ચોરો સામા મળ્યા જેઓ એક બીજા બંધીવાનને પોતા સાથે લાવીને સરદારના તંબુમાં લઈ જતા હતા. તેઓ તંબુમાં દાખલ થયા અને તેઓમાંનો એક જણ બોલ્યો: 'સરદાર, જે શખ્સને પકડી લાવવા તમે અમોને ફરમાવ્યું હતું તે શખ્સ આ રહ્યો!'

મુસ્તાફાએ આ બંધીવાનને જોયો હતો, અને તેને લગભગ પોતાના જેવાજ ચેહરાનો જોઇ તે અજાયબ થયો હતો. ફકત તેની મુછ વધારે કાળા બાલની હતી અને તેનો ચેહરો સેજ વધુ કાળા રંગનો હતો.

પોતાની હજુરમાં બીજા બંધીવાનને જોઇ સરદાર વીસ્મય પામ્યો અને જાણવા માંગ્યું: 'ત્યારે ખરો સખ્સ કોણ છે?'

'ખરો બસા સુલેક કોણ છે તે જો તમે જાણવા માગતા હોવો તો તે સેવક પોતે છે' પેલા બીજા બંધીવાને મગરૂરી અને તોરથી જણાવ્યું 'હું ખરો બસા સુલેક છું.'

સરદાર ઓરબસાને તેની તરફ તીણી નજર નાખી અને પછી પોતાની હજુરમાંથી તેને દુર કરવા માટે ચુપકીદી વચ્ચે ઇસારત કીધી.

પ્રકરણ ૫ મું.

મુસ્તાફાનું ચલકતું નસીબ.

સરદાર ઓરબસાન ત્યાર પછી જે તંબુમાં મુસ્તાફાને બાંધેલો હતો ત્યાં ગયો, અને પોતાની કટારીથી મુસ્તાફાના બંધ કાપી નાખીને તે તેને પોતાની બેઠક આગળ લઇ ગયો અને ચોરોનો એ સરદાર બોલ્યો: 'પરદેશી! એક દયાહીણ શખ્સ દાખલ ભુલથી તમોને ગણીને તે પ્રમાણે વરતવા માટે હું ઘણો દલગીર છું: ખોદાનો તમો ઉપકાર માનો કે છેક છેલ્લી ઘડીએ ખરો બસા સુલેક હાથ લાગ્યાથી તમો મરતા બચી ગયા છો.'

મુસાફરી એકદમ ચાલુ કરવાની રજા મુસ્તાફાએ માગી: કારણકે દરેક પલ ઘણી કીમ્મતી હતી અને એક પલની ઢીલથી તેનું આરંભેલું કામ નીશફળ જાય એમ હતું. આટલી બધી ઉતાવલનું કામ શું હતું તે સરદાર ઓરખસાને પુછયું મુસ્તાફાની વાત સાંભળી તેણે તેને પોતાના તંબુમાં પરોણા દાખળ એક રાત તોડી પાડવા અરજ કીધી અને જણાવ્યું કે સહવારના પોહોરમાં તે તેને એક ન જણાયલો એવો રસ્તો દેખાડશે કે જેથી તે બસોરા ખાતે ત્રીશ કલાકમાં જઈ લાગશે. મુસ્તાફાને તેમજ તેના અસ્પને આરામની જરૂર તો હતીજ: માટે તેણે સરદારનું તેડું ઘણી ખુશીથી કબુલ કીધું. મુસ્તાફાએ ખુલ્લું જોયું કે આ સરદાર જો કે ચોરોનો ઉપરી હતો તોપણ તેનામાં દયાનો ઝરો ચાલુ હતો. સારાં ભોજનો પર હાથ મારયા પછી સરદારનાં તંબુમાં તે ઉંઘાઈ ગયો.

પોહોર ફાટતાંજ તેની આંખ ઉઘડી ગઈ અને મુસ્તાફાએ પોતાને તંબુમાં એખલો સુતેલો દીઠો. પણ તંબુની બાહેર કેટલાક શખ્સોનો વાતચીતનો અવાજ સંભળાતો હતો. સાદ પરથી તેણે સરદારને અને પેલા બુઢાને તરત પીછાણ્યા. આ બુઢો કેહેતો હતો કે મુસ્તાફાને તરતજ કતલ કરવો. તેની તકરાર એવી હતી કે જો મુસ્તાફાને છુટો મુકવામાં આવશે તો સઘળા ચોરોની સલામતી જોખમમાં આવી પડશે. આ સાંભળી મુસ્તાફા ઘભરાટમાં પડયો: તેણે ખુલ્લું જોયું કે કાંઈ નહી જણાયલાં કારણથી પેલો બટકો બુઢો તેને ધીક્કારતો હતો; કદાચ આગળે દીવસે મુસ્તાફાને લીધે પોતાના માનને ધોકો પુગ્યો હતો એમ તે બુઢાએ ધારયું હોય.

ચોરોનો સરદાર ઓરખસાન થોડીક પલ વીચારમાં ગુંટાયો અને પછી મજબુતીથી તેણે જણાવ્યું: 'નહી! એ મારો પરોણો છે; અને મારા પરોણાનો ગેરૂપયોગ હું કદી કરવા દઈશ નહી. મેં જે સુખન આપ્યો છે તે મારે પાલવોજ જોઈએ. વળી આપણને ફસાવે એવો એ લાગતોજ નથી.'

એટલું બોલી તે પોતાની ટોલકીમાંથી ચાલી જઈને પરડો ઉંચકી તંબુમાં આવ્યો.

'મુસ્તાફા! મન શાંત રાખો. આપણે છુટા પડયે તેની અગાડી શરબતનું અકેક પ્યાલું પીએ; અને પછી મુસાફરી બેધડક તમોએ ચાલુ રાખવી. હું તમારાં કામમાં ફતેહ ઇચ્છું છું.'

શરબતના પ્યાલાં નોશ કીધા પછી તેઓ ઘોડેસ્વાર થવા તંબુમાંથી બાહેર નીકલ્યા. આગલે દીવસે જે નાઉમેદી અને શંકાથી તે આ તંબુમાં દાખલ થયો હતો તેથી ઉલટીજ રીતે હવે તે હલકાં દીલે અને ઉમેદથી બાહેર નીકલ્યો.

થોડાંક છેટાં સુધી મુસ્તાફાને વલાવવા માટે સરદાર પણ ઘોડેસ્વાર થઈ તેની સાથે સાથે વાતચીત કરતો ચાલ્યો.

થોડા વખતમાં તેઓ છાવણી પોતા પાછલ મુકી ગયા અને જંગલમાંથી બાહેર નીકલતા એક મોટા રસ્તા પર ઘોડા ડપતાવવા લાગ્યા.

ઓરખસાને પોતાના સોબતીને વાકેફ કીધો કે બસા સુલેક પાસેના એક ગામનો મુખી હતો, જેણે કબુલાત આપી હતી કે તે ઓરખસાનની ટોલકીમાંના માણસોને કાંઈ પણ હેરાનગતી વગર પસાર થવા દેશે. પણ તેણે આ કબુલાત તોડી એટલુંજ નહી પણ ટોલકીમાં જે સઉથી બહાદુર શખ્સો હતા તેમાંના એકને પકડીને ઘણીજ ક્રુર રીતે મારી નખાવ્યો હતો. તેની આ દગલબાજી માટે તેને સીક્ષા કરવાની ટક તેઓ કેટલોક વખત થયાં શોધ્યા કરતા હતા, પણ ગઈ કાલેજ તે તેમના હાથમાં સપડાયો હતો અને તેણે કબુલાતનો ભંગ કીધેલો હોવાથી તેનો જીવ લેવામાં આવનાર હતો.

જંગલના છેડા નજદીક આવી પુગતાંજ ઓરખસાને લગામ ખેંચીને ઘોડાને રોખાવ્યો અને મુસ્તાફાને બાકીના રસ્તા વીશે માહીગાર કર્યા પછી કહયું: 'મુસ્તાફા! ઘણા વીચીતર સંજોગ વચ્ચે તમે ચોરોના સરદાર ઓરખસાનના પરોણા દાખલ રેહેવા પામ્યા

છો. તમોએ એ છાવણીમાં જે જોયું અને જે સાંભળ્યું તે કોઇને પણ કહેશો નહી એવી હું વાજબી રીતે આશા રાખું છું. મારાં માણસોની ભુલથી તમોને જે મુસીબત ખમવી પડી છે તે માટે હું તમારા આભાર હેઠલ ગયો છું. આ ખંજર લેવો, અને કોઇ પણ પલે તમોને મારી મદદ જોઇએ તો આ ખંજર નીશાન દાખલ મોકલજો અને હું તમારી મદદે આવીશ. તમારી બાકીની મુસાફરીમાં કામે લાગવા માટે આ હેલી પણ તમોએ રાખી રાખવી.' (ચીત્ર માટે જુઓ ૪૪ મું પાનું)

મુસ્તાફાએ પોતાના ભોમ્યાનો ઉપકાર માન્યો અને તે ખંજર લીધું; તોપણ હેલી લેવા તેણે ઉપકાર સાથે ના પાડી. ઓરબસાને તેનો હાથ હલાવ્યો, પેલી હેલી જમીન પર નાખી દઇને એડ મારી તે ત્યાંથી ઘોડો દોડાવી ગયો અને જંગલમાં જતો રહયો.

હેલી લેવા સરદાર કદી આવશે નહી એવું જોઇ મુસ્તાફા પોતાના ઘોડા પરથી નીચે ઉતરયા અને તે ઉંચકી લીધી. પોતાના યજમાનની બક્ષેસથી તે ઘણો અજાયબ થયો : કારણ કે તે હેલી સોનાના સીક્કાઓથી છલાછલ ભરેલી હતી.

મુસ્તાફાએ ત્યાર પછી પોતાનો આવી રીતે છુટકો થવા માટે સઘળી જેહાનના પાલનહાર અલ્લાહની સુકર ગુજર કીધી અને ચોરોના સરદારને મનમાં આશીશ દઇ, તેણે પોતાની ધારેલી મુસાફરી ચાલુ મુકી.

પ્રકરણ ૬ ઠું.

ફાતમાનો પત્તો.

મુસાફરીની શરૂઆતના સાતમાં દીવસે બપોરના બસોરા શેહેરના દરવાજામાં મુસ્તાફા દાખલ થયો.

જતાંને વાર તે નજદીકના મુસાફર ખાનામાં ગયો અને ઘોડાપરથી નીચે ઉતરીને ગુલામોનું વારસીક વેચાણ કયે દીને થવાનું હતું તે પુછયું. પણ તેની દલગીરીનો શો પાર! એ વારસીક વેચાણ તો બે દીવસ પર થઇ ગયું હતું; અને તે બે દહાડા મોડો જઇ પુગ્યો હતો. ગુલામોનું બજાર તો બંધ પણ થઇ ગયું હતું!

મુસાફરખાનાંના રખેવાલે ખબર કીધી કે તે વખતના વેચાણ વેળા બજારમાં ઘણી રસાકસી ચાલી હતી. સઘળાં ગુલામોમાં બે બહુજ ખુબસુરત જવાન અબલાઓ હતી, જેઓએ ગુલામો ખરીદનારાઓનું ઘણું ધ્યાન ખેંચ્યું હતું. ખરી રીતે કેહેતાં તો તેમને ખરીદવા માટે ખરીદદારો વચ્ચે નાની સરખી જપાજપી ચાલી હતી. પણ એ બંને અબલાઓ એટલી તો મોંઘી કીમ્મતે વેચાઇ હતી કે તેમના તવંગર ખરીદનારનેજ તેમ કરતાં પાલવે. આ વાતથી મુસ્તાફા તેમાં ઘણો રસકસ લેતો જણાયો. તેણે જે સાંભળ્યું તે પરથી તેની ખાતરી થઇ કે તે બે નાજનીનો કોઇજ નહી પણ તેની ગુમ થયલી બેહેન ફાતમા અને તેની ભવીષની મોહોરદાર ઝોરઇડા હોવી જોઇએ.

તેમના ખરીદનારનું નામ ઠીયુલીકોસ હતું, જે ઘણો તવંગર વેપારી ગણાતો હતો. તે હવે એકાંતપણે પોતાની જીંદગીના બાકીના દીવસ પોતાના મેહેલમાં રહી પસાર કરતો હતો. ધંધો તો ઘણુંનો તેણે મુકી દીધો હતો. બસોરાથી બે દીવસની મુસાફરી કરતાં તેના મેહેલ આગળ આવી પુગાતું હતું. આ તવંગર વેપારી આગતા સ્વાગતા કરવા માટે પણ ઘણો જાણીતો હતો.

તરત પાછો ઘોડેસ્વાર થઇ તે મેહેલ તરફ જવાનું માટે મુસ્તાફાનું મન લલચાયું, પણ સેજ વીચાર કરતાં એટલી ઉતાવળ કરવા તેણે નામુનાસેબ ધાર્યું. તે આ અજાણ્યા શેહેરમાં તદન એખલો હતો: યાને તેનું કોઇ ઓલખાનવાલું ત્યાં નહી હતું. વળી તેણે ઉપાડી લીધેલું કામ પણ ઘણું જોખમભરેલું હતું, અને તે સાંત રીતે અને છુપછુપપણે બજાવવાની ઘણી જરૂર હતી. હથયારમાં તેની પાસે ફકત એક ખંજર હતું: તેથી સામે

થવાથી કાંઈ તેનું વલે, એમ નહી હતું. તેટલા માટે તેણે જુદોજ રાહ અખત્યાર કરવા દરૂસ્ત વીચાર્યું.

ખસા સુલેકના ચેહેરાને લગભગ મલતો પોતાનો ચેહેરો હતો, કે જે ચેહેરાને લીધેજ તે માર્યો જતો સેહેજમાં બચી ગયો હતો. આ મલતાપણાનો લાભ લઇ પોતાની બેહેનનો છુટકારો કરવા તેણે ઠરાવ કીધો.

ઓરખસાને આપેલી થેલીની બરકતથી તેણે બે નોકરોને પોતાની નોકરીમાં રાખ્યા એટલુંજ નહી પણ તેમને માટે બે ઘોડા વેચતા લીધા; ત્યાર પછી કસબી ટોપી પેહેરીને ઠીયુલીના મેહેલ તરફ જવા તેણે ચાલુ મુકયું.

આ મેહેલ એક ખુબસુરત ખુલ્લાં મેદાનમાં આવેલો હતો. મેહેલ એક ઉંચી દીવાલથી ઘેરી લીધો હતો. મેહેલને અને આ દીવાલની વચ્ચે એક ઘણો રમણીય બગીચો હતો જ્યાં રંગ બેરંગી તથા ખુશબોદાર ઝાડો અને રોપાઓ ખીલી નીકળેલા હતા.

આ મેહેલ આગલ પુગવા અગાડી પોતાનો ધારણ કીધેલો વેષ સંપુર્ણ કરવા માટે મુસ્તાફાએ ખસા સુલેક જેવો દેખાવા માટે પોતાની મુછ વધારે કાળા રંગની કીધી અને એક રોપાનો રસ લગાડી શરીર પણ સેજ વધુ કાળું કીધું.

મેહેલ આગલ જઇ પુગતાંજ તે ઘોડા પરથી નીચે ઉતર્યો, અને પછી ખસા સુલેકના નામથી મેહેલના ધણીને પોતાનો નોકર મોકલી પેગામ મોકલ્યો કે ખસા તે રાત મેહેલમાં વીસામો લેવા માગે છે.

નોકર પોતા સાથે કીમ્મતી પોશાક પેહેરેલા ચાર ગુલામ લઇ પાછો આવ્યો. આ ગુલામોમાંથી બે જણા મુસ્તાફાના ઘોડાને તથા પેલા નોકરોને તબેલા ભણી લઇ ગયા અને ત્યાં તેણે ઘોડાઓને બંધાવી તથા દાણો પાણી આપવા ઘોડાવાલાઓને તાકીદ કરી પેલા બે નોકરોને તેમને માટેના રેહેઠાણમાં લઇ ગયા અને તેમની મદારત કીધી.

બીજા હાથ પર બાકીના બે ગુલામો મુસ્તાફાને અદબ અદાથી રસ્તો દેખાડતા મેહેલમાં લઇ ગયા. એક પીરોજા સંગેમરમરી પથ્થરનો દાદર ચઢાવીને મુસ્તાફાને ઠીયુલી કોસની હજુરમાં તેઓ લઇ ગયા.

મેહેલના માલેક ઠીયુલી-કોસે આગતા સ્વાગતા કરવામાં કશું બાકી રાખ્યું નહી. તેના ગુલામો જે જે સરસ મગમગતાં પકવાનો લાવતા, તે તે પોતાના મેહેમાન હજુર મુકતો અને ખવાડવાની બોહોસ કરતો હતો. સ્વભાવે પણ ઠીયુલી ઘણો સારો લાગ્યો.

ખાણાંથી ફારેગ થયા પછી તેઓ પરચુરણ વાતે વલગ્યા. કુદરતી રીતે છેલ્લાં વારરીક વેચાણ વીશે વાતચીત ચાલી. પોતે જે બે નવી ગુલામડીઓ ખરીદી હતી તેમની ખુબસુરતીની તારીફ પર તારીફ ઠીયુલી ગાવા લાગ્યો; તોપણ તેઓ ઘણી ઉદાસ રેહેતી અને દહાડે દહાડે શરીરે તવાતી ચાલતી જણાતી તેથી તેમના ધણીએ દલગીરી દેખાડી, પણ તેને આશા હતી કે દીવસો ગયા કેડે સઘલું ઠીક થશે. પોતાને મલેલા આવકારથી મુસ્તાફા ઘણો ખુશી થયો, અને જ્યારે સુઇ જવા તે એક ઓરડામાં ગયો ત્યારે પોતાની ફતેહ માટે ઘણી આશા રાખવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

બુદા બટકાએ વાલેલો ધાન.

પણ નીંદ્રા આવ્યાને એક કલાક પુરો પાપરો ગયો નહી કે તેની આંખ પર પડેલાં એક બત્તીના ચકચકીત કીરણોથી મુસ્તાફા ભડકી જાગી ઉઠયો. તે વખતે એ ખુવાબ જોતો હતો, પણ તેમાં આ મુજબ ખલલ થઇ હતી. આંખ્યો ઉંઘાડી જોતાં તેણે ઓરખસાનની સરદારી હેઠલના ચોરોની ટોલકીમાંના પેલા બટકા બુદાને પોતા હજુર જોયો. તેણે એક હાથમાં દીવી પકડેલી હતી અને તેના હોઠ પર હસવું મગટી નીકળ્યું હતું.

પેહેલાં તો મુસ્તાફાએ ધાર્યું કે તે હજુ સ્વપ્નું જોતો હતો, પણ જ્યારે તેની ખાતરી થઈ કે તેમ નહી હતું ત્યારે તેણે જાણવા માગ્યું: 'મારી આસાએસમાં ખલલ કરવાની તારી શી મકસદ છે?'

'તારે એટલો બધો રોખ કરવાની કશી જરૂર નથી.' મુસ્તાફા હજુર ઉમેલા શખ્સે જણાવ્યું 'તું અહી શી રવેસે દાખલ થવા પામ્યો તે હું અટકલી શકું છું. તારો માનવંત ચેહેરો હું હજુ વીસરી ગયો નથી. જો મેં પોતે બસા સુલેકને ફાંસીએ લટકાવવામાં મદદ કીધી નહી હતે તો હું તારા આ ધારણ કીધેલા વેષ-થી ઠગાતે. પણ મારી અહીં આવવાની મતલબ તારી પાસે એક મેહેરબાની માગવાની છે.'

'પેહેલાં તો મને જણાવ કે તું અહીં કેવી રીતે આવવા પામ્યો.' પોતે પકડાઈ આવ્યો એવું જોઈ મુસ્તાફા ગુસ્સે થયો અને પુછ્યું.

'એમાં કાંઈ છુપાવ જેવું નથી.' બુઢાએ કહ્યું 'ઓરખસાન અને હું ચોક્કસ બાબ-દમાં એકમત થયા નહી: તેથી હું છાવણી છોડી જઈને અહીં આવ્યો છું. પણ તું સારી રવેસે જાણે છે કે અમારી દોસ્તીમાં ખલલ કર-વાનું મુળ તુંજ હતો: તેથી તેના બદલા તરીકે તું તારી બેહેનને મારી સાથે પરણાવ, એ અરજ હું કરવા આવ્યો છું. જો તું હા કહેશે તો તેણીનો અહીંથી છુટકો કરવાના તારાં કામમાં હું તુંને મદદ કરીશ; પણ જો તું ના પાડશે તો હું મારા શેઠને નવા બસા સુલેકની ઠગબાજી વીશે વાકેફ કરીશ.'

બુઢાની આ માગણીથી મુસ્તાફાને ઘણો ક્રોધ ઉપજ્યો અને તે થોડો ઘણો નાસીપાસ પણ થયો. પોતાની યુકતી પાર પાડવાની અણી પર હતો તેજ વખતે આ ન ધારેલી ખલલથી તે ઘણો નીરાશ થયો. તેનાં આરંભેલાં કામમાં આ કંગાલ બુઢો વચ્ચે નડ્યો હતો.

મુસ્તાફાના હાથમાં હવે એકજ ઉપાય બાકી હતો: અને તે એ કે એ બુઢાનો એક ફટકે આ દુન્યાંમાંથી છુટકો કરે.

ઝડપથી તે પોતાનાં બીછાણા પરથી ઉઠ્યો અને બુટા તરફ કુદકો માર્યો. પણ બુઢો કાંઈ નભરવસ નહી હતો. મુસ્તાફાની મતલબ ચેતી જઈને તે એક બાજુ થઈ ગયો અને તેમ કરતાં ખામખા તેણે બટી ભોંય પર નાખી દીધી. (ચીત્ર માટે જુઓ પાનું ૪૫ મું). ત્યાર પછી 'દગો, દગો! ચોર! ચોર!' કરી મોટેથી પોકાર મારતો ઓરડામાંથી એ જમાના ખાધેલ બુઢો બાહેર નીસરી ગયો.

પ્રકરણ ૮ મું.

મુસ્તાફા એક તબીબ તરીકે.

પોતાની બેહેનને બચાવવાની સઘળી આશા હવે મુસ્તાફે છોડી દીધી, અને પો-તાનો પ્રાણ બચાવવાનું સાધન શોધવા આસ-પાસ નજર ફેંકી. ઓરડાની બારી જમીનથી ઘણી ઉંચાઈએ આવેલી હતી. પણ માણસોનો બોલવાનો અવાજ ઘણી નજદીકથી આવતો સાંભળી પોતાના કપડાં અને પેલું ખંજર લઈ બારીએથી કુદકો મારવાની તેને ફરજ પડી. તેના સારાં નસીબે તે તરફ નીચે ભોંય પર સુકું ઘાસ પડેલું હતું; આથી તેના એક પણ હાડકાં યા સાંધાને કશી પણ જાણવા જોગ ઈજા થઈ નહી. ઘાસ પર પડતાંજ તે ઝડપથી ઉઠ્યો અને મેહેલની આસપાસ જે દીવાલ આવેલી હતી તે દીવાલ વટાવી ગયો, અને એ રીતે પુઠે લાગનારાઓને હંફાવવામાં તે શકતીવાન થયો. થોડેક દુર આવેલાં એક નાનાં જંગલમાં જ્યાં સુધી તે જઈ પુગ્યો નહી ત્યાં સુધી તે દોડ્યો ગયો, અને જંગલમાં થાકથી આજેજ થઈ તે બેસી જઈને હાંફવા લાગ્યો.

હવે કરવું શું? તેનો ઘોડો અને તેના નોકરો તો ઠીયુલીના મેહેલમાં હતા. પણ એ-ટલું ઠીક હતું કે સીક્કાવાલી થેલી હજુ તેની પાસે હતી, જે તેણે પોતાની કમ્મરે બાંધી રા-ખેલી હતી.

તોપણ નવું જુનું શોધી કાઢવાની તેની આવડતને લીધે એક જુદીજ યુકતી તેણે શોધી કાઢી.



તેઓએ મુસ્તાફાના પગ ઘોડા સાથે મજબુત સીકડયા.



'અલાહ અકબરના કસમ ખાઈ જણાવું છું કે આ શખ્સ ખરા સદીક છે'.



મુસ્તાફાએ ચોરના સરદાર પાસેથી ખંજર લીધું. (પાનું ૪૧).



મતલબ ચેતી જઈને પુઠે એક બાજુ થઈ ગયો. (પાનું ૪૩).

જંગલમાંથી પસાર થઈને તે એક નાનાં ગામડામાં જઈ પુગ્યો, જ્યાંથી હલકી કીમ્મતે એક ઘોડો ખરીદીને તે પર બેસી નજદીકના એક શેહેર તરફ જવા તેણે ચાલુ મુક્યું.

ત્યાં જઈ પુગતાંજ તેણે એક હુશયાર તબીબ વીશે પુછપરછ કીધી. એક જઈફ હકીમ માટે લોકો ઘણાં તારીફ કરતાં હતાં તેની હજુરમાં તે ગયો.

આ હકીમને પોતાની પાસેના સોનાના સીકકાની બક્ષેસ આપી આંજી નાખી તેણે તેની પાસેથી એક જાતની દવા મેલવી. આ દવાના થોડાંક ટીપાં પીતાંજ ગમે તેવું માણસ મરણ પામેલાં જેવું સ્થીર બની જાય અને જાણે હમેસની ઉંઘમાં ગીરફતાર થયું હોય તેમ લાગે. પણ એ દવાની બીજી મોટી ખુબી એ હતી કે તે દવાના ચોકકસ ટીપા પેહેલી દવાની અસરથી પેલાં મરણ પામેલાં જેવાં માણસનાં મ્હોંમાં રેડતાં સેજ વખતમાં તે પાછું હુસ્યાર થતું.

આ તથા બીજી થોડાક વધુ દવાની શીશીઓ મુસ્તાફાએ ખરીદી. ભુકારૂપી દવાના થોડાક નાના બાકસો પણ તેણે લીધા. ત્યાર પછી એક લાંબો ઝભો પેહેરી અને પોતાની દાહાડી અને થેલ્યા સફેદ રંગીને એક મુસાફર હકીમ દાખલ વેષ ધારણ કરી ઠીયુલી-કોસના મેહેલ તરફ જવા તેણે ચાલુ મુકયું.

ધીમી મુસાફરી કરતો તે ઠીયુલીના મેહેલના દરવાજા આગલ જઈ પુગ્યો અને પોતાને ચકમનકાણુડીબાબા હકીમ દાખલ ઓલખાવ્યો.

તેણે ધાર્યું હતું તેમ આ મોટું ભપકાદાર નામ સાંભળી ઠીયુલી અંજાઈ ગયો અને તેને પોતાના પરોણા દાખલ તરતજ દાખલ કીધો.

પોતાના મેજબાનની હજુરમાં ચકમનકાણુડીબાબા હકીમ ગયો. તેણે જોયું કે ઠીયુલી આગલા વખતની માફકજ પરોણા ચાકરી કરતો હતો. પરચુટણ વાતગીત કરયા પછી પોતાની ગુલામડીઓની સારવાર આ હકીમ સાહેબની નીગેહબાની હેઠલ કરાવવા પોતાની મરજી જણાવી. મુસ્તાફાને આ ન ધારેલી ટક મલેલી જોઈ ઘણી ખુશાલી ઉપજી: કારણ કે ઠીયુલીના હકીમ દાખલ પોતાની ગુમ થયલી બેહેન ફાતમાં અને ભવીષની મોહોરદાર ઝોરઈડાને નજરે નજર જોવાનો ઘણો સંભવ હતો.

ઠીયુલી તેને પોતાના જનાનખાનાંમાં લઈ ગયો. મુસ્તાફા ધડકતી છાતીએ તેની પુઠે ગયો. તેઓ એક મોટા ઓરડામાં દાખલ થયા, જે ઓરડો ઘણી સરસ રીતે આરાસ્તા કીધેલો હતો; પણ ત્યાં કોઈ પણ જણાયું નહી.

'નેક ચમ્બાબા, આ દીવાલમાં પેલું મોટું બાકોરૂં છે તે જોવો; મારી દરેક ગુલામડી એમાંથી હાથ બાહેર કાઢશે અને તેની નાડી બરાબર તપાસી તમો જે લાયક દવા જેને કોઈને ઘટતી હોય તે આપજો.'

ત્યાર પછી તેણે એક હાથીદાંતની એક તખ્તી પોતાના હાથમાં લીધી અને એક પછી એક ગુલામડીનું નામ પોકારતો ગયો. નામ સાંભલતાં તે નામની ગુલામડી હાથ બાહેર કાઢતી; મુસ્તાફા ઘણી ગંભીરાઈથી નાડી તપાસતો. પેહેલી છને માટે તેણે જણાવ્યું કે તેઓ તદન તનદરોસ્ત હતી, પણ સાતમીનું નામ ઠુલીએ 'ફાતમાં' કરી પોકારયું. આ અબલાનો હાથ પોતાના હાથમાં પડતાં મુસ્તાફાના આંગલાં ધ્રુજયાં. ત્યાર પછી તેણે ગંભીરતાથી ડોકું હલાવી કહ્યું કે એ 'ઘણી આજારી છે.'

આ સાંભલી ઠીયુલીને ઘણી ફીકર લાગી અને તેણીને માટે દવા તરતજ તઈયાર કરવા ચકમનકાણુડીબાબા હકીમને ફરમાવ્યું.

પ્રકરણ ૯ મું.

દવા, ચીઠો અને તેનો અસર.

મુસ્તાફા તે ઓરડામાંથી બાહેર ગયો અને દવા તઈયાર કરવા લાગ્યો. તેજ વખતે તેણે કાગજની એક કાપલી પર ઝડપથી નીચે પ્રમાણે લખ્યું:—"ફાતમાં" લાંબી ઉંઘ લાવવા માટે જે દવા હું આપું તે જો તું પી જશે તો બે દીવસ વેર ભર ઉંઘમાં તું પડશે, અને આખરે આપણે એક બીજાને જોઈશું. તુંને જાગૃત કરવાનો મારી પાસે એક ઈલાજ છે. જો એ દવા પીવા તું કબુલ કરે તો હમણા જે દવા

આપું છું તે પીને જણાવજે કે તે કાંઇ કારગત લાગતી નથી.'

ત્યાર પછી એક જાતની પ્રવાહી લઇ તે પાછો પેલા જનાનખાનાવાલા ઓરડામાં ગયો. સાતમાં નમ્બરવાલી દરદીને પાછો હાથ બાહેર કાઢી નાડી તપાસવા જણાવ્યું અને એ પ્રમાણે તપાસતી વેલાએ કોઇ નહી જોય તેવી રીતે તેણીના હાથમાં પેલી લખેલી ચીઠી મુંકી દીધી અને તે સાથે દવા પણ આપી.

ફાતમાની બીગડેલી હાલત સાંભળી ઠીયુલી ઘણો દલગીર થયલો જણાયો અને બાકીની ગુલામડીઓની દવા કરવાનું કામ બીજા દીવસ પર મુલતવી રખાવ્યું.

બંને જ્યારે ઓરડો છોડી જતા હતા ત્યારે ઠીયુલીએ જણાવ્યું: 'હકીમ સાહેબ! તમારૂં નામ મને બરાબર યાદ નથી: માટે જો કાંઇ ભલતું નામ મારાથી બોલાય તો મનમાં માઠું લાવવું નહી. વારૂં, ફાતમાને શું દરદ થયું છે? ઘણી મોઘી કીમ્મતે મેં ખરીદેલી ગુલામડીઓમાંની એ એક છે.'

'ત્યારે તો—તો—'

'શું છે, ચાડીબાબા? તો શું?'

'હું કેહેવાને ઘણો દલગીર છું કે' મુસ્તાફાએ નીશાશ નાખી જણાવ્યું 'અલ્લાહ તમોને સબુરી બક્ષે. ઘણી ખરાબ તાવથી એ હેરાન છે, અને કદાચ એ બાયડી ગુજરી પણ જાય?'

આ સાંભળી ઠીયુલી ઘણો ગુસ્સામાં આવી ગયો.

'કંગાલ કુતરા' તે ઉશકેરાઇ જઇ બોલ્યો શું તું એમ કહે છે? બે હજાર સોનાના દીનારે મેં એને વેચતી લીધી તે શું જે—માં જાય કે? જો તું એની જીંદગી બચાવશે નહી તો તું ઘણો અગવડમાં આવી પડશે!'

યજમાન કેવા સ્વભાવનો માણસ હતો તે હવેજ મુસ્તાફાએ જોયું. તેણે પોતાની ભુલ જોઇ અને પોતાના યજમાનને ખાતરીથી જણાવ્યું કે કદાચ તેણીને તે સાજી પણ કરે. થોડી વાર પછી એક સીધી ગુલામે આવીને જણાવ્યું કે દવા કારગત લાગી નહી હતી.

'ચકમબાબા!' ઠીયુલીએ હવે મીજાજ નરમ પાડી કહયું 'તમારેથી બની શકે તેમ કરીને એને જીવાડજો. હું તમોને એનો બદલો વાલી આપ્યા વના રહીશ નહી.

તોપણ ઠીયુલીના બોલવાની ઢપ પરથી જણાયું કે તેણે પોતાનો મીજાજ જેમ તેમ દાબી દીધો હતો. બે હજાર સોનાના સીક્કા એક સપાટે જતા રેહેવાના વીચારે તેને જાણે ઘેલો ગાંડો કરી મુકયો હતો.

'એને હું હવે એક એવી જાતનું શરબત આપીશ કે તેથી એ સાજી થયા વના રેહેવાની નથી.' હકીમે કહયું.

'હા! હા! શરબત આપો.' ઠીયુલીએ ટેકો આપ્યો. 'ગમે તે આપો; પણ સાજી કરો.'

પોતાની ફતેહથી મલકાઇને મુસ્તાફા પેલી ઉંઘ લાવનારી એજમતી દવા લાવવા બીજા ઓરડામાં ગયો, અને પેલા ગુલામને આપી ફરમાવ્યું કે તે પેલી ફાતમા આગલ તરત લઇ જઇ જણાવે કે તરત એ સઘલી દવા નોશ કરવી.

આટલું કામ કીધા પછી તેણે જણાવ્યું કે કીનારા આગલ ઉગતી કાંઇક વનસ્પતી લેવા જાઉં છું; અને એ પ્રમાણે બોલી તે ધીમે કદમે મેહેલમાંથી બાહેર નીકલ્યો.

કીનારા આગલ જઇ તેણે પોતાના ઉપલાં વેષધારી કપડાં કાઢી નાખ્યાં અને પોતે દુર આવેલી ગીચ ઝાડીની અંદર રાત પડવા સુધી છુપાઇ બેઠો.

પુરતું અંધારૂં પતાંજ તે પોતાની છુપાવાની જગ્યામાંથી બાહેર નીકલ્યો અને મેહેલને લગતાં કબ્રસ્તાન તરફ જવા ચાલું મુકયું.

મુસ્તાફા મેહેલ છોડી ગયો તેને સવા કલાક થયો નહી કે ઠીયુલીની આગલ એક નોકર ગયો અને તેને ખબર કીધી કે ફાતમાં મરણ પામવાની અણી પર આવેલી છે.

કીનારા પર વનસ્પતીની શોધમાં ગયલા બેહકીમને તરત લાવી લાવવા તેણે એક નોકર

ને મોકલ્યો, પણ તે પાછો વળ્યો અને જણાવ્યું કે ચકમનકાણુડીબાબા ત્યાં માલમ પડતો નથી. તેણે વધાર્યું કે હકીમ અકસમાતથી દરયામાં પડીને મરણ પામ્યો હશે: કારણ કે મોજાની ઉપર તેનો દગલો તરતો જણાતો હતો.

પોતાની માનીતી અને કીમતી ગુલામડીને બચાવવા માટે કાંઈ પણ મદદ થઈ શકતી નહી હોવાથી ઠીયુલી નાચાર બન્યો: તે ઘણો ગુસ્સે થયો અને તેના આવેશમાં પોતાની હજુરમાં જે કોઈ નજર પડતું તેને કાંઈ ને કાંઈ સખખસર ગાલ દેવા લાગ્યો.

સેજ વાર રહી વધુ ખબર તેને આપવામાં આવી કે ફાતમા તેણીના ખીદમતગારોના હાથમાં મરણ પામી હતી. આ સાંભળી તેણીને દાતવા માટે તરતજ કફન બનાવવા સારૂ ઠીયુલીએ હુકમ કાઢયો. જઈફ ઠીયુલી ઘણો 'વેહેમી' હતો: તેથી એક રાત પણ લાસને પોતાના મેહેલમાં રાખવા તે દેતો નહી હતો.

તદન અંધારૂં થયું તેની અગાડી લાસને એક કફનમાં મેલી કબ્રસ્તાનમાં લઈ જવામાં આવી અને દાતવાનું કામ શરૂ થયું. આ કામ લગભગ પુરૂં થવા આવ્યું કે બીજી ઘોરો તરફથી હાય અફસોસનો અવાજ નીકળતો સાંભળીને તેઓએ જડપથી તે લાસ પર થોડુંક મટોડું નાખ્યું અને પછી નાસી ગયા.

પ્રકરણ ૧૦ મું.

નવી ફાતમાની નવી યુકતી.

મુસ્તાફા, જે તેઓની નાસભાગનું મુળ હતો તે, હવે પોતાની છુપાવાની જગ્યામાંથી બાહેર નીકળ્યો, અને પોતા સાથે લાવેલું એક ચોર-ફાનસ સલગાવીને પેલી લાસ દાટેલી જગ્યાએ ગયો અને તે પરનું મટોડાનું જે નાનું પડ હતું તે કાઢી નાખ્યું. ત્યાર પછી સુધ્ધીમાં લાવનારી દવાની શીશી તેણે સંભાળથી પોતાનાં ગજવાંમાંથી બાહેર કાઢી અને પછી કફનનું ઢાંકણું ઉઘાડવા પાછળ મંડયો.

પણ આ ઢાંકણું ઉઘાડતાં તેની શી અજાયબી?

બટીના ઉજાશથી તેણે જોયું તો પેલાં કફનમાં એક તદન અજાણી અબલા હતી, તે કાંઈ તેની બેહેન ફાતમા જેમ નહી હતી તેમ તેની સાથે અદરાયલી ઝોરઈડા પણ નહી હતી.

પોતાની નવી આશા આ પ્રમાણે ભંગ થયલી જોઈ શું કરવું તે પેહેલાં તો તેને સુજ પડયું નહી, પણ પોતા નજદીક અશકત આ અબલાને સારી પેઠે જોયા પછી તેની દયા ઉશકેરાઈ અને તેણે તેણીના મ્હોંમાં પેલી મવાહીના ચોક્કસ ટીપાં નાખ્યાં.

થોડી વાર રહી પેલી અબલાએ પોતાની આંખ્યો ઉઘાડી અને મુસીબતે શ્વાસ લેતી જણાઈ. ત્યાર પછી પોતે કયાં હતી તે માટે વીચારમાં પડેલી જણાઈ.

આખરે શું બન્યું હતું તે યાદ આવતાંજ તે ઉઠી ઉભી થઈ અને પોતાનો છુટકારો કરનારના પગ આગળ ગુંઠણે પડી.

'હું તમારો કેવી રીતે ઉપકાર માનું?' તેણી બોલી 'કેદખાનામાંથી મારો છુટકારો કરવા તમારો કેવી રીત આભાર માનું?'

મુસ્તાફાએ તેણીને બોલતાં અટકાવીને પોતાની બેહેન ફાતમાને બદલે તે કેવી રીતે છુટકો મેલવવા પામી તે વીશે પુછયું.

આ સાંભળીને અચંબાથી તેણીએ બે ઘડી સુધી મુસ્તાફા તરફ જોયા કીધું અને પછી બોલી: 'હવેજ મને સહમજ પડી; મને શા સારૂ બચાવવામાં આવી તેનું કારણ હવે મેં જાણ્યું. મેહેલમાં તેઓ મને ફાતમા નામે બોલાવતાં હતાં, અને તેથી તમોએ મને પેલી ચીઠી અને દવા આપી.'

મુસ્તાફાએ પોતાની બેહેન અને ઝોરઈડાની ખબર પુછી તો માલમ પડયું કે તેઓ બન્ને ઠીયુલીના મેહેલમાં હતી, પણ મેહેલના માલેક ઠીયુલીની રસમ મુજબ તેમને જુદાં નામે ઓળખવામાં આવતી હતી.

મુસ્તાફા તદન નીરાશ થઈ ગયો. ફાતમાએ તેની આ નીરાશી જોઈ અને તેને હીમ્મત રાખવા જણાવ્યું. તેણીએ કહયું કે

ફાતમા અને ઝોરઈડાનો છુટકો કરવા માટે એક યુકતી ફતેહમંદ થઈ શકે.

આ સાંભળી મુસ્તાફાને નવી આશા આવી અને તેણીની ગોઠવણ શી હતી તે તેણ જાણવા માંગ્યું.

તેણી બોલી: "પેલા મેહેલમાં હું પાંચ મહીના સુધી કેદ હતી; એ સઘળો વખત કેવી રીતે નાશી જવું તેનો વીચાર હું કર્યા કરતી હતી; પણ કોઈની મદદ વગર મારા જેવી એકલીથી એ કામ પાર પડવું બહુ મુશકેલ હતું. મેહેલના બાગમાં વચ્ચો વચ્ચ એક ફું-વારો તમોએ જોયો તો હશે, જે દશ નળીઓ વાટે પાણી ઉડાડે છે. આ ફુંવારાએ મારૂં ધ્યાન ખેચ્યું. મારા બાપના મેહેલમાં પણ એવોજ એક ફુંવારો હતો, જેમાં મોટી પાહોળી નળીઓ વાટે પાણી લાવવામાં આવતું હતું. હવે ઠીયુલી-કોસના મેહેલમાંનો પેલો ફુંવારો પણ એવીજ રીતે બાંધવામાં આવેલો હતો યા નહી તેની ચુપચુપ જુસ્તેજો કરવામાં હું રોકાઈ. ટક જોઈ એક દહાડે ઠીયુલીની હાજરીમાં મેં એ ફુંવારાની ઘણી તારીફ કીધી. ઠીયુલીએ આથી જણાવ્યું કે: 'એ મારી યોજના પ્રમાણે બનાવેલો છે, અને તેં જે જોયું છે તે તો તેનો ફકત એક ભાગ છે. અહીંથી અરધા માઈલને તફાવતે આવેલા એક સરોવરમાંથી તારી ઉંચા-ઈના એક ભોંયરાં વાટે એનું પાણી અહીં લાવવામાં આવ્યું છે અને એ સઘળું મારી યોજનાનું પરીણામ છે.'

આ સાંભળ્યા પછી ઘણી વખત એવા કોઈ મરદની મદદ માટે આતુરતાથી રાહ જોતી કે જે આ મેહેરાબદાર ભોંયરાં વાટે આવીને મને તેમાંથી લઈ જઈ મારો છુટકો કરે! ફુંવા-રાની એક બાજુએ સંગમરમરનો એક મોટો પથ્થર છે જે ઉંચકવાથી પેલાં ભોંયરાંમાં જ-વાય છે યા તેમાંથી બાહેર નીકલાય છે. આ ભોંયરાંનો રસ્તો અને આ ફુંવારો હું તમોને દેખાડી શકું, પણ મેહેલમાં જવા માટે ઓ-છામાં ઓછા બે હથ્યારબંધ શખ્સોની મદદની જરૂર છે: કારણ કે જનાનખાનાનાં બારણા આગળ હમેશ હથ્યારબંધ બે ગુલામો ચોકી કરે છે."

આ પ્રમાણે ત્યારે આ બીજી ફાતમાની યુકતી હતી.

મુસ્તાફા જો કે બે વાર પોતાની યત્નમાં નીશફળ થયો હતો, તોપણ આ નવી યોજના અજમાવવા માટે તે તૈયાર થયો. 'અલ્લાહની મદદથી હજુ પણ હું મારાં આ કામમાં ફતેહ-મંદ થઈશ.' તે બોલ્યો.

જો તે આ નવી યોજનામાં ફતેહમંદ થાય તો આ બીજી ફાતમાને તેણીને મુકામે સહી સલામત લઈ જવા મુસ્તાફાએ કબુલાત આપી: પણ પોતાની મદદમાં તે કેવી રીતે બે હથ્યારબંધ અને વીશ્વાસુ શખ્સોની મદદ મેળવે તે વીશે મુસ્તાફાને પહેલાં સહમજ પડી નહી.

વીચાર કરતાં તેને ઓરખસાને આપેલું પેલું ખંજર યાદ આવ્યું: અને તેથી લુટારૂ-ઓના એ સરદારની કબુલાત પર ભરોસો મુકી તેની મદદ લેવા તેણ ઠરાવ્યું.

પોતાના સોબતીને તે પાસેના એક ગા-મમાં લઈ ગયો અને તેણીને એક ગરીબ પણ વીસ્વાસુ જણાતી અબલાના હવાલામાં સોંપી, પોતા પાસે જે સીક્કા બાકી રહયા હતા તેથી એક ઘોડો ખરીદી અને પોતે પાછો ફરે તેટલાં ખરચ માટે થોડા પઈસા બીજી ફાતમાને આ-પીને તેણ ફરીથી ઓરખસાનની છાવણી તરફ જવાનો રસ્તો ધરયો.

પ્રકરણ ૮ મું.

જમીનની અંદર મુસાફરી.

બે દીવસની મુસાફરી પછી મુસ્તાફા ઓ-રખસાનની છાવણીવાલી જગ્યાએ જઈ લાગ્યો. તંબુઓ હજુ ત્યાંજ હતા. હીમ્મતથી મુસ્તાફા સરદારની હજુરમાં ગયો.

પોતાની બેહેનને બચાવવા માટે મળેલી નીશફલતાનું ધ્યાન તેણ કાપ્યું, અને પોતે

અકમનકાશુદીખાબા હકીમના વેશમાં કેવી રીતે ઠીયુલીના મેહેલમાં ગયો હતો તે બીના જ્યારે તેણુ જણાવી ત્યારે ઓરખસાન મુછમાં હસ્યો; પણુ પેલા છુઠા ખટકા ચોરની મુલાકાત ઠીયુલીના મેહેલમાં કેવા સંજોગ હેઠલ થઈ હતી તેનો હેવાલ જ્યારે મુસ્તાફાએ જણાવ્યો, ત્યારે એ ખટકાની બેઅદમાનીથી ઘણો ગુસ્સો ઓરખસાનને ઉપજેલો જણાયો અને છેલ્લાં તો તે એ દગલબાજને ત્યાંનો ત્યાંજ ફાંસીએ લટકાવવા સોગંદ ખાવા લાગ્યો.

મુસ્તાફાની મદદે આવવા તેણે કબુલાત આપી, પણ આ ચોરોના ઘોડાઓ લાંબી મંજલ કરી થોડા વખત પરજ આવી લાગેલા હોવાથી તેમને આરામની જરૂર હોવાથી કુચ બીજે દીને શરૂ કરવા જણાવ્યું. આથી વળી પાછી એક રાત મુસ્તાફાને આ ચોરોની છાવણીમાં ગુજારવી પડી.

બીજે દીને પોહોર ફાટતાંજ ઓરખસાન અને તેના સઉથી જોરાવર ત્રણ માણસો સાથે મુસ્તાફાએ જે જગ્યા પેલી બીબી ફાતમાએ મળવા જણાવ્યું હતું ત્યાં જવા માટે મુસાફરી ચાલુ કીધી.

બે દીવસની ઘોડેસ્વારી કીધા પછી તેઓ ત્યાં જઈ લાગ્યા. ફાતમાને લઈ ઠીયુલીના મેહેલથી થોડે દુર આવેલાં એક જંગલમાં ગયા અને ત્યાં અંધારૂં પડવાની વાર જોતાં રોભ્યાં.

કાલાદેવ (રાત્રી)નું દશ બાર કલાકનું રાજ શરૂ થયાને ઘણો વખત થયો નહી કે ફાતમાની રાહબરી હેઠલ તેઓ એક વીશાળ સરોવર આગળ ગયા, અને સેજ વખતમાં જમીનમાંનો મેહેરાબરોકો પેલો રસ્તો શોધી કાઢયો.

ફાતમા સાથે એક શખ્સ પેલા રસ્તાની અને ઘોડાઓની ચોકી કરતો બારણા આગળ ઉભો, જ્યારે બાકીનાઓએ જમીનમાંના રસ્તે જવાં ચાલુ મુકયું. પણુ તેઓએ જમીનમાંની પોતાની આ મુસાફરી શરૂ કીધી તેની અગાડી વળી પાછું ફાતમાએ રસ્તાનું અને મેહલમાંના ઓરડાઓ વગેરેનું બારીકીથી ધ્યાન તેઓ આગળ કીધું. કુંઆરાની બાજુમાં આવેલો સંગેમરમરનો એક પથ્થર તેઓને ઉંચકવો હતો, જેમાંથી બાહેર નીકળતાં મેહેલની અંદરના ચોકમાં પુગાતું હતું.

ચોકની બન્ને બાજુએ ઓરડાઓની હાર લાગી હતી, જેમાં ગુલામડીઓ વસ્તી હતી. મુસ્તાફાની બેહેન ફાતમા અને ઝોરઈડા જમણા હાથ પર આપેલા છઠા નમ્બરના બારણાવાલા ઓરડામાં વસ્તી હતી; જે બારણાની બે સીધી ગુલામો ચોકી કરતા હતા. આટલી ખબર મેળવી ઓરખસાન, મુસ્તાફા અને બાકીના બે ચોરોએ જવા ચાલુ મુકયું.

તેઓ કમ્મર પુર પાણીમાંથી રસ્તો કાપીને આખરે કુંઆરાની નજદીક જઈ લાગ્યા.

લોખંડી હથ્યારોથી તેઓ સજ થયલાજ હતા; એટલે તેની મદદથી કુંઆરા આગળનો સંઘેમરમરનો પથ્થર ઉંચકવાની ઝાઝી અડચણુ તેઓને નડી નહી. પથ્થર ખસેડયા પછી ઓરખસાન પેહેલ વેહેલો ચોકમાં દાખલ થવા ઉપર ચઢયો. ચોકની ભોંય કરતાં એ પથ્થર સેજ નીચાણમાં આવેલો હોવાથી ઉપર ચઢવાની જરૂર હતી.

ઉપર ચઢયા પછી ઓરખસાને પોતાના સાથીઓને ચઢવામાં મદદ કીધી. તેમને જે પ્રમાણે જણાવવામાં આવ્યું હતું તે પ્રમાણે તેઓએ ચાલ અને ઓરડાઓની હાર જોઈ. પણુ જમણી બાજુ પરના એક ઓરડાનું બારણું ઇંટથી ચણી લેવામાં આવેલું હોવાથી તે બારણું પણુ ગણુતરીમાં લેવું યા નહી, તેના ગુંચવાડામાં તેઓ પડયા.

પણુ સેજ વખતમાં તેમનો ગુંચવાડો નરમ પડયો: કારણુ કે ઓરખસાને બેધડક છઠાં બારણા આગળ જઈ હલવેથી તેનું બારણું ઉઘાડયું. તે ઓરડાની ભોંયપર છ ગુલામો સુતેલા હતા.

આ ઓરડો ભુલમાં ઉઘાડવામાં આવ્યો એવું જોઈ, તેઓ ત્યાંથી જતા રહેવાની અણી પર હતા; પણુ તેવામાં એક ખુણા આગળથી એક નાનો ખટકો આકાર ઉડતો જણાયો. તેણે

મદદને માટે બુમ પાડી, તેટલાંજ ઓરખસાનની નજર તેની પર પડી. તેણે તેને તરતજ પીછાણ્યો. એક પલમાં તે બટકાનું ગળું ઓરખસાને પોતાના હાથથી દાબ્યું અને મદદ માટેની તેની બુમોને અટકાવી.

પ્રકરણ છેલ્લું.

છુટકો.

પોતાની કમ્મર આસપાસ વીંટાળેલો કપડાંનો પટો ઝડપથી એક હાથે છોડી નાખી ઓરખસાને તે બટકાના બન્ને હાથ તેની પીઠ પાછળ બાંધ્યા, મ્હોંમાં ડુચો મારયો, અને બીજા જે બી ગુલામો જાગ્રત થયા હતા તે સઘળાઓને એ પ્રમાણે સીકડયા.

પેલા બુઢા બટકાનાં ગલાં આગળ તલવાર તઇયાર પકડી રાખીને મુસ્તાફાની બેહેન ફાતમા અને ઝોરઇડા કયે ઠેકાણે હતી, તે ઓરખસાને તેનેથી જાણવા માગ્યું. એ ઠીંગણો ઓરખસાનના સ્વભાવથી પુરતો માહીતગાર હતો: તેથી તેણે ખબર આપી.

મુસ્તાફા તરતજ તેમના ઓરડા ભણી ગયો. તેઓ ઘોંઘાટથી જાગી ઉઠેલાંજ હતાં: તેથી તેણે તેમને ઝડપથી તેઓને લગતી ચીજો એકઠી કરી લઇને તેની પાછળ આવવા જણાવ્યું, કે જેથી તેમનો છુટકો થાય.

ઓરખસાનના સાથીઓએ તે મેહેલમાંની થોડીક ચીજો લુટવા માટે પોતાના એ સરદારની રજા માગી, પણ તેણે તે આપી નહી. તેણે સાફ જણાવ્યું કે: 'ઓરખસાન રાતની વેળાએ ખાતર પાડી ઘરોમાંથી ચીજો ચોરી જાય છે એમ કોઇ કહી શકશે નહી.'

મુસ્તાફા અને એક ચોર ત્યાર પછી જમીનમાંના મારગ વાટે પાછા જંગલમાં જવા ભોંયરામાં ઉતરયા; તેમની સાથે ફાતમા અને ઝોરઇડા પણ ગઇ. પણ ઓરખસાન અને તેનો એક સોબતી પાછળ રહયા.

પોતા સાથે લાવેલી એક મજબુત દોરડી તેઓએ હાથમાં લીધી, અને તે પેલા બુઢા બટકાનાં ગળાંની આસપાસ ઉતાવલથી વીંટાળીને કુંઆરાની છેક ઉંચી પરનાળ પરથી તેને લટકાવી દીધો. તેની ચાલ માટે આ પ્રમાણે શીક્ષા કરયા પછી સરદાર અને તેનો સોબતી પેલાં ભોયરાંમાં નીચે ઉતરયા, અને આગળા નાંઓની પાછળ ચાલ્યા.

ભોયરાંમાંથી બાહેર નીકળ્યા કેડે મુસ્તાફા અને તેની બેહેન ઓરખસાનની આ બાદશાહી મદદ માટે બેહદ ઉપકાર માન્યો, પણ તેણે તેમને તરતજ ત્યાંથી કુચ કરી જવા મજબુત ભલામણ કીધી. તેણે તેમ કરતાં જણાવ્યું કે તેઓ સઘળાંની પુઠે ડીયુલી-કોસ તરતજ ચોકીયાતોને મોકળવા ચુકશે નહી.

પોતાનો છુટકારો કરનારનો આભાર ઘણી લાગણી સાથે માનીને તેઓ તેનેથી છુટાં પડયાં.

પેલી બીજી ફાતમા છુપા વેશે અને છુપે નામે બસોરા ગઇ, જ્યાંથી પોતાને ગામ જવા વ્હાણે ચડી. બીજા હાથ પર મુસ્તાફા અને તેનાં સાથીઓ તેમના બાપને ઘરે પાછાં વળ્યાં.

પોતાની દીકરીને ફરીથી જોઇને ફાતમાનો જઇફ પીતા ઘણોજ ખુશી થયો, અને મુસ્તાફાને તેના બદલા દાખલ ઝોરઇડા સાથે પરણાવવા બાખુશીથી રજા આપી.

સમાપ્ત.

અબદુલનું નસીબ.

પ્રકરણ ૧ લું.

કલીફની બહાદુરી.

સેંકડો વરસ પર બગદાદ શેહેરમાંના સોનેરી પુલની આગળની એક ગળીમાંના ઘરમાં કાસીમ નામનો એક વેપારી વસ્તો હતો. તે એક મારગી હતો, અને સહવારના સક્કારેથી પોતાની નાની દુકાન ઉંઘાડતો અને રાત સુધી તે ત્યાં બેસીને વકરો કરતો હતો. વરસમાં એક વખત તે મોસલ અથવા શીરાઝ શેહેરમાં ગુલાબનું અત્તર લઈ જતો, અને તે પ્રવાહીના બદલામાં ભરતકામના જભાઓ ખરીદી લાવતો.

એવી એક મુસાફરી વેળા વણજારથી તે ઘોડો પાછળ પડયો હતો, તે વખતે રસ્તાની બાજુએ આવેલી એક ઘીચ ઝાડીની પછવાડેથી ઘોડાઓના પગલાંઓનો, મોટેથી ખંખારનો, તથા કુદાકુદ કરવાનો અવાજ તેણે સાંભળ્યો.

પોતાની તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢીને તે પેલી ઝાડીમાં ધીમેથી દાખળ થયો. ચોરો અને લુટારૂઓની ધાસ્તીને લીધે તે હમેશાં તલવાર પોતા સાથે રાખતો હતો.

ઝાડોની વચ્ચમાંના એક લીલાં નાનાં જેવાં મેદાનમાં એક ઘોડેસ્વાર ફીક્કા ભ્લુ પોશાકમાં સજ થયલો તેને માલમ પડયો; આ ઘોડેસ્વારે પોતાનાં માથાં પર એક પાઘડી મુકેલી હતી, જે પર ચલકાત ભરેલો એક હીરો મઢી લીધેલો હતો.

ઘોડો આરબી તાખમનો હતો, પણ તે વેળા આ જાનવરે પોતાની સુધ્ધી ગુમાવી દીધી હોય એમ જણાતું હતું.

સાંભળનારના દીલમાં ધસ્કો પડે એવા ખંખાર મારીને તે ઘોડો ઘણી મસ્તી કરતો હતો, જયારે તેના પીઠ પર સ્વાર થયલો મરદ તદન લાચાર થયલો દીસ્તો હતો. ઘોડાનાં નાક અને મ્હોંમાંથી લોહીના ભેળ સાથનું ફીણ નીકળતું હતું, અને તેનું કારણ ખુલ્લું હતું: સબબ તે ઘોડાની પુછડી આગળના ભાગ પર એક વાઘ ચઢી બેસીને ઘોડાને બાચકાં ભરતો હતો.

કાસીમ જો કે એક વેપારી બચ્ચો હતો, તોપણ તેનામાં સીપાહગીરી લોહી દોડતું હતું; તેથી પેલા ઘોડેસ્વારની મદદે તે હીમ્મતથી દોડયો, અને જોરથી તલવારનો એક સાબુત ફટકો વાઘનાં માથાની ખોપરી પર મારીને, તલવાર ફેંકી દઈ, તેણે ઝડપથી ઘોડાનાં મ્હોં આગળ જઈને લગામ મજબુત પકડી રાખી: આથી સ્વારને નીચે ઉતરવામાં ઘણી સવળતા થઈ. ત્યાર પછી બીધેલાં તે જાનવરને ઠંડું પાડીને તરફડયાં મારતા વાઘને બરાબર ઠાર કીધો.

પેલા ઘોડેસ્વારે પોતાના આ બચાવનારને પોતા સાથે આવવા અરજ કીધી.

'શીકાર રમતાં હું રસ્તો ભુલી ગયો' ઘોડેસ્વારે જણાવ્યું 'અને વાઘનો હું ભોગ થઈ પડતે, પણ તેટલાં અલ્લાહની બરકતથી તમે મારી મદદે વેલાસર આવી પુગી મારો પ્રાણ બચાવ્યો. તમારી બહાદુરી માટે હું તેનું લાયક ઇનામ બક્ષીશ. ચાલો! મારા સોબતીઓને આપણે શોધી કાઢયે; હું ધારૂં છું કે પેલાં જંગલની પછવાડે મારી છાવણી હોવી જોઇએ.'

'આવા પ્રસંગ પર કોઈ પણ માણસ એ પ્રમાણે કરતે; મેં કાંઈ તેમાં નવું કાંઈ કીધું નથી' કાસીમે કહયું 'અને તેથી મને કાંઇપણ ઇનામ જોઇતું નથી. મેં કાંઇ બક્ષેસની લાલચે એ કીધું નથી. પણ તમે તમારી છાવણીમાં લઈ જવા માગો છો તો હું ત્યાં આવીશ.

પેલો અજાણ્યો ઘોડેસ્વાર લગામ હાથમાં પકડીને ઘોડાને ચલાવતો કાસીમ એગે ગુપચુપ ચાલવા લાગ્યો. આખરે તેઓ એક ખુલ્લી જગ્યાએ જઇ પુગ્યા.

અહીં કેટલાક નાના તંબુઓની વચ્ચમાં નારંગીની રંગનો સુશોભીત એક મોટો તંબુ ઉભો કીધેલો કાસીમની નજરે પડયો.

ખુલુ ઝબ્બો પેહેર્યો પેલો ઘોડેસ્વાર જેવો છાવણી આગળ જઇ લાગ્યો કે કીમ્મતી પોશાક પેહેરેલા કેટલાક શખ્સો તેના પગ આગળ ગુંડણ મંડીયે બેઠા. પોતે કોણુને બચાવ્યો હતો તે વીશે કાસીમને ત્યારેજ ખ્યાલ ગયો. તે શાહ પોતે હતો!

કાસીમ પોતે પણ હવે તેમ કરવા જતો હતો. પણ તેટલામાં શાહ તેનો હાથ ઝાલીને તેને પોતાના તંબુમાં લઇ ગયો.

તંબુ કેટલો બધો કીમ્મતી સામાનથી આરાસ્તે કીધેલો હતો, તે જણાવવાની અહીં કસી જરૂર નથી.

પ્રકરણ ૨ જું.

બાદશાહી બક્ષિસ.

પણ તંબુમાંના સઘળા સામાનની બરાબર વચ્ચે પાંચ સ્ટાન્ડ મુકેલાં હતાં, જે દરેક પર અકેક દાબડો મુકેલો હતો. એક સોનાનો હતો, જે પર ઝવેરાત મઢેલું હતું; બીજો ફકત સોનાનો હતો; ત્રીજો રૂપાનો, ચોથો ત્રાંબાનો અને પાંચમો લોખંડનો હતો.

'આ સઘળા દાબડાઓમાંથી એક પસંદ કરો.' શાહે કહયું.

કાસીમ ધચુપચુ થયો. આખરે તે બોલ્યો: મેં જે કીધું તે માટે કાંઇ પણ ઇનામ લાયક નથી. પણ જો તમો નામવરની ઇચ્છાજ હોય તો ઓ શાહોના શાહ! એસીયાના પ્રકાશને જોવાની જે ટક મને મળી તેની યાદ દાખલ એ દાબડાઓમાંથી હું એક લઇશ.'

તે બોલ્યો, અને લોખંડનો દાબડો તેણે પસંદ કીધો.

શાહ ચમકયો. 'અરે અજાણ્યા!' શાહ બોલ્યો 'તારી નમ્રતાનો લાયક બદલો મળ્યો છે. સઉથી વધુ કીમ્મતી દાબડાને તેં પસંદ કીધો છે: કારણ કે આ બીજા સઘળા દાબડાઓ અંદરથી તદન ખાલી છે; પણ આ પસંદ કીધેલા દાબડામાં બે રત્ન છે, જે જાદુઇ અસર ધરાવે છે. એ બે ઝવેરો જેના હાથમાં હોય છે તે કલ્પી ન શકાય એવી સત્તા ધરાવે છે.'

એટલું બોલી શાહે તેનું ઢાંકણુ ઉઘાડયુ અને અચરતીમાં ગરક થયલા કાસીમને બે હીરા દેખાડયા.

'આ મુસલમાની હીરો છે'. શાહે જણાવ્યું 'જે કોઇ એ હીરો પોતાની પાઘડીનાં પડમાં વીંટાળી રાખે, તે વેળા આ એજમતી હીરા સાથની પાઘડી પેહેરનારને જ્યારથી દુન્યાં શરૂ થઇ ત્યારથી સઘળી ખરી હકીકતો તેને માલમ પડી આવે, અને દરેક જાતનું કુદરતને લગતું ખરૂં જ્ઞાન તે વેળા તે સંપાદન કરે. પણ આ બીજો હીરો, શાહે પોતાના હાથમાં ખબુતરના ઇંડાં જેટલો એક મોટો હીરો તે દાબડામાંથી ઉંચકી જણાવ્યું 'ધરાવનાર અખુત દોલતનો માલેક થઇ શકે. એ હીરો પણ જાદુઇ અસર ધરાવે છે. એને ઘસીને જેટલી પણ દોલત જોઇતી હોય તે માટે મોટેથી બોલતાં તેટલી તેને મળે છે.'

શાહે ત્યાર પછી એ બન્ને હીરાઓ પાછા પેલા લોખંડી દાબડામાં મેલી દીધા, તેનું ઢાંકણુ ઢાંકયું અને કાસીમ વેપારીને તે દાબડો સ્વાધીન કીધો. કાસીમે શાહનો ઘણો ઉપકાર માન્યો, અને તે કીમ્મતી દાબડો પોતાના ઝબ્બામાં સંતાડીને પોતાની વણજારને જઇ મળ્યો.

પ્રકરણ ૩ જું.

બક્ષિસની વેહેંચણી.

ઘેરે પુગ્યા પછી કાસીમ વારંવાર આ બાદશાહી બક્ષિસને જોયા કરતો, જેમ કરતાં એક વખત તેની નજર એ દાબડા પર ઘણુંજ

ઝીણા અક્ષરે છપેલા નીચલા વાકય પર પડી. તે આ મુજબઃ--

મરજી એવી અલ્લાની કે જેની પર વે
બક્ષેસ ને બખ્તની ને કીમતી કરે.
તેથી ઝાડ પર જયાં સુધી ખજુર ઉગશે,
ત્યાં તુલીક પુર્વ તેને પુર નમશે.

શાહ સાથની પોતાની મુલાકાતની વાત તેણે કોઈ આગળ કીધી નહીં, એટલુંજ નહીં પણ પેલા હીરાઓનું પાણી તપાસવા માટે તેનું મન થયું નહીં. તે એક કામ પર નીરધન હતો, જ્યારે બીજા કામ પર પોતાના પાડોસીઓ કરતાં વધુ દહાપણ દેખાડવા તેનું મન લલચાયું નહીં.

આખરે શાહના બગાવની બીનાની ખબર બગદાદ શેહેરમાં ફેલાઈ; એની સાથેજ બાદશાહી બક્ષેસનો હેવાલ પણ ઘણા જણના સાંભળવામાં આવ્યો, અને તેથી તેઓ આ વીચીત્ર બક્ષેસ પોતાની નજરે નજર જોવા કાસીમના ઘરમાં આવજાવ કરવા લાગ્યા.

આ બનાવને લીધે કાસીમના ઘરાકોની સંખ્યા એકદમ વધી ચાલી. સાત વરસમાં તેણે ઘરાકો મેળવ્યાં નહીં હતાં, તે કરતાં પણ વધુ જેટલાં ઘરાકો હવે એકજ દીવસમાં કોઈ કોઈ વેળા કાસીમ મેળવવા નસીબવંત થયો. તેનો દરરોજનો વકરો પેલા દાબડાની કીમ્મતનું બરાબર તોલ કરાવતો હતો.

પોતાની બાહાદુરીનું ઇનામ ઘણા વરસો સુધી કાસીમે ભોગવ્યું. તેના મરણ બાદ તેના વડા દીકરા અલીએ દરખાસ્ત કીધી કે તલેસ્માતીક હીરાઓ પાસા ફેંકી વેહેંચી લીયે.

પોતાના જ્ઞાન માટે કાસીમનો આ વડો બેટો ઘણો ઉંચો ખ્યાલ ધરાવતો હતો: તેથી ખરાં અંતકરણથી પેલો સુલેમાની હીરો પોતાને ભાગે આવે એવું ઇચ્છતો હતો.

બીજો બેટો હસુફ પૈસાનો પુંજારી હતો. પૈસા આવ્યા કે તેને મનસે સઘળું મળ્યું માટે બડે ભાઈની દરખાસ્ત તેણે ખાખુશીથી વીસ્કારી, અને પોતાના મનમાં પેલો બીજો હીરો આવે, એવી અલ્લાહ પાસે દુવા માંગવા લાગ્યો. જો નહીં આવે તો તવંગર બનાવનારો આ હીરો કેવી રીત મેળવવો, તેનો પણ તેણે વીચાર કરી મુકયો હતો.

પણ આ બન્ને ભાઈઓ પાસા ફેંકવાનું કામ જેવું શરૂ કરવા જતા હતા, તેટલાંજ તેમનો નાનો ભાઈ અબદુલ ત્યાં આવી લાગ્યો.

'પ્રીય ભાઈઓ!' તેણે કહયું 'આપણે ત્રણે ભાઈઓ છઈએ, અને હીરાઓ ફકટ બે છે. તેથી આપણા સુલેહ ભરેલાં કુટુંબમાં કલેસ નહીં થાય તે માટે એક જણે એ હીરાઓ મેળવવાના હક પરથી હાથ ઉઠાવવો જોઇએ. હું સઉથી નાનો છું: માટે આ હીરાઓ હું માગતો નથી. તમો બન્ને ભાઈઓને ભાગે કયો હીરો આવે છે તે માટે નસીબ અજમાવો; હું એમાંથી નીકળી જાવુંછું.'

અબદુલના બન્ને વડા ભાઈઓ આ સાંભળી ઘણા ખુશી થયા. ત્રણે ભાઈઓ નસીબના નવરંગ તપાસવા બેઠા. (૬૦ માં પાના પરનું ચીત્ર જુઓ).

પાસા ફેંકવામાં આવ્યા, અને બન્ને વડા ભાઈઓનાં સારાં નસીબે તેઓ જે હીરો મેળવવાની હોંસ રાખતા હતા, તેજ હીરો તેમને ભાગે આવ્યો.

'પણ મારા પ્યારા પેદરની બહાદુરીની યાદગીરી રાખવા માટે' નાના ભાઈએ હવે જણાવ્યું 'અને આ ખાલી દાબડો મારે ઘેર લઈ જવા દેવો, તમોએ એમાનો સંગીન માવો તો લઈ લીધો છે: માટે આ ખાલી દાબડો તમોને કસાં કામનો નથી.'

લાલસુ હસુફે પેહેલાં તો આનાકાની કીધી, પણ આખરે તે દાબડો નાના ભાઈ અબદુલને આપવા કબુલ કીધું.

થોડા દીવસ પછી પોતાના બાપની માલ મીલકત વેચીને, તેના ભાગ પાડી, ત્રણે ભાઇઓ છુટા પડયા, અને પોતપોતાનું ફોડી લેવા દુન્માંમાં બાહેર પડયા.

પ્રકરણ ૪ થું.

અલી કાસીમનો રકાસ.

પોતાથી નાના ભાઈઓથી છુટા પડયા પછી અલીએ કુમાસદાર મલમલનો એક ટુકડો વેચાતો લીધો, અને તેને પાઘડીના આકારમાં બદલી નાખીને, તેના પડમાં પેલો સુલતાની હીરો સીવી લીધો, અને પછી તે પાઘડી માથાં પર મજબુત બાંધી.

સુલતાની હીરાની સલામતી સારૂ આટલો બંદોબસ્ત કીધા પછી શેહેરના લોકોને પોતાના જ્ઞાનથી છક કરી નાખવાનો ઇરાદો કીધો, પણ તે અગાડી પોતાના ઘરમાંજ જ્ઞાનનો પ્રવાહ તેના મગજમાં કેટલો ચાલુ થાય છે તે તપાસતો ઉભો. અને 'યા અલ્લાહ?'

સુલતાની હીરાની શકતી પુર બાહારમાં તેના મગજમાં ખીલી નીકળી, અને અલી કાસીમ પોતેજ જાણે જ્ઞાનનો દરયાવ બની ગયો.

દરેક ચીજની મુળ ઉત્પતીની બીનાથી તે જાણીતો થયો એટલુંજ નહી પણ પાંચ ફીટ જાદી દીવાલોના ભીતરમાં પણ શું હતું તે તેની નજર આગળ ખુલ્લું થવા લાગ્યું.

સુલતાની હીરો માથાંપરજ રાખી મેળી કલીફના મેહેલનો અંદરનો દેખાવ જોવા તેણે ઇચ્છયું. તરતજ બાદશાહી મેહેલમાંના ઓરડાઓનું રાચ રચીલું અને તે ઘડીએ એ મેહેલમાં વસનારાંઓ તેની નજરે પડવા લાગ્યાં. તેણે વલી જોયું કે કલીફના મેહેલના કેટલાંક ભોંયરાંઓમાંની છુપી જગ્યાએ નવ હજાર દીનાર (સોનાના સીક્કાઓ) છુપાવેલા હતા, અને કલીફની બેટી નરગીસ આખા એસીઆ ખંડમાં સઉથી ખુબસુરત હતી; આથી તેને એક વીચાર સુજ પડયો, જે વીચારે તે અંજાઈ ગયો.

'જો હું મારૂં જ્ઞાન કલીફને દેખાડીને તેનો વડો વઝીર બનું અને છેલ્લે તેની આ મનમોહન બેટીને પરણું તો કેવું?' તેણે પોતાનાં મનસે વીચાર કીધો.

પણ આ સ્વપ્નાં સાથેજ તેનો અસલ વીચાર પણ ઉભરી નીકલ્યો. 'કલીફને મારાં જ્ઞાનથી છક કરવાની અગાઉ લોકોની વાહ-વાહી મારે મેળવવી જોઈએ કે જેથી કલીફ હજુર જવામાં સેહેલાઈ મળે.' તેણે વમાસ્યું.

તેણે હવે બજાર ભણી જવા ચાલુ મુકયું, અને શહેરના દરવાજાઓ આગળની સીહીડીના સઉથી ઉંચા પગથયાં પર ઉભો રહયો, અને ભાષણ કરવાની ઢપે હાથના ચાળા કરવા લાગ્યો. આથી લોકોનું ધ્યાન તેની તરફ ખેંચાયું, અને રફતે રફતે ટોળું વધતું ગયું. બોલવા માટે તે મ્હો ઉઘાડતો, પણ કેટલીક પલ સુધી તો ઉસકેરાટને લીધે તેનેથી કાંઈ બોલી શકાયું નહીં. આખરે એક ખંખાર મારી, હાથના ચાળા સાથે ઘાંટો તાણી તે બોલ્યો :

'તમો બગદાદીઓ ? તમો ધારો છો કે પૃથ્વીની આસપાસ આફતાબ ફરેછે, પણ તમે બેવકુફો છો : તમોને કશું જ્ઞાન નથી. ઓ બેવકુફ નાદાનો ! તમો મોટી ભુલ કરોછો ! અલ્લાહ સાચો છે, અને તેણે બનાવેલી ચીજોનો ખરો ભેદ હું જાણું છું. હું હમણા જે કહું છું તે પર ધ્યાન આપો. સુરજ સ્થીર છે, પણ લગભગ ગોળ ધરતી ફરે છે !'

અલી કાસીમનો વીચાર ભાષણ આગળ લંબાવવાનો હતો, પણ ટોળાંમાંથી નીકળતા અવાજે તેને અટકાવ્યો.

'અલી કાસીમનો હુરીઓ !' નાના પોરયાઓએ તાલીઓ ફોડી પોકાર કીધો.

'અલી દીવાનો બન્યો છે.' લોકો બોલ્યા 'એ શું બેવકુફી ભર્યું બોલે છે ? ચાલો, પેલા સીંહના ડાચાં આગળ એનું માથું ધર્યે કે એની સુધ્ધ ઠેકાણે આવે ?'

'બેરાદરો, સબુર !' એક ફ્રુટ વેચનારે પોતાના હાથમાં ધરેલી ટોપલીમાંથી એક નરમ નારંગી ઉંચકીને આબાદ આપણા આ ફીલસુફની પાઘડી પર મારતાં કહ્યું 'અલીકાસીમ ખરો છે; આ નારંગી પેઠેજ આફતાબ પણ ધીમે ફરેછે !'

પાકીને તદન કોહી જવાની અણી પર આવેલું રસદાર નારંગીએ અલીની પાઘડી તેના માથા પરથી ઉરાડી નાખી. (ચીત્ર માટે જુઓ

પાનું ૧૦ મું). પાઘડી ઉંચકી લેવા અલી વાંકો વલ્યો, પણ ફોકટ. નારંગીનું પાઘડી પર પડવું, એ અલીને સારી જેવી રીતે આખરે કરવાની શરૂઆતની નીશાન હતી. ટોલાંમાંના કેટલાક જવાન પુરૂષોએ પોતાના હાથનો સારો જેનો સવાદ ચખાડયો, જ્યારે છોકરાઓની 'મજાહ'નું તો પુછવુંજ શું?

ન ધારેલા આવા મારથી અલી તો ધભરાઈજ ગયો, અને તેણે ત્યાંથી બનતી ઉતાવળે પોબારા ગણવામાં સલામતી ધારી.

હાંફતો હાંફતો જ્યારે તે ઉંધાડે માથે ઘરે પુગ્યો ત્યારે કાદવથી તે તદન ખરડાઈ ગયો હતો, કપડાં પણ થોડાં ઘણાં ફાટી ગયાં હતાં. પણ તેને સહુથી વધુ દલગીર પેલો સુલતાની હીરો ગુમાવી દેવાથી ઉપજી હતી: કારણ કે પેલી પાઘડીમા એ કીમ્મતી પથ્થર તેણે મુંકયો હતો, કે જે પાઘડીનું શું થયું તે તે જાણી શકયો નહીં. કુદરતના આ પેહેલા કાયદાનાં ખરાં જ્ઞાનથી લોકોને આટલાં બધાં. અજ્ઞાન જોઈને તેને તેમનાં પર ઘણી ચીડ ચઢી. તેના શરીરના સાંધા કલવા અને તેને એક હકીમને બોલાવી તેની મારફત દવા દારૂ કરવાની ફરજ પાડી.

સાંજે થયા કેડે જ્યારે તે ઘરની બાહેર નીકલ્યો, ત્યારેજ તેણે જોયું કે તેના રકાસની વાત આખા શેહેરમાં પસરી ગઈ હતી, અને જ્યાં જ્યાં પણ તે જતો ત્યાં ત્યાં છોકરાંઓ તેની પછવાડે ચાલી મશકેરી તથા હુરીઓ કરતાં હતાં: આથી તે બીચારાને બીજે ગામ ઉપડી જવાની ફરજ પડી.

પ્રકરણ ૫ મું.

કાસીમના બીજા બેટા હસુફે જમેલો 'મેથી પાક.'

હવે આપણે હસુફ તરફ નજર ફેરવ્યે. પોતાના વડા ભાઈ અલી કરતાં તેણે વધુ સંભાળથી કામ બજાવ્યું. પૈસાનો પુંજારી હોવાથી કાંઈ ભલતી ચીજો ખરીડવાનું મન લલચાય નહી એવા ઈરાદાથી તે હમેસાં શેહેરની મોટી દુકાનોવાલા ભાગોમાં ફરતો હતો નહી. પણ હવે જ્યારે માંગે તેટલા પૈસા અપાવનારી કરામત (હીરો) તેના હાથમાં આવી હતી, ત્યારે શેહેરના ભપકાદાર ભાગોમાં ફરીને કાંઇ કીમ્મતી ચીજોની ખરીદી કરવા તેનું મન લલચાયું: તેટલા માટે તે પેહેલાં બજારમાં ગયો અને ત્યાં દરેક ચીજનો ભાવ પુછતો ચાલ્યો.

આખરે અતી મોંઘી કીમ્મતને લીધે એક ચીજે તેની પર ઘણી અસર કીધી. તે એક તરકીશ તલવાર હતી, જેના મુઠ અને મ્યાન પર એક જવેરીએ સારી કારીગીરીથી જીણા હીરા મઢી લીધા હતા. પણ કીમ્મતના પ્રમાણમાં ભાવ ઘણો આકરો હતો. ખંધો વેચનાર તેને માટે દોઢ હજાર દીનાર (સોનાના સીક્કા) માંગતો હતો; અને પાસે ઉભેલાઓ દલાઈને હસુફને જોતાં હતા, જે એ તલવાર આટલા મોંઘે દામે ખરીદવાનું સાટું કરતો હતો.

આ કીમ્મતી તલવાર હસુફ પોતાના હાથમાં આડી પકડીને તેના વજણની અટકલ કરતો હતો, તેજ વેળાએ લોકોના ટોળામાંથી એક પાલખી પસાર થઇ.

તેણે ફરીને તે તરફ નજર નાખી તો પરડાની એક થોડી ઉંધાડી બાજુએથી એક અતી ખુબસુરત નાજનીનનો ચેહેરો તેની નજરે પડયો.

તે કલીફની બેટી નરગીસ હતી એવું જ્યારે તેણે સાંભળ્યું, ત્યારે એ શાહજાદીને પરણવાનો વીચાર તેના મગજમાં પેવસ થયો. જોઈએ તેટલો ખજાનો મેળવી આપનાર પેલા તલેસમાતીક હીરાના ધણી સાથે પોતાની છોકરીના લગ્ન કરવા કલીફ કદી ના પાડશે નહીં એમ હસુફે વીચાર્યું.

પેલી તલવાર ખરીદવાનો હવે તેણે પકકો ઠરાવ કીધો. એ તલવારથી સજ થઈ ભપકામાં કલીફની આગળ જવા તેણે ઠરાવ્યું.

'કાલે સહવારના સકાળે હું અહીં આવીને આ તલવાર ખરીદીશ' હસુફે પેલા વેચનારને કહયું 'હાલ તો મારી પાસે પુરતા પૈસા નથી, પણ તે આજે સાંજના હું મેળવીશ. મેં

ધાર્યું હતુંજ કે આ તલવાર ઘણી મોંઘી હોવી જોઇએ.' તે મગરૂરીથી બોલ્યો.

ત્યાર પછી તે પાછો ઘરે ફરયો. થોડી વાર વીચાર કર્યા પછી પોતાના પાતળાં ગધેડાં પર ખોગીર નાખી અને બે ખાલી કોથલાઓ લટકાવ્યા.

આફતાબના કીરણો તે દીવસે ગુમ થવાની અણી પર આવેલાં હતાં તે વખતે, યાને સાંજનાં ઝઝકલું થવાને વખતે, વાડામાંથી તેણે હલવેથી એક ગધેડું હંકાર્યું અને જંગલમાં જવા ચાલુ મુકયું.

આસરે એક કલાક સુધી તેણે મંજલ કાપી, જેટલા વખતમાં પેલા તલેસમાતી હીરાની બરકતથી તે ઘણો તવંગર બની પણ ચુકયો છે એવો ખ્યાલ તેને આવ્યા કીધો. પણ તેની પુઠે પુઠે કાળા પોશાક પેહેરેલા ત્રણ શખ્સો આવતા હતા તે તેણે કદી જાણ્યું નહી. એ શખ્સોએ બઝારમાં પેલી તલવારની ખરીદીનાં સાટાંની બીના સાંભળી હતી, અને તે વખતથી તેઓએ હસ્રુફની હીલચાલ પર બારીક નજર રાખી મેલી.

નાની જેવી એક ઝાડી આગળ હસ્રુફ આખરે થોભ્યો, અને ગધેડાંને એક ઠડ સાથે બાંધીને તેણે એક ચાદર જમીન પર બીછાવી. ત્યાર પછી ગુંઠણ મંડયે પડીને અને પેલો તલેસ્માતી હીરો ધ્રુજતા હાથથી ઘસતો બોલ્યો: 'આ હીરાના એ જીવ! હજાર હજાર દીનારની વીશ કોડલીઓ તરતજ મારે માટે મોકળ!'

એક બે પલ સુધી તે થોભ્યો અને અંધારાંમાં તેણે કોઇનો ધીમેથી બોલવાનો અવાજ સાંભળયો એવું ધારી તે ધ્યાનથી સાંભળવા લાગ્યો. પણ સઘળું ચુપચાપ જોઇને તેણે પોતાની મુરાદ બીજી વખત જણાવી. પણ તેનો કસો ઉતર નહી મલવાથી ત્રીજી વખત તે પાછો પેલો વાકય બોલ્યો.

ભારી અવાજ સાથે કેટલીક ચીજો પડવાનો તેણે અવાજ સાંભળ્યો. અંધારામાં વાંકું વળી જોયું તો તેના પગ આગલ છલોછલ ભરેલી વીશ કોડલીઓ પડેલી હતી. તેણે એક ઉઘેડી જોઇ તો માસલ્લા! નવા ચળકતા દીનારોથી તે ભરેલી હતી.

ઉશકેરાઇ જઇ ઘણી ઝડપથી એ સગળી કોડલીઓ તેણે ગધેડાં પર લાધી અને પછી એ તાબેદાર જાનવરને ઘર તરફ હાંકવા શરૂ કીધું.

એકાએક તેણે કોઇના ધીમેથી વાતચીત કરવાનો અવાજ નજદીકમાં પરગરો સાંભલ્યો. તે ઉભો રહયો અને ધ્યાનથી સાંભળવા લાગ્યો.

સેજ પલમાં તેણે પોતાને કોઇના મજબુત હાથોથી સીકડાયલો અને જમીન પર પટકાયલો દીઠો, જયારે તેણે જોયું કે એક આકારે તેના ગધેડાંને પકડયું હતું. તેની પર હલ્લો કરનારાએ સરવે જણે મેસ લગાડીને પોતાના મ્હો કાળાં કીધાં હતાં, કે જેથી હસ્રુફ તેમને ઓલખી શકે નહીં.

બે જણાએ તેની પાઘડી, દગલો અને પીછોડી ખેંચી કાઢી, અને તેને સારો જેવો 'મેથી પાક જમાડી' ને ત્યાંજ પડતો નાંખ્યો. ત્યાર પછી જો તે મદદ માટે બુમ પાડશે તો તેનો જીવ લેવામાં આવશે એવી બીક આપી તેઓએ ત્યાંથી ચાલવા માંડયું.

થોડી વાર પછી ગુસ્સા અને બીકથી ધ્રુજતો ઉભો રહીને તેણે આસપાસ નજર ફેંકી તો ચોરો પેલાં ગધેડાં સાથે પહાડો તરફ જતા જણાયા.

હસ્રુફને સહુથી મોટું દુઃખ પોતાનો પેલો તીલસ્માતીક હીરો ગુમ થવાથી ઉપજ્યું હતું, જે તેણે પોતાના દગલાનાં ગજવાંમાં સંભાળીને મુકયો હતો.

ઘરે ગયા પછી કેટલાક દહાડા સુધી તે ત્યાંજ છુપાઇ બેઠો: કારણ કે મહોલાઓમાં અને બજારમાં પોતાનો ચેહેરો દેખાડવા તેને ઘણી શરમ લાગી.

એક દહાડે તે સોનેરી પુલની નજદીક માછલાં મારતો બેઠો હતો (કે જે ધંધો તેણે અખત્યાર કીધો હતો), તે વેળા પેલી તલવાર વેચનારનું ત્યાંથી જવું થયું. હસ્રુફને જોતાંજ તે ઉભો રહયો અને બોલ્યો: 'સલામ આલેકુમ, હસ્રુફ; પેલી તલવાર ખરીદવા કયારે આવશો?'

પણ હસૂફે એનો કસો ઉતર વાળ્યો નહી. તલવાર અને શાહજાદી નરગીસ, હસૂફ કાસીમને મનથી હવે સદાના ગુમ થયાં હતાં.

આખરે હસૂફે પણ પોતાના વડા ભાઇનો રાહ અખત્યાર કીધો: યાને તે પણ બગદાદ છોડી ગયો.

~~~~~~~~

પ્રકરણ ૬ ઠું.

અબદુલ પર લીલાં લેહેર.

કાસીમના બે વડા બેટાઓ પોતાની દોલત (તલેસમાતીક હીરાઓ) માટે રડી રહયા હતા, ત્યારે ત્રીજો અને સહુથી નાનો બેટો અબદુલ પોતાનાં નાનાં ઘરમાં બેસીને શું ધંધો કરવો તેના વીચારમાં ગુંટાયો હતો. પોતાના બાપના મરણ માટે તે ઘણો દલગીર હતો. ખાવા માટે રોજ રોટલી તો પેદા કરવી જોઇએ, પણ તે કેવી રીત?

તેની નજદીક એક નાની મેજ પર પેલો લોખંડી દાબડો મુકેલો હતો.

આ વખતે બારણું ઠોકવાનો અવાજ તેણે સાંભળ્યો, અને માઇકા બીન જહઝીલ નામનો યાહુદી અંદર દાખલ થયો; આ યાહુદીએ એક બે મહીના પર તેને થોડાંક નાણાં ધીરયાં હતાં, જે માટે ઉઘરાણી કરવા તે આવ્યો હતો.

'અબે અબદુલ!' યાહુદીએ ગંભીરપણે કહયું 'વખત ઘણો ખરાબ છે, અને રોકડાં નાણાંની દીન પર દીન અછટ થતી જાય છે. તમે જાણતા તો હશો કે મેં તમોને દશ દીનાર ધીરયા છે, અને તે માટે અહીં હું માંગવા' તે વધુ બોલતાં અચકી ગયો. તેની નજર પેલા લોખંડી દાબડા પર પડી અને તે ડોળા ફાડી જોવા લાગ્યો. પણ સેજ વારમાં ધ્યાન ઠેકાણે રાખી તેણે ફેરવી તોલ્યું: વારંવાર આવતે પણ નહી; હું એમાંનો માણસ નથી. હું તો તમોને કેહેવા ખામખા અહીં આવ્યો છું કે મને હાલ તમોને ધીરેલાં નાણાંની ઘણી જરૂર નથી. તમારે ગમે તો મને તે મહીના તો શું પણ વરસ પછી પણ આપશો તો ચાલશે, માટે એ ફીટાડવા તુરતા તુરત મેહેનત લેતા નાઃ કારણ કે કસી ઉતાવલ નથી.'

જ્યાજે નાણાં ધીરનાર આ યાહુદી નમ્યો, અને ત્યાંથી જતો રહયો. તેના મનમાં એમજ હતું કે પેલો દાબડો મશ્હુર તીલસમાતી હીરાઓ હજુ પણ ધરાવતો હતો. અને વાંચનાર! જણાવતાં વીસરી ગયાં છીએ કે કાસીમના બેટાઓએ હીરાઓ અને આ દાબડાની ચુપચુપ જે વેંહેંચણી કીધી, તે બીનાથી લોક તદન અજાણ્યું હતું અને કોઇએ તે બીના જાણી નહી હતી.

યાહુદીની વીતભાતમાં અચાનક થયલા ફેરફારથી પેહેલાં તો અબદુલ ઘણો અજબ થયો. પણ જ્યારે તેણે તેને પેલા લોખંડી દાબડા પર ટીકીને નજર નાખતો બે ચાર વાર જોયો ત્યારે તેના ફેરફારનું કારણ સમજી ગયો, અને તેનેથી મુછમાં હસાયા વના રેહેવાયું નહી.

તેજ સાંજે તેનો પાડોશી આવ્યો, જે કપડાં વેચવાનો ધંધો કરતો હતો. છેલ્લા થોડા મહીના થયાં તેણે તેની મુલાકાત લીધી નહી હતી.

'વ્હાલા મીત્ર!' તેણે કહયું, અને એક બંડલ અબદુલની હજુર ભોંય પર મેલ્યું 'પેલે દહાડે મારા ઘોડાએ મસ્તી કરી કાદવથી તમારો પોશાક ખરડી નાંખ્યો તે માટે માફ માગવા આવ્યો છું; એ જાનવર હજુ જવાન છે અને એને બરાબર કેલવવામાં આવ્યું નથી. તમારા ખરડાઇ ગયલા દગલાના બદલામાં હું એક નવો જામો લઇ આવ્યો છું, જે મારી ખાતરી છે કે તમોને પસંદ પડશે.'

ત્યાર પછી તે જતો રહયો. પોતાના પાડોશીના ઘોડાએ કયે દીવસે તેનો પોશાક ખરડી નાખ્યો હતો તે અબદુલ યાદ કરી શકયો નહી; પણ તે વધુ અજાયબ તો એ થયો કે જે શખ્સ માંગ્યા વગર આ ભપકાદાર જભ્ભો મુકી ગયો હતો, તે હલકાઇ માટે પુરતો જાણીતો થયલો હતો.
~~~~~~~~

બીજે દહાડે જ્યારે તે પેલો કીમ્મતી જભ્ભો પેહેરીને ઘરથી બાહેર નીકલવાની તૈયારી કરતો હતો, તે વખતે તેનો દુરનો એક સગો ભપકાદાર ઝુલ નાખી શણગારેલો એક ઘોડો લઈ આવ્યો, અને જાણે કેટલોએક અબદુલ પર ફીદા હોય તેમ ભેટીને બોલ્યો : 'અય બેરાદર ? તારો દેખાવ જોઈ મને તારી ઘણી દયા લાગેછે, તારા પ્રીય પીતાના મરણથી તુંને ગયલી ખોટ માટે તુંને મુંજાતો જોઈ હું ઘણો દુઃખી થાઉંછું. પણ એટલો બધો શોક કરવો માણસ જાતને લાજમ નથી. અલ્લાએ આપણને જીવ બક્ષ્યો છે, તેની પણ સંભાળ લેવી આપણને ઘટેછે. દુન્યાં છે : સઘળી ચીજોનો નાશ થાય છે અને તે થવોજ જોઈએ. તુંને થોડો ઘણો પણ હસ્તો કરવાથી હું ઘણો ખુશી થઈશ. આ ઘોડો તુંને ભેટ કરવા લાવ્યો છું ; એવા ઘોડા મારા તબેલામાં ઉભાઈ જાયછે, તેથી એક સગા તરફની આ નજીવી ભેટ મેહેરબાની કરી કબુલ રાખ.

અબદુલ કાસીમે તે લેવા ના પાડી હોત પણ તેનો સગો ત્યાંથી ઝડપથી જતો રહયો.

આ ખુબસુરત ઘોડાની લગામ પકડી અબદુલ હવે દરવાજા આગળ ઉભો, અને શું કરવું તેના વીચારમાં ગુંચાયો. તેની પર સ્વાર થઈ ફરવાની લાલચ તે ડોબાવી શકયો નહી : તેથી તે પર સ્વાર થઈ શેહેરમાં ફરવા તેણે ચાલું મુકયું.

સુશોભીત ઝુલ સાથના ઘોડા પર ભપકાદાર પોશાક પેહેરીને અબદુલને ફરતો જોઈ સર્વે જણાં અજબ થવા લાગ્યાં અને તેને ઓલખનારાઓ નમીને સલામ કરવા લાગ્યા.

કેટલાકો બોલતા સંભલાતા : 'મેં તમોને નહીં કહયું ? કાસીમનો સહુથી માનીતો બેટો હમેશાં અબદુલ હતો, અને તેથીજ નામવર શાહે આપેલી પેલી કીમ્મતી તલેસમાતીક ભેટ કાસીમે એ બેટાને આપેલી હોવી જોઈએ !'

હવે બીજી તરફ શું બન્યું તે જોઈએ.

પ્રકરણ ૭ મું.

હજામે આપેલી ખબર.

બીજે દહાડે સહવારના રેવાજ મુજબ કલીફ પોતાના મેહેલના એક ભાગમાં બેઠેલા જણાતા હતા. તેવણની નજદીક હજામ માથાંના બાળ સફાઈથી કાપવા માટે અસ્રાંને ચામડાં પર ઘસ્તો હતો. બીજા નાના ત્રણ હજુરયાઓએ કાંઈ ને કાંઈ ચીજો પકડી કલીફની નજદીક બેઠક લીધી હતી. બગદાદના હાકીમ કલીફ કરતાં તેના હજામનો ભપકો વધારે જણાતો હતો : અને તેમ શા માટે નહી ? શું હાકીમ સાહેબના 'ખાસ આસરા હેઠલ' શું આ હજામ ધંધો નહી કરતો હતો ?

બગદાદના હાકીમના હાથમાં રાજ કારોબાર ચલાવવાની એક સીવાય બીજી સઘળી સત્તા હતી : જે સત્તા નહી હતી તે પોતાના હાથ હેઠળનાઓને અને માનીતાઓને ખેતાબો બક્ષવા સંબંધે હતી. માઠાં ભાગ્યે તે વેળા સોના તથા રૂપાના ચાંદો બક્ષવાની રીત જાણીતી નહી હતી, નહીંતર માણસના ખવાસ મુજબ આપણી વાર્તાના આ કલીફ સાહેબ પણ પોતાના આ હજામને જરૂર કાંઈ ખેતાબની બક્ષીસ કરતેઃ કારણ કે સાધારણ વીચાર મુજબ બીજાઓ કરતાં હજામો આવા ખેતાબો માટે બરાબર લાયક છે. તેઓ દાઢી તથા તેમજ માથાં બોડે છે, એટલુંજ નહી પણ આગળ તેમનો સ્વાધીનમાં તબીબી ઉત્તમ ધંધો વટીક હતો અને હાલ પણ કેટલેક ઠેકાણે છે. એ સીવાય સારાં ગામની ખબર ધરાવવાનું માન પણ તે ધરાવે છે. પણ આપણે આપણી બાબદથી જરા વેગલાં ગયલાં કોઈ ધારે નહી, માટે વાત આગળ ચલાવીશું.

અસ્રા બરાબર કરીને હાકમ સાહેબના આ હજામે બાદશાહી માથાં બોડવાનું કામ શરૂ કીધું, અને હાકમ સાહેબે પણ હમેસ મુજબ વાતચીત ચલાવી.

'કેમ, હમણા મારી રૈયત શા બાબદસર મુખ્ય વાત કરે છે ?'

હજામે જમીન સાથે નાચસની કીધી અને કહયું : ઇસલામીઓના એ શેહેનશાહ ! તમારાં ડહાપણ અને ઉદારતા સીવાય બીજી શી વાત કરે ?'



ત્રણે ભાઇઓ નસીબના નવરંગ તપાસવા બેઠા. (પાનું ૫૪).



પાકેલાં રસદાર નારંગીથી અલીની ભૂખ ઉડી ગઇ! (પાનું ૫૫).

'કેમ, એ ગધેધા!' કલીફે કહ્યું. હજામ-નો આ વાકય તેણે કાંઇ સેંકડો વખત સાંભળ્યો હતો. 'હું પુછું છું તેનો સીધો ઉતર કેમ નહી વાલતો? મારી રૈયત હમણા મુખ્ય શી બાબદ સર વાત કરે છે?' (ચીત્ર માટે જુઓ નીચે).

'તમારી જુટીનાં બાકસાંર-અંદાઓ' હજામે અચકીને ઉતર વાળ્યો 'હાલ તો તમારા નોકર અબદુલ કાસીમના નસીબ વીશે બસ બોલ્યા કરેછે. તમો ખુલંદ નામવરની રૈયતમાં સઉથી ડાહ્યા અને તવંગર તેઓ તેને ગણે છે.'

'અબદુલ કાસીમ?' કલીફે પુછ્યું 'એ કોણ? તેનું નામ પણ હું જાણતો નથી.'



'કેમ, એ ગધેધા!' કલીફે કહ્યું.

'જેહાંપના શાહે કાસીમ નામના જે શખ્સને એક તલેસમાતીક દાબડો એક વખત બક્ષીસ કીધો હતો, તેનો એ અબદુલ સઉથી નાનો બેટો થાય છે.'

'શા સબબ સર આવ્યો?' કલીફે પુછ્યું.

હજામે સઘળી બીના જણાવી, જે વાંચનારને બેશક યાદ હોવી જોઇએ. કલીફે ઘણા ધ્યાનથી સઘળું સાંભળ્યું. માથું બોડાવ્યા પછી અને હજામને રૂખસદ આપ્યા પછી તેણે વડા વજીર પર પેગામ મોકલી તરત હાજર થવા હોકમ મોકલ્યો.

વઝીર આવ્યો અને તેણે હજામની વાતને ટેકો આપ્યો.

'જેહાંપનાહ, શાહે આપેલો તીલસમાતીક દાબડો ધરાવનાર અબદુલ કાસીમ આ દુન્યાંમાં શું બને છે તે સઘળું જાણી શકે છે, અને જ્યારે પણ તેને કાંઈ ચીજની જરૂર હોય તો ફકત પેલો હીરો ઘસીને પોતાની ઇચ્છા જણાવવાથી તરતજ તે ચીજ તેની હજુરમાં આવી પડે છે.

કલીફ ગંભીર બન્યો.

'વઝીર ? એ શખ્સ મને ગાદી પરથી ઉઠાડી મેલશે, એમ તું ધારે છે ? જો હું એને મારા મેહેલમાં વસવા દેઉં અને મારી બેટી સાથે એના લગ્ન કરાવું તો કેમ ?

વઝીરને પણ આ સલાહ પસંદ પડી અને તેણે એ કામ માથે ઉઠાવ્યું.

અબદુલ કાસીમને જ્યારે જણાવવામાં આવ્યું કે કલીફે તેને પોતાના મેહેલમાં વસવા પરવાનગી આપી છે અને તેને મળવા માટે કલીફ વાટ જોય છે, ત્યારે તે ઘણો અજબ થયો. તોપણ તેને એ ખબર મોટા સરકારી અમલદારોએ જાતે કરી હતી : એટલે તેના મનમાં કસો શક રહયો નહી.

તેજ સાંજે કલીફનો આ નવો માનીતો પોતાના હાથમા પેલો દાબડો લઈ, ઘોડે સ્વાર થઇ, લોકોની ખુશાલીના પોકારો વચ્ચે કલીફના મેહેલમાં દાખલ થયો. તેની પુઠેજ તેનો થોડો ઘણો સામાન લઇ એક ગાડું મેહેલના કમ્પાઉન્ડમાં દાખલ થયું.

પ્રકરણ ૮ મું.

અબદુલ મેહેલમાં વસવા જાય છે.

અબદુલ કાસીમે મેહેલમાં જેવો પગ મેલ્યો કે કેટલાક સીધી ગુલામો તેનાં પગને ચુમ્યા, ઘણોજ ભપકાદાર પોશાક પેહેડલો એક ગુલામ તેને એક ઓરડામાં ઘણી આગતાસ્વાગતા સાથે લઇ ગયો, જ્યાં બહુ સ્વાદીષ્ટ ખાણાઓ પીરસવામાં આવેલાં અબદુલે જોયાં.

તે દહાડે અબદુલે જેટલું ખાધું તેટલું આગળ કોઇ વેળા ખાધું નહી હતું. પણ આ બક્ષેસ માટે તે બારેહકતાલાની બંદગી કરવા ભુલ્યો નહી હતો.

તેના ઓરડામાં મેલવામાં આવેલો ભપકાદાર પોશાક પેહેડી બીજે દીને સહવારે કલીફને ભેટવા કેટલાક ગુલામો સાથે અબદુલ ચાલ્યો. દીવાનખાનામાં તેણે એક ઘણી કીમ્તી તલવાર મુકેલી જોઇ, જે તેણે પોતાના પોશાક સાથે લટકાવી.

બગદાદીઓનો હાકેમ એક તખ્ત પર બેસીને પોતાની રૈયતનો ઇનસાફ કરતો હતો. કલીફ નજરે પડતાંજ અબદુલ તેની આગળ ઝડપથી જઇ તેને પગે પડવા જતો હતો, પણ તરતજ કલીફે તખ્તના ત્રણ પગઠયાં નીચે ઉતરીને તેમ કરતો અટકાવ્યો, અને તેનો હાથ પોતાના હાથમાં લીધો.

'સોનેરી પુલની નજદીક કાસીમ નામનો જે વેપારી રેહેતો હતો તેના તમે બેટા થાવો કે ?'

'હા, નામવર. હું તેનો સઉથી નાનો બેટો. નામ અબદુલ ;' તેણે ઉતર વાલ્યો. 'આપ નામવરે તમારા બાકી બંદાપર જે મેહેરબાની કરી છે, તે માટે તમારો ગુલામ ઘણોજ આભારી થયો છે.'

'તમારી વાખવાખી મેં ઘણી સાંભળીને હું ઘણો ખુશી થયો છું.' પોતાના સઘળા હજુરયાઓને જતા રેહેવા કહીને એખલો પડતાં કલીફે અબદુલને કહયું 'પેલા તલેસમાતીક હીરાઓથી તમે જે સત્તા ધરાવી શકો છો, તે હીરાઓ જરા મને દેખાડવાની મેહેરબાની કરશો ?'

'તમો કયા હીરા વીશે બોલો છો ?' અબદુલ કાસીમે અચરતીથી પુછયું.

'કયા ?' કલીફે હસીને ઉતર વાલ્યો 'વળી તમારા પીતા જે હીરાઓ તમોને આપી ગયા છે તે.'

અબદુલ તો આ સાંભળી ડોળા ફાડી જોવા લાગ્યો. ત્યારે કલીફ પોતે પણ ધારતો હતો કે અબદુલના સ્વાધીનમાં પેલા હીરાઓ

હતા? આથી પેહલાંથીજ કલીફની ભુલ ભાંજવા માટે તેણે પોતે કુટુંબમાં કલેશ નહી થાય એવી આશાથી કેવી રીતે તે હીરાઓ માટે ભાઈઓ પર દાવો નહી કીધો હતો, તે સઘળી બીના બગદાદના એ હાકમને જણાવી.

'પણ પેલા યાહુદીએ તો એ દાબડો તમારાં ઘરમાં જોયો હતો!'

'એ તેણે જોયો હતો' અબદુલે ઉતર વાલ્યો 'મારા પીતાની યાદગારી જાલવી રાખવા અરથે એ દાબડો મેં મારી પાસે રાખવા માગી લીધો હતો.

કલીફ હજુ શકમંદ જણાયો. એ દાબડો લાવવા માટે તેણે અબદુલના ઉતારાવાલાં મકાનમાં એક ગુલામને મોકલ્યો. ગુલામ તે લઈ આવ્યો અને કલીફના પગ આગળ મેલીને ત્યાંથી જતો રહયો.

કલીફે તેનું ઢાંકણ ઉપાડયું અને અંદર નજર કીધી. ખરેખર! તે ખાલી હતો.

તોપણ કલીફની નજર નીચલા કલામ પર પડી:

મરજી એવી અલ્લાની કે જેની પર તે
બક્ષીસ જે જાયુકની ને કીમતી કરે.
તેથી ઝાડ પર જયાં સુધી ખજુર ઉગશે,
ત્યાં તુલીક પુર્વ તેને પુર નમશે.

તેણે તે બે વખત વાંચી અને પછી અબદુલના મોહોં ગમી જોયું.

'અબદુલ કાસીમ!' તેણે ગંભીરાઈથી જણાવ્યું 'આ દુન્યામાં જે પણ કીમ્મતી નંગો હશે, તે સઘળાં કરતાં તારાં હઈયાંમાં સઉથી વધુ કીમ્મતી નંગો છે. તારા ભાઈઓ પરના તારા હેતને લીધે તેં કીમ્મતી જવાહીરો આપી દીધાં, અને તારા પીતાની યાદ રાખવા માટે તેં આ દેખીતી રીતે નજીવી કીમ્મતના દાબડાને સંભાળીને રાખ્યો. પણ તારાં આ હાતમ દીલથી ખુશ થઈ અલ્લાહે આ લોખંડી દાબડાની મારફતે તુંને સત્તા અને દોલત અપાવવા પસંદ કીધું છે. તુંને મદદ નહી કરવા મારેથી ના પડાય નહી. મારા સ્વાધીનમાં જે સઉથી કીમ્મતી બક્ષેસ છે તે હું તારે સ્વાધીન કરીશ—મારી બેટીના નેકાહ તારી સાથે કરાવવામાં આવશે.'

એટલું બોલી કલીફે તાબડા ફોડી ઝનાનાના વડા હીજડાને બોલાવ્યો અને પોતાની એક પુરી બેટી શાહજાદી ઝોબીડાને બીજે દાને દરબારવાલાં દીવાનખાનાંમાં લઈ જવા હુકમ કીધો.

પ્રકરણ છેલ્લું.

કલીફનો જમાઇ અબદુલ.

શાહજાદી ઝોબીડીએ આખી રાત રડવામાં પસાર કીધી: કારણ કે તેણીએ સાંભળ્યું હતું કે તેણીનાં લગન એક અજાણ્યા સાથે કરવામાં આવનાર હતાં.

લગનનો વીચાર તેણીને દુખતાવનારો હતો: સબબ, કલીફનું એક પુરૂં ફરજંદ તેણી હોવાથી તેણીને તરેહવાર લાડ લડાવી છકાવી મેલેલી હતી, અને તેથી પોતાના બાપનો આસરો છોડી જવાને તેણી તદન નારાજ હતી.

બીજે દીને સહવારના દરબારવાલાં દીવાનખાનાંમાં ગોઠવણ મુજબ અબદુલ દાખલ થયો. તેના આવ્યાની અગાડી કલીફ પોતાની બેટીને સમજાવતો બેઠેલોજ હતો: (ચીત્ર માટે જુઓ પ્રસ્તાવનાની સામેનું પાનું). ત્યાં તેણે કલીફ અને શાહજાદી ઝોબીડીને વાતચીત કરતાં બેઠેલાં દીઠાં. શાહજાદીની ખુબસુરતીથી તે જોતાં વારજ છક થઈ ગયો. બગદાદ શેહેરમાં તેણે એ શાહજાદીની ખુબસુરતીની ઘણી વખાણ સાંભળી હતી, પણ તેને હવે નજરે જોવાથી માલમ પડયું કે પોતે જેટલી ખુબસુરત તેણીને ધારતો હતો, તે કરતાં પણ વધુ તેણી ખુબસુરત હતી.

શાહજાદી ઘણી દુઃખી હતી, છતાં દીવાનખાનામાં અબદુલનાં આવી પોહોંચવાનો અવાજ સાંભળી તેણીની આતુરતા વધી અને તેણીએ તે તરફ નજર નાખી.

અબદુલનો ચેહેરો જોઇ તેણી નીરાશ થયલી દીસી નહી. અબદુલ જે પોતાની તલવાર પર અઠીંગીને ઉભો હતો તે તરફ તેણીએ બારી આંખે જોયું અને રફતે રફતે તેણીનાં ડચકાં નરમ પડવાં લાગ્યાં.

આખરે તેણીએ ખડી બેસીને પોતાના પીતાનો હાથ ધરયો અને બોલી: "વહાલા પીતાજી! તમારે ગમે તેની સાથે મારા નેકા કરો; લોકો તમોને 'એકનો એક ડાહ્યો પુરૂષ' કહે છે તે કાંઇ કારણ વગર નથી."

અને આ સમાણે અબદુલના લગ્ન શાહજાદી ઓબીદા સાથે થયાં. પણ તેણી યા બીજું કોઇ પણ (અબદુલ અને કલીફ સીવાય) જાણી શક્યું નહી કે જે દાબડાની બરકતથી અબદુલનું નસીબ ફરી ગયું હતું તે દાબડો ખાલી હતો. દાબડો ખાલી હતો એ બીના બીજા બે જણા જે જાણતા હતા તે અબદુલના પેલા ભાઇઓ હતા. કલીફે પોતાના જમાઇને મજબુત સલાહ આપી કે 'એ દાબડો ખાલી છે એમ કદી કોઇ આગળ કહેવું નહી.'

બીજાં પાંચ વરસ ગયા કેડે પોતાની જઇફીના બોજા નીચે કચડાયાથી પોતાની હૈયાતીમાં કલીફે રાજની લગામ અબદુલને સોંપી અને પોતે એકાંતમાં જીંદગી ગુજારવા લાગ્યો.

આથી બન્યું એમ કે પેલા દાબડા પરના કલામ ખરા પડયા.

અબદુલે લોકપ્રીય રીતે ઘણાં ઘણા વરસો સુધી બગદાદમાં રાજ્ય ચલાવ્યું અને સઘળા રાજ્યગાદી પર બેહેલાઓમાં તે સઉથી ડહાપણ અને ઇનસાફવાલો ગણાવા લાગ્યો.

અલ્લાહ સઘળે છે, અને તેના ડહાપણનો પાર નથી!

સમાપ્ત.

મુંબઈ: કાલકાદેવી, રીપન પ્રીન્ટીંગ પ્રેસમાં મળશે.

પુસ્તકનું નામ.	રૂ.	આ.	પૈ.
બાર વાર્તાઓ (૧૧ ચીત્રો સાથે)	૦	૬	૦
ફીલ્લીપ્પાની ફરજ	૦	૮	૦
નાના નોવેલો	૦	૮	૦
ભંગી, ગાયન અને માર	૦	૨	૦
સર્વ વિદ્યામાળા અથવા ગુજરાતી 'સાઇકલોપીડયા'	૧	૮	૦
ઇન્ડીયન નાઇટસ યાને હીન્દી વાર્તાઓ	૦	૧૦	૦
પાંડુરંગ હરી	૦	૮	૦
એહલકાકા...	૦	૪	૦
મારી મસ્તીની મોસમ તથા મગરૂર મેરીયા	૦	૮	૦
ભવીષ્ય પોથી	૦	૧	૦
રસીલો રંગ મંડપ	૦	૬	૦
આપઘાતમાં સમાયલા જોખમો	૦	૨	૦
પારસીઓમાં નીતીનું ધોરણ....	૦	૨	૦
બઇરી શી ને વાત શી?	૦	૨	૦
તોપખાનાનો ભંડાર	૦	૧૨	૦
પાક ખોરદેહ અવસ્તા બચ્ચાંની	૦	૨	૬
„ „ „ મોટી....	૧	૦	૦
સર્વોપયોગી નુસખા સંગ્રહ	૧	૪	૦
ચેરાગ (માળા ૧ લી)...	૧	૦	૦
ચેરાગ (માળા ૨ જી)...	૦	૧૨	૦

કાઉન્ટ ઓવ મોંટે ક્રીસ્તો (ચીત્રો સાથે છપાયછે

"માલી મહારી યાને ૧૮૫૭ નો બલવો"
ચીત્રો સાથે છપાય છે.

"ચંચલ ગ્રંથ" છપાય છે.

ગુલ અફશાન.

અધીપતી:—ડી. એન. પટેલ.

બીગો બીચ છપાતાં આ ગુજરાતી માસીક ચોપાન્યામાં અતિ રસીક સંપુરણ વારતા, નવી નવી શોધોને લગતા ફકરાઓ, કવિતાઓ, વિદ્યા, હુન્નર, તવારીખ, વગેરે આપવામાં આવે છે

એનું વરસ અકટોબરથી શરૂ થાય છે.

કીમ્મત:

વરસ ૧ નો ફકત રૂપીઓ ૧.

છુટક નકલના આના બાર.

પોસ્તેજ: હીન્દુસ્થાન, એડન, બરમા, તથા સીલોનમાં આઠ આના વધુ.

વાર્તા-માળા.

ચીત્રો સાથે.

અધીપતી—માણેકજી એમ૦ વાછા.

વારતાના શોખીનોને પસંદ થઇ પડેલું આ માસીક ચોપાન્યું "ગુલ અફશાન" સાથે દર મહીને ૧૬ પાનામાં બાહેર પડે છે. એમાં ફકત રસીલી, અને રમુજ સાથે જ્ઞાન મળે એવી ચુંટી કહાડેલી વારતાઓ આવેછે.

કીમ્મત:

"ગુલ અફશાન" ના કોઇ પણ ઠેકાણેના ગ્રાહકોએ ફકત આના આઠ મોકલવા.

પોસ્ટેજ: મફત.